બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*

**નવેમ્બર-૨૦૨૫**

જમાદિઉલ્ અવ્વલ - જમાદિઉલ આખર

હિજરી સન : ૧૪૪૭

વર્ષ : ૨૨, અંક : ૧૧, સળંગ અંક : ૨૬૨

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000301

ISLAMIC WELFARE MISSION

IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |

**: માનદ તંત્રી :**

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)

## અનુક્રમણિકા

01 હદીષ : لولاک لما خلقت الافلاک ની હકીકત તથા હૈસિયત 04

02 મુસ્તફા જાને રહમત صلی اللہ علیہ وسلم ની તાઝીમ તથા તૌકીર 06

03 વો ઘટાએં ઉસે મંઝૂર હૈ બળ્હાના તેરા 14

04 ઈસ્લામની તબ્લીગમાં રસૂલ صلی اللہ علیہ وسلم તથા સહાબાએ વેઠેલી તકલીફો અને આપણે 22

05 આવો ! આશિકે રસૂલ છો.... તો સુન્નતોને અપનાવો 29

06 ઈસ્લામના પયગંબર પશ્ચિમી બુધ્ધિજીવીઓની દૃષ્ટિમાં 32

07 ગૈર મુસ્લિમોમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની લોકપ્રિયતા 35

08 મોહસિને કાઈનાત صلی اللہ علیہ وسلم અને જાનવરોના હક્કો 38

09 શું તમે આશિકે રસૂલ છે ?! લો જોઈ લો, ખરેખર આશિક કેવા હોય છે ?! 41

10 બરકાતે ખ્વાજા ટપાલ 50

## દિલ મેં હો યાદ તેરી ગોશએ તન્હાઈ હો

દિલ મેં હો યાદ તેરી ગોશએ તન્હાઈ હો
ફિર તો ખલ્વત મેં અજબ અંજુમન આરાઈ હો
કભી ઐસા ન હુવા ઉન કે કરમ કે સદકે
હાથ કે ફૈલનેસે પેહલે ન ભીક આઈ હો
આજ જો ઐબ કિસી પર નહીં ખુલને દેતે
કબ વો ચાહેંગે મેરી હશ્ર મેં રૂસ્વાઈ હો
ઉસ કી કિસ્મત પે ફિદા તખ્તે શહી કી રાહત
ખાકે તયબહ પે જિસે ચૈન કી નીંદ આઈ હો
આસ્તાને પે તેરે સર હો અજલ આઈ હો
ઔર અય જાને જહાં તૂ ભી તમાશાઈ હો
યહી મંઝૂર થા કુદરત કો કે સાયા ન બને
ઐસે યકતા કે લિયે ઐસી હી યકતાઈ હો
બંદ જબ ખ્વાબે અજલ સે હો 'હસન' કી આંખેં
ઉસ કી નઝરોં મેં તેરા જલ્વએ ઝૈબાઈ હો

અઝ : ઉસ્તાદે ઝમન હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ

# હદીષ : "لولاک لما خلقت الافلاک"ની હકીકત તથા હૈસિયત

## મુહમ્મદ ﷺ ન હોત તો કાંઈ જ ન હોત

તંત્રી લેખ.....

لولاک لما خلقت الافلاک (હે મહબૂબ ! જો તમે ન હોત તો હું આસ્માનો ન બનાવત) હદીષ રૂપે ઘણી મશહૂર છે પરંતું અમુક મુહદ્દિષોએ એનામાં ચર્ચા કરી છે અને કહ્યું છે કે આ શબ્દો સાથે મુહદ્દિષો નજીક આ હદીષ સાબિત નથી. હા ! સનદુલ ફુકહા વલ્ મુહદ્દિષીન મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ તથા અન્ય મુહદ્દિષોએ આ હદીષને અર્થના એતબારથી દુરુસ્ત ઠરાવી છે. અને આ હવાલાથી હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત ઉમર તથા હઝરત સલ્માન رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી મરફૂઅ રિવાયતો અને હઝરત હઝરત અલી کرم اللہ وجہہ الکریم નો એક અષર પણ રજૂ કરેલ છે. મુલ્લા અલી કારી જણાવે છે : હદીષ "લવલાક લમા ખલકતુલ અફલાક......"ના વિશે ઈમામ સગાનીની રાય છે કે એ મૌઝૂઅ છે, જેમ કે "ખુલાસા"માં છે, પરંતું એ હદીષ અર્થના એતબારથી દુરુસ્ત છે. ઈમામ દયલમીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરફૂઅન રિવાયત કરી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "મારી પાસે જિબ્રઈલ આવ્યા અને કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ **જો આપ ન હોત તો જન્નત અને દોઝખનું સર્જન ન થાત."** ઈમામ ઈબ્ને અસાકિરની રિવાયતમાં છે કે **"જો મુહમ્મદ ﷺ ન હોત તો દુનિયાનું સર્જન ન થાત."** *(અસ્રારુલ મરફૂઆ ફી અખ્બારિલ મૌઝૂઆ–પેજ : ૨૮૮)*

કશ્ફુલ ખફા લિલ અજલૂનીમાં છે : "હુઝૂર નબી કરીમ ﷺ ફર્માવે છે, જિબ્રઈલે મને કહ્યું કે, "જો આપ ન હોત તો જન્નત તથા દોઝખ પેદા કરવામાં ન આવત." *(પેજ–૫૯)*

અલ્મુસ્તદરક લિલ્હાકિમમાં છે : "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે અલ્લાહ عزوجل એ હઝરત ઈસા علیہ السلام ની પાસે વહી નાઝિલ કરી કે હે ઈસા ! મુહમ્મદ (ﷺ) પર ઈમાન લાવો ! અને તમારી ઉમ્મતમાંથી જે લોકો તેમને પામે તેઓ એમના પર ઈમાન લાવે. **જો મુહમ્મદ ﷺ ન હોત તો હું જન્નત તથા દોઝખને પેદા ન કરત.** જ્યારે મેં અર્શને પાણી પર પેદા કર્યું તો તે હલવા લાગ્યું. તેના પર મેં "લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ" લખી આપ્યું તો સ્થિર થઈ ગયું. *(પેજ–૭૨૨)*

કન્ઝુલ ઉમ્માલમાં છે : હુઝૂર નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે, મારી પાસે જિબ્રઈલ આવીને બોલ્યા, "જો આપ ન હોત તો જન્નત તથા દોઝખનું સર્જન ન થાત."*(૧૧/૪૩૧)*

નીચેની રિવાયતથી પણ આ રિવાયતોનું સમર્થન થાય છે. જેમ કે ઈમામ મુત્તકી હિંદીએ કન્ઝુલ ઉમ્માલમાં અને અબૂ નુઐમે દલાઈલુન્નબુવ્વતમાં નકલ કર્યું છે : જ્યારે હઝરત આદમ علیہ السلام થી લગ્ઝિશ થઈ તો બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી, હે મારા રબ ! જનાબ મુહમ્મદ મુસ્તફા ﷺના સદકે મારી મગફિરત ફર્માવ. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ઈર્શાદ ફર્માવ્યું : હે આદમ ! તમે મુહમ્મદ (ﷺ)ને કેવી રીતે ઓળખ્યા ? જ્યારે કે મેં હજી તેમને દુનિયામાં મોકલ્યા પણ નથી ! એના પર હઝરત આદમ علیہ السلام એ અર્ઝ કરી, મૌલા ! જ્યારે તેં મને તારા દસ્તે કુદરતથી પેદા કર્યો અને મારામાં રૂહ નાખી તો મેં અર્શના પાયાઓ પર "લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ" લખેલું જોયું. જેથી હું જાણી ગયો કે જે જાતના નામને તેં તારા નામની સાથે જોડાયેલુ તથા સંબંધિત કર્યું છે તો તે તારી નજીક અફઝલ અને મહબૂબતરીન હસ્તી છે. એના પર અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ફર્માવ્યું, બેશક ! તે મારો મહબૂબતરીન બંદો છે. હે આદમ ! જ્યારે તમે એમના વસીલાથી મગફિરત માગી છે તો મેં તમને બખ્શી આપ્યા. **જો મુહમ્મદ (ﷺ) ન હોત તો હું તમને પેદા ન કરત.**

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે પોતાના મહબૂબ ﷺને અગણિત ફઝાઈલ તથા વિશિષ્ટતાઓથી નવાઝયા છે. આપ ﷺ અલ્લાહ عزوجل ના નાઈબે મુત્લક, મઝહરે ઝાતે ઈલાહી, અફઝલુલ અંબિયા વલ મુરસલીન અને સૃષ્ટિના સર્જનનો સબબ છે. બંને જહાન આપના સદકામાં અસ્તિત્વ પામ્યાં. જો આપને પેદા કરવામાં ન આવત તો આ દુનિયા પણ અસ્તિત્વમાં ન આવત. અહલે સુન્નત વજમાઅતનો આ પાયાનો અકીદો છે.

લતાઈફે અશરફીની વર્ણવેલ હદીષમાં (લવલાક....)માં આ ભાવાર્થની સ્પષ્ટતા કરવામાં આવી છે. આશિકે રસૂલ ઈમામ બુસૈરી رحمۃ اللہ علیہએ સમયના મશહૂર પોતાના કસીદા બુર્દા શરીફમાં આ જ હકીકતની પ્રતિ નિર્દેશ કર્યો છે : وَكَيْفَ تَدْعُو إِلَى الدُّنْيَا ضَرُورَةُ مَنْ لَوْلَاهُ لَمْ تُخْرَجِ الدُّنْيَا مِنَ الْعَدَمِ (અર્થ) : કોઈ જરૂરત આપને દુનિયાની તરફ કેવી રીતે બોલાવી શકે છે જ્યારે કે આપના મકામો મર્તબાનો એ આલમ છે કે જો આપ ન હોત તો આ દુનિયા અનઅસ્તિત્વમાંથી અસ્તિત્વમાં જ ન આવત.

હુઝૂર નબીયે કરીમ ﷺ સૃષ્ટિના સર્જનનો સબબ પણ છે અને પૂરી કાઈનાતના અસલ તથા જૌહર પણ છે. આ ટૂંકી વિગતને કેટલીક તફસીલ એ છે કે અલ્લાહ ﷻએ પોતાના નૂરથી સૌ પ્રથમ પોતાના મહબૂબ ﷺના નૂરને પેદા કર્યું અને પછી નબીના નૂરથી પૂરી સૃષ્ટિનું સર્જન કર્યું. જેથી આપ વજહે કુન ફકાં પણ છે અને સૃષ્ટિના સર્જનનો સબબ પણ, કાઈનાતની જાન અને કાઈનાતના મૂળ (અસલ) પણ છે. હુઝૂર સરકારે દો આલમ ﷺને અલ્લાહે સરાપા નૂર બનાવ્યા અને બશરી (માનવ) લિબાસમાં આ દુનિયામાં મોકલ્યા. કુર્આન ફર્માવે છે : قَدْ جَآءَكُمْ مِّنَ اللّٰهِ نُوْرٌ وَّ كِتٰبٌ مُّبِيْنٌ (બેશક ! તમારી પાસે અલ્લાહની તરફથી એક નૂર આવ્યું અને રોશન કિતાબ. સૂ. માઈદા, ૫/૧૫) આ આયતમાં નૂરથી મુરાદ નબી કરીમ ﷺની ઝાતે અકદસ છે. ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ "નૂર" શબ્દની તફસીર વર્ણવતાં જણાવે છે : وَهُوَ النَّبِيُّ صلی اللہ علیہ و الہ و سلّم (અર્થ) આ આયતમાં નૂરથી મુરાદ હુઝૂર ﷺ છે. હવે રહ્યો એ સવાલ કે અલ્લાહે આપની ઝાતને નૂર શા માટે કહી ? તો એનો જવાબ આપતાં અલ્લામા સાવી કહે છે : (અર્થ) હુઝૂર નબી કરીમ ﷺની ઝાતે પાકને નૂરથી એટલા માટે બનાવવામાં આવી કે આપ બસીરતો (દષ્ટિઓ)ને રોશન કરે છે અને તેમને રુશ્દો હિદાયત અતા ફર્માવે છે. અને એટલા માટે કે આપ દરેક જાહેરી નૂર તથા બાતિની નૂરની અસલ છે. *(તફસીરે સાવી, ૨/૪૮૬)*

મુસન્નફે અબ્દુર્રઝ્ઝાકની મશહૂર હદીષ છે કે હઝરત જાબિર رضی اللہ عنہએ જ્યારે હુઝૂર નબી કરીમ ﷺથી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના પ્રથમ સર્જન વિશે સવાલ કર્યો તો આપ ﷺએ ફર્માવ્યું "હે જાબિર ! બેશક ! અલ્લાહે સર્વ મખ્લૂકને પેદા કરતા પહેલાં તમારા નબીના નૂરને પોતાના નૂરથી પેદા કયો." અલ્લામા અહમદ કસ્તલાની رحمۃ اللہ علیہ પોતાની માયનાઝ કૃતિ "મવાહિબે લદુન્નિયા"માં રિવાયત નકલ કરે છે : (અર્થ) ઈમામ અબ્દુર્રઝ્ઝાક પોતાની સનદની સાથે રિવાયત વર્ણવે છે કે હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારાં માબાપ આપના પર કુર્બાન ! મને બતાવો કે અલ્લાહ તઆલાએ સૌ પ્રથમ કઈ ચીજ પેદા કરી ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે જાબિર ! બેશક ! અલ્લાહ તઆલાએ તમામ મખ્લૂકથી પહેલાં તારા નબીના નૂરને પોતાના નૂરથી પેદા કર્યું. પછી તે નૂર રબની મરજી મુજબ જ્યાં ચાહતુ સૈર કરતુ રહેતુ. તે વખતે ન લોહ હતી ન કલમ, ન જન્નત હતી ન દોઝખ, ન ફરિશ્તા હતા, ન આસ્માન હતું ન જમીન, ન સૂરજ ન ચાંદ, ન જિન હતો ન ઈન્સાન. જ્યારે અલ્લાહ તઆલાએ ઈરાદો કર્યો કે મખ્લૂકાતને પેદા કરે, તો એ નૂરને ચાર ભાગોમાં વહેંચ્યું. પ્રથમ ભાગથી કલમ બનાવી. બીજા ભાગથી લોહ અને ત્રીજાથી અર્શ. પછી ચોથા ભાગને ચાર હિસ્સામાં વહેંચ્યો તો પહેલા હિસ્સાથી અર્શ ઉઠાવનાર ફરિશ્તા બનાવ્યા અને બીજા વડે લોહ અને ત્રીજા વડે અર્શ. પછી ચોથા હિસ્સાને ચાર ભાગોમાં વહેંચ્યો. તો પહેલા હિસ્સાથી અર્શ ઉઠાવનાર ફરિશ્તા બનાવ્યા અને બીજાથી કુર્સી અને ત્રીજાથી બાકી ફરિશ્તા. પછી ચોથાને અધિક ચાર હિસ્સાઓમાં વહેંચ્યો. પહેલાથી આસ્માન બનાવ્યાં બીજાથી જમીન, ત્રીજાથી જન્નત તથા દોઝખ. પછી ચોથા હિસ્સાને અધિક ચાર હિસ્સામાં વહેંચ્યો : પહેલાથી મોમિનની આંખોનું નૂર બનાવ્યું, બીજા વડે તેમનાં દિલોનું નૂર એટલે અલ્લાહની મઅરેફત પેદા કરી. ત્રીજા વડે તેમની ઉન્સિયતનું નૂર એટલે કલ્મએ તૌહીદ લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહને પેદા કર્યો...

અનુસંધાન વધુ માટે પેજ-૪૯ પર જુઓ..

# મુસ્તફા જાને રહમત ﷺની

## તાઝીમ તથા તૌકીર

અઝ : **પ્રોફેસર અલ્લામા ડો. મુહમ્મદ મસઊદ સાહબ** رحمۃ اللہ علیہ (પાક.)

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

وَتُعَزِّرُوْہُ وَتُوَقِّرُوْہُ (અને રસૂલની તાઝીમ તથા તૌકીર કરો. સૂ. ફતહ, ૪૮/૯) આપણે કુર્આન કરીમ નથી જોતા, આપણે કુર્આને કરીમ નથી પઢતા, સુની સુનાઈ પર યકીન કરી લઈએ છીએ, ઘણા જ ભોળા છીએ ! જ્યારે કુર્આને કરીમમાં દરેક ચીજનું રોશન બયાન છે[૧] અને દરેક વાતની તફસીલ મૌજૂદ છે[૨] તો પછી કુર્આને કરીમને કેમ ન પૂછવામાં આવે ? આમ તેમ શા માટે ભટકતા રહીએ ?! એક એકનું મોં શા માટે તાકતા રહીએ ? કોઈ કાંઈ બતાવે છે કોઈ કાંઈ ! દિલ ઉલઝીને રહી જાય છે, દિમાગ ખરાબ થઈ જાય છે. ઈશ્કો મહોબ્બતની પૂંજી બર્બાદ થવા લાગે છે. જો એ બર્બાદ થઈ ગઈ તો પછી શું રહી ગયું ?! એ માટીનો ઢગલો ! એક બેજાન લાશ !

મહોબ્બતની વાતો એટલી મુશ્કેલ નથી જે સમજમાં ન આવી શકે. દિલવાળો હોય તો વાત આસાનીથી સમજમાં આવી જાય છે. એ વાતો દિમાગી મહેનતથી સમજમાં નથી આવતી. (શેઅર)

*હૈ દાનિશે બુરહાની હૈરત કી ફરાવાની*

કોઈપણ વ્યક્તિથી જ્યાં સુધી મહોબ્બત ન હોય અને તેની અઝમત (બુઝુર્ગી)નો નક્શ દિલમાં ન બેસે ત્યાં સુધી તેના માટે અદબનો જઝબો પેદા જ નથી થઈ શકતો. અલ્લાહ તઆલાએ જ્યારે મહોબ્બતની વાત કરી તો પોતાની તથા પોતાના હબીબે કરીમ ﷺની મહોબ્બતનું એક માપદંડ રાખ્યું,[૩] બે માપદંડ ન રાખ્યાં જેથી આપની કદર તથા મંઝિલતનો સારી રીતે અંદાઝો થઈ જાય. પોતાની જાનથી વધીને આપથી મહોબ્બત ઈમાનની પ્રથમ શર્ત ઠરાવી. (સૂ. તૌબા, આ. ૧૨) અને એ મહોબ્બતને તાઝીમના માટે પ્રથમ શર્ત ઠરાવી. ફરિશ્તાઓના દિલમાં હઝરત આદમ علیہ السلام ની અઝમતનો નક્શ બેઠો તો તમામે તમામ સજદારેઝ થઈ ગયા.[૪] યૂસુફ علیہ السلام ના ભાઈઓના દિલમાં જ્યારે હઝરત યૂસુફ علیہ السلام ની અઝમતનો નક્શ બેઠો તો તમામે તમામ તેમની સમક્ષ સજદામાં પડી ગયા.[૫]

ઈબ્લીસે હઝરત આદમ علیہ السلام ને કેવળ એક માનવ અને ઈન્સાન સમજ્યા એટલા માટે તાઝીમના માટે તૈયાર ન થયો અને હમેશાં માટે મરદૂદ તથા જલીલ થયો.[૬] મહોબ્બત ફિક્રો નઝરમાં ઈન્કિલાબ પેદા કરી દે છે. એ ઈન્કિલાબ પેદા ન થાય તો અંજામ એ જ થાય છે જે ઈબ્લીસનો થયો. આપણે હર ઘડી આપણી ફિક્ર (ચિંતન) તથા નજરની રક્ષા કરવી જોઈએ. કોઈ પણ મુસલમાન અંબિયા علیہم السلام ને કેવળ ઈન્સાન તથા બશર નથી સમજી શકતો, કેમ કે આ સોચ તથા ખયાલ ઈબ્લીસનો છે, યહૂદી, ઈસાઈ અને કાફિરો, મુશ્રિકોનો છે, જેનું વારંવાર કુર્આને કરીમમાં વર્ણન કરવામાં આવ્યું.[૭] કોઈ સહાબીએ, ઉમ્મતના સાલેહામાંથી કોઈએ પણ આપને પોતાના જેવા માણસ તથા બશર નથી સમજ્યા નથી કહ્યા. એવી સોચથી હુઝૂરે અન્વર ﷺની મહોબ્બત પેદા થઈ જ નથી શકતી. અને જ્યારે મહોબ્બત પેદા ન થાય તો પછી તાઝીમ તથા અદબની વાત જ શું કરવાની ?

અલ્લાહ તઆલાએ પ્રથમ નબી ﷺની મહોબ્બતનો નક્શ દિલોમાં જમાવ્યો પછી આપની અઝમતનો નક્શ દિલોમાં બેસાડયો જેથી જ્યારે

અદબની વાતો કરવામાં આવે તો એ વાતો દિલોમાં બેસતી ચાલી જાય. તાઝીમ તથા તકરીમ માટે ફર્માવ્યું : ૧. મારા રસૂલો પર ઈમાન લાવો અને તેમની તાઝીમ કરો.[૮] ૨. એ રસૂલ પર ઈમાન લાવો અને તેની તાઝીમ તથા તૌકીર કરો.[૯] ૩. તો તે જેઓ એના પર ઈમાન લાવ્યા અને તેમની તાઝીમ કરી.[૧૦] ઈમાન લાવ્યા બાદ જ તાઝીમનો ઉલ્લેખ કર્યો, પછી દિલોજાનથી મદદ કરવાનો ઉલ્લેખ કર્યો, પછી આપની ઈતાઅત તથા પયરવીનો ઉલ્લેખ કર્યો. ત્યારબાદ એ ખુશખબરી સંભળાવી કે ઈમાન લાવવાવાળા, તાઝીમ કરનારા, મદદ કરવાવાળા, ઈતાઅત તથા પયરવી કરનારા જ તો બામુરાદ છે.[૧૧] બેશક ! બંને જહાનમાં સરફરાઝીનો એ જ તરીકો છે કે હુઝૂરે અન્વર ﷺ પર ઈમાન લાવવામાં આવે, આપની દિલોજાનથી તાઝીમ કરવામાં આવે, અને આ તાઝીમ તથા અદબને પોતાના વાણી વર્તન વડે જાહેર કરવામાં આવે. મહોબ્બતની ખુશ્બુ ફેલાયા વિના નથી રહેતી. હુઝૂરે અકરમ ﷺની તાઝીમ તથા તૌક઼ીરની શાન એ છે કે અલ્લાહ તઆલાએ જ્યાં પોતાની ઈતાઅતનો (આજ્ઞાપાલનનો) ઉલ્લેખ કર્યો છે ત્યાં નબી અકરમ ﷺની ઈતાઅતનો પણ ઉલ્લેખ કર્યો છે. જ્યાં પોતાના હુઝૂર નાફર્માનીનો ઉલ્લેખ કર્યો છે ત્યાં નબી અકરમ ﷺની હુઝૂર પણ નાફર્માનીનો ઉલ્લેખ કર્યો છે.[૧૨] અને એવું ક્યાંય નથી ફર્માવ્યું કે જેણે અલ્લાહથી ઈતાઅત કરી તેણે રસૂલની ઈતાઅત (ફર્માંબરદારી) કરી, બલ્કે આવું ફર્માવીને આપની અઝમતને વધારી કે, "જેણે રસૂલની ઈતાઅત કરી તેણે અલ્લાહની ઈતાઅત કરી."[૧૩] મક઼સદ તથા હેતુ આપની મહોબ્બત તથા ઈતાઅત છે. જેણે આપથી મહોબ્બત કરી તેણે અલ્લાહથી મહોબ્બત કરી અને જેણે આપની ઈતાઅત (ફર્માંબરદારી) કરી તે અલ્લાહનો મહબૂબ બની ગયો.[૧૪] અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબોના આષાર અને નિશાનીઓની તાઝીમનો પણ હુકમ આપ્યો છે.[૧૫] કે મહબૂબોથી નિસ્બત રાખનારી ચીજો પણ મહબૂબ હોય છે. આ જ મહોબ્બતની ફિત્રત છે.

કોઈ પણ વ્યક્તિની અઝમતનો નક઼શ દિલમાં બેસાડવાનો એક એ પણ તરીકો છે કે તેના આગમન પધરામણીનો ચર્ચો કરવામાં આવે અને તેનું નામ ન બતાવવામાં આવે. અલ્લાહ તઆલાએ ઝહૂરે કુદ્સીના લાખો કરોડો વરસો પહેલાં અંબિયા عَلَيْهِمُ السَّلَام ને ભેગા કર્યા અને તેમનાથી એ વચન લીધું કે જ્યારે તે આવનારો આવે તો તેના પર ઈમાન લાવે અને દિલોજાનથી તેની મદદ કરે.[૧૬] આ મામૂલી બનાવ નથી એક મહાન બનાવ છે. પછી હઝરત ઈબ્રાહીમ علیہ السلام અને હઝરત ઈસ્માઈલ علیہ السلام બયતુલ્લાહનો પાયો ઉઠાવી રહ્યા હતા તો બંને હાથો ફેલાવીને તે આવનાર માટે દુઆ કરી રહ્યા હતા.[૧૭]

પછી ઝહૂરે કુદ્સી (પવિત્ર જાતના જાહેર થવા)ના ૫૭૦ વરસો પહેલાં હઝરત ઈસા علیہ السلام એક મહાન ઈજતેમાને સંબોધન કરી રહ્યા છે અને તે આવનાર રસૂલની ખબર આપી રહ્યા છે. દરેક ઉમ્મતીને સંબોધન કરી રહ્યા છે અને તે આવનાર રસૂલની ખબર આપી રહ્યા છે. દરેક ઉમ્મતીને જેનો ઈન્તેઝાર હતો અને જેના વસીલાથી ફતહ તથા મદદ માટે દુઆઓ માગવામાં આવતી હતી. (બક઼રહ–૮૯) ફર્માવી રહ્યા છે : મારા બાદ એક રસૂલ આવનાર છે જેનું નામ અહમદ હશે.[૧૮] આ ઝિક્રની બુલંદીનો તે નઝારો છે જે પૂરા આલમને દેખાડવામાં આવ્યો[૧૯] કે જેથી આપની શાન ઓર વધી જાય. પછી જેના આગમનનો ઉલ્લેખ લગભગ એક લાખ ચોવીસ હજાર નબીઓએ પોત પોતાની ઉમ્મતોમાં કર્યો અને દુનિયામાં એક શોર મચી ગયો, અચાનક એ પયકરે નૂરીની પધરામણીનું એલાન કરવામાં આવ્યું[૨૦] અને આપની પૂરી મખ્લૂક઼માં અફઝલ તથા ચહીતા બનાવવામાં આવ્યા.[૨૧] આપની

અઝમત તથા શાનના પ્રદર્શન માટે આપના બાપદાદાની ક઼સમ ખાધી[૨૨] આપની હયાત મુબારકની ક઼સમ ખાધી[૨૩] આપના મુક઼દ્દસ શહેર મક્કા મોઅઝ્ઝમાની ક઼સમ ખાધી[૨૪] આપના ઉચ્ચ અખ્લાક઼નો ઉલ્લેખ કર્યો[૨૫] આપની આદતે કરીમાનો ઉલ્લેખ કર્યો[૨૬] આપના ઈલ્મો ફઝ્લનો ઉલ્લેખ કર્યો[૨૭] આપની આમ રહમતની શાન એ બતાવી કે સર્વ આલમને ઘેરી ચૂકેલ છે[૨૮] તબ્લીગ તથા ઈર્શાદની શાન એ બતાવી કે આપની જાત આખા આલમ માટે પૂરતી છે[૨૯] નબુવ્વત તથા રિસાલતની શાન એ બતાવી કે હવે કયામત સુધી કેવળ આપનો જ ફયઝ જારી રહેશે, કોઈ નબી કે રસૂલ આવશે નહીં[૩૦] અને ક઼યામતના દિવસે અર્શની જમણી બાજુ કેવળ અને કેવળ આપની ખુરશી રાખવામાં આવશે. *(તિર્મિઝી શરીફ, કિતાબુલ મનાક઼િબ)*

આ સર્વ વાતો એટલા માટે કહેવામાં આવી કે જેથી સાંભળનારાઓના દિલોમાં આપની અઝમતનો નક઼શ કાયમ થાય, અને કોઈ આપના જાહેરને જોઈને પોતાના જેવા માણસ ન સમજી બેસે અને દુનિયા તથા આખેરતમાં ઝલીલ તથા અપમાનિત થાય, જેવી રીતે કાફિરો, મુશ્રિકો તથા યહૂદી, નસારાએ સમજ્યું અને ઝલીલો ખાર થયા.[૩૧] કુર્આને કરીમનો દામન હુઝૂરે અન્વર ﷺના ફઝાઈલ તથા કમાલોના મોતીઓથી ભરાયેલો છે પણ જોવા માટે નજર જોઈએ !

આવો, કાંઈ અધિક નઝારો કરીએ ! અલ્લાહ તઆલા ખુદ દરેક મુસલમાનની દિલની રગ કરતાં પણ એનાથી નજીક છે.[૩૨] અને તાજદારે આલમ ﷺને દરેક મુસલમાનની જાનથી નજીક કર્યા[૩૩] ખુદ ફર્માવી રહ્યા છે, "કોઈ મોમિન એવો નથી જેની સાથે હું દુનિયા તથા આખેરતમાં નજીક નથી."[૩૪] આપની શાન શું વર્ણવવામાં આવે ! આખી ઉમ્મત પર આપને ગવાહ બનાવવામાં આવ્યા.[૩૫] આપને તે કુર્આન અતા કર્યું જેમાં દરેક ચીજનું રોશન બયાન અને તફસીલ મૌજૂદ છે.[૩૬] આપને હજાર મહીનાઓથી અફઝલ લયલતુલ ક઼દ્ર અતા કરવામાં આવી.[૩૭] આપને મક઼ામે મહમૂદની બશારત સંભળાવવામાં આવી[૩૮] આપના પર દુરૂદ મોકલીને એ અઝમતવાળા સ્થાન પર બેસાડવામાં આવ્યા[૩૯] જેની બુલંદીઓ સુધી પહોંચ માનવના વશની વાત નથી. આપની રઝા તથા ખુશ્નુદી માટે ક઼િબ્લાનું રૂખ બદલી નાખવામાં આવ્યું. (બક઼રહ–૪૪) બેશક ! (શેઅર)
*તૂ જિધર હૈ ઉધર ખુદાઈ હૈ.*

અલ્લાહને પોતાના મહબૂબોથી ઘણી મહોબ્બત છે. તેમનાથી મહોબ્બત તો છે જ પણ એ ચીજોથી પણ મહોબ્બત છે જેમની સાથે મહબૂબોને નિસ્બત છે. આ મહોબ્બતના રાઝને સારી રીતે સમજી લો, દિલમાં ઉતારી લો. લાકડાની તે પેટી (સંદૂક) જેમાં હઝરત મૂસા, હઝરત હારૂન عليهم السلامનાં તબર્રુકાત હતાં તેને કુર્આને હકીમે "ચૈનનું ઘર" ઠરાવ્યું અને ફરિશ્તાઓએ તેને ઉઠાવ્યું[૪૦] હઝરત ઈબ્રાહીમ عليه السلامનાં ક઼દમનાં નિશાનને બયતુલ્લાહની સામે રખાવ્યા અને પોતાની નિશાની ઠરાવ્યા.[૪૧] હઝરત હાજરા رضی الله عنهاના માર્ગના નિશાનને પોતાની નિશાની ઠરાવી અને તેની આસપાસ ચક્કર લગાડવાની ઈજાઝત આપવામાં આવી.[૪૨] હુઝૂરે અન્વર ﷺએ તેમને આલી નિસ્બતોના કારણે દુનિયાની સર્વ મસ્જિદોમાંથી ત્રણ મસ્જિદોની પસંદગી કરી અને દૂર દરાઝનો સફર ખેડીને એ મસ્જિદોની ઝિયારત અને તેમાં ઈબાદતની ઈજાઝત આપી.[૪૩] આ ઈજાઝતમાં શું રહસ્ય હતું ? એ જ મહોબ્બતનું રાઝ જેને બુધ્ધિવાળા નથી સમજી શકતા. સરકારે દો આલમ ﷺએ મસ્જિદે હરામમાં સફર કરીને હાજરીની એટલા માટે ઈજાઝત આપી કે તેને હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ[૪૪] عليهم السلام અને ન જાણે કેટલા

હજારો, લાખો નબીઓ, ઉમ્મતના સાલેહોથી નિસ્બત છે, અને સૌથી મહાન ફઝીલત એ છે કે ખુદ હુઝૂરે અન્વર ﷺએ તેમાં ઈબાદત તથા રિયાઝત ફર્માવી. મસ્જિદે અક્સામાં સફર કરીને હાજરીની એટલા માટે ઈજાઝત આપી કે હઝરત મૂસા علیہ السلامના તંબૂની જગા, હઝરત દાઊદ علیہ السلامએ તેનો પાયો રાખ્યો, પછી હઝરત સુલૈમાન علیہ السلامએ તેનું બાંધકામ કરાવ્યું[૪૫] અને મસ્જિદે નબવી શરીફમાં સફર કરીને હાજરીની એટલા માટે ઈજાઝત આપી કે તેના બાંધકામમાં સરકારે દો આલમ ﷺએ હિસ્સો લીધો[૪૬] તેને ઈસ્લામનું મર્કઝ બનાવ્યું અને તેને અડીને ક્યામ ફર્માવ્યો. આજે અઝવાજે મુતહ્હરાત (હુઝૂર ﷺની પાક બીવીઓ)ના સર્વ હુજરા, બલ્કે મદીના મુનવ્વરાનો મોટો ભાગ મસ્જિદે નબવી શરીફમાં સામેલ થઈ ગયો છે. આપ ખુદ એ મસ્જિદ શરીફમાં આરામ કરી રહ્યા છે અને સાથે જ હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમર رضی اللہ عنہما પણ. સર્વ બહારો (વસંતો) નિસ્બતોની છે. અલ્લાહ ! અલ્લાહ ! મહબૂબોની અદાઓને અલ્લાહ તઆલાએ ઈબાદતનો હિસ્સો બનાવી આપ્યો.[૪૭] આ ''મહોબ્બતના રાઝ''ને સમજવાની કોશિશ કરો પછી સર્વ વાતો સમજમાં આવતી ચાલી જશે.

જ્યારે દિલમાં કોઈની મહોબ્બત તથા અઝમત ઘર કરી જાય છે તો તે મહબૂબની સમક્ષ અદબના માટે ઉભારે છે, મહોબ્બત આપોઆપ અદબ શીખવાડે છે, તે મહબૂબની ખામીઓ નથી શોધતી, એ એની ફિત્રતની વિરૂધ્ધ છે. તે મહબૂબની દરેક અદા પર જાન ફિદા કરે છે. ખામીઓ અને બુરાઈઓ તલાશ કરવી તો દૂરની વાત છે તે મહબૂબની બુરાઈ સાંભળવાને પણ પસંદ નથી કરતી, બુરાઈ કરનારાઓથી મોં ફેરવી લે છે, પછી કદી પલટીને નથી જોતી, અલ્લાહ તઆલાએ હુઝૂરે અન્વર ﷺને પોતાના મહબૂબ બનાવ્યા, આપણા માટે નમૂનો બનાવ્યો.[૪૮] મહોબ્બત કરવા અને મહોબ્બતની વાતો કરવાનો હુકમ આપ્યો, દિમાગી પરેશાનીઓ અને પરેશાન ખયાલીને હમેશાં માટે ખત્મ કરી આપી. અલ્લાહુ અકબર ! આશિક્ને મહોબ્બતના આદાબ શીખવાડીને જીવવાનો તરીકો (સલીકો) બતાવી દીધો.

**૧.** નામે નામી ﷺનો આ અદબ શીખવ્યો : ખબરદાર ! નામ લઈ લઈને એ રીતે ન પુકારો અને ન બોલાવો જેવી રીતે આપસમાં એક બીજાને પુકારો તથા બોલાવો છો[૪૯] અને પોતે પણ કુર્આને કરીમમાં નામ લઈને સંબોધન ન કર્યું જેવી રીતે અન્ય નબીઓનાં નામ લઈને સંબોધન કર્યાં છે.[૫૦]

**૨.** આપની મતવાલી ચાલનો એ અદબ બતાવ્યો તથા શીખવ્યો કે ન આગળ વધી વધીને વાતો કરો અને ન ચાલતાં ચાલતાં આગળ નીકળો.[૫૧]

**૩.** દોલત કદા (નબી ﷺના ઘર)માં હાજરીનો એ અદબ શીખવ્યો કે ઘરની બહારથી કદાપિ કદાપિ આપને અવાજ ન આપો, રાહ જુઓ કે આપ ખુદ બહાર તશરીફ લઈ આવે.[૫૨]

**૪.** અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)નો એ અદબ બતાવ્યો કે કદી કોઈ ચીજ માગવી હોય તો પર્દા પાછળથી માગો.[૫૩]

**૫.** દોલતકદા (ઘર)માં હાજરીનો અદબ એ બતાવ્યો કે બોલાવ્યા વિના ન જાવ, જ્યારે કદી ખાવા માટે બોલાવવામાં આવે તો સમયસર જાવ, એ નહીં કે પહેલેથી ચાલ્યા જાવ અને ખાણુ પકવાની રાહ જોતા રહો.[૫૪]

**૬.** અને દાવતનો અદબ એ શીખવ્યો કે જ્યારે ખાવા ખાઈ લો તો ફોગટમાં બેસીને વાતો ન કરતા રહો કે એનાથી નબી કરીમ ﷺને તકલીફ થાય છે જેથી પરત ચાલ્યા આવો.[૫૫]

૭. એકાંતમાં કોઈ ખાસ વાત કરવાનો અદબ એ બતાવ્યો કે જો એકાંતમાં વાત કરવાનો ઈરાદો હોય તો પ્રથમ અલ્લાહની રાહમાં કાંઈક સદકો આપો (કે તમે એક મહાન દરબારમાં હાજર થઈ રહ્યા છો) પછી હાજર થઈને સરગોશીમાં (ખાનગીમાં) વાત કરી શકો છો.[૫૬]

૮. મેહફિલનો અદબ એ શીખવ્યો કે જ્યારે સરકારે દો આલમ ﷺ વાતચીત કરી રહ્યા હોય તો ખૂબ કાન લગાડીને સાંભળો[૫૭] કે બીજીવાર ધ્યાનિત કરવાની નોબત જ ન આવે, કે એ વાત પણ અદબની વિરૂધ્ધ છે. જો ધ્યાનિત કરવા હોય તો 'ઉન્ઝુરના' કહો એટલે કે અમારા પર બીજીવાર નઝરે કરમ ફર્માવો.[૫૮]

૯. વાત કરવાનો અદબ એ શીખવ્યો કે જ્યારે આપ ﷺથી વાતો કરો તો ખબરદાર ! આપના અવાજથી ઊંચો અવાજ ન કરશો અને ન કડકાઈથી બોલશો, ક્યાંક એવું બને કે આ બેઅદબીના કારણે તમારા અમારો બેકાર થઈ જાય અને તમને ખબર પણ ન પડે.[૫૯]

૧૦. મજલિસે મશાવિરત (મશ્વરાની મજલિસ)નો અદબ એ બતાવ્યો કે નબી કરીમ ﷺ કોઈ મસ્અલા પર ચર્ચા માટે બોલાવે અને બધા ભેગા થયેલા હોય તો ખબરદાર ! આપની ઈજાઝત વિના કોઈ ઉઠીને ન જાય.[૬૦] જો કોઈ ઈજાઝત લેવા ચાહે તો જેને ચાહે આપ ઈજાઝત આપે[૬૧] અને જેને ચાહે ઈજાઝત ન આપે.

૧૧. આ મેહલિફ ઘણી આ'લી મેહફિલ છે. જે લોકો આડ લઈને ચૂપકેથી ચાલ્યા જાય છે અલ્લાહ તેમને જુએ છે. ખબરદાર ! એવું ન કરો ! ક્યાંક તમે કોઈ મુસીબતમાં ન સપડાય જાવ અને તમારા પર દર્દનાક અઝાબ ન આવી પડે.[૬૨] અલ્લાહુ અકબર ! આ તે અદબની બારગાહ છે જ્યાં અવાજ મોટો કરવા પર અમલો નષ્ટ થઈ રહ્યા છે[૬૩] જ્યાં મેહફિલથી ઈજાઝત વિના ચાલ્યા જવા પર દર્દનાક અઝાબની ધમકી સંભળાવવામાં આવી રહી છે ! બેશક ! (શેઅર)

*અદબ ગાહેસ્ત ઝેરે આસ્માં અઝ અર્શ નાઝુકતર*
*નફસ ગુમ કર્દા મી આયદ જુનેદો બાયઝીદ ઈંજા*

૧૨. આપ ﷺના ફૈસલાનો એ અદબ કે જે ફૈસલો કરી આપે તેને દિલથી સ્વીકારી લેવામાં આવે, રજમાત્ર પણ દિલમાં ખટકો ન રાખવામાં આવે.[૬૪]

૧૩. આપ ફૈસલો ફર્માવી દે તો કોઈને કોઈ અખત્યાર નથી[૬૫] તે બેઈખ્તિયાર નથી, તેમની સમક્ષ આપણે બેઈખ્યાિર છીએ.

૧૪. આપના હુકમનો એ અદબ કે જ્યારે બોલાવે તરત જ હાજર થઈ જાવ[૬૬] ભલે નમાઝમાં જ કેમ ન હોવ.

૧૫. હુકમના પાલનમાં જરા સરખી સુસ્તી પર ત્રણ સહાબાએ કિરામની તે પકડ થઈ કે તેમની જાન પર બની આવી, જમીન વિશાળતાવાળી હોવા છતાં તંગ થઈ ગઈ[૬૭] સરકારે દો આલમ ﷺએ બોલાવવાનું શું બંધ કર્યું, સૌએ બોલવાનું બંધ કરી દીધું ! (શેઅર) *તૂ ક્યા બદલ ગયા કે ઝમાના બદલ ગયા !*

ચાલીસ દિવસ એ બેચૈની તથા બેક઼રારીમાં પસાર થઈ ગયા પછી વહી નાઝિલ થઈ, તૌબા ક઼બૂલ થઈ, જાનમાં જાન આવી, સરકારે દો આલમ ﷺએ ગળે લગાડયા તો સૌએ ગળે લગાડયા, સૌ બોલવા લાગ્યા !

૧૬. અઝવાજે મુતહ્હરાતનો (પાક બીવીઓનો) એ અદબ કે તેમને મુસલમાનોની માઓ ઠરાવી દીધી[૬૮] અને હુઝૂરે અન્વર ﷺનો એ અદબ કે આપ ﷺને બાપ કહેવાથી મના કરી દેવામાં આવ્યું[૬૯] કે આપ અલ્લાહના મહબૂબ તથા રસૂલ છે. આપની શાન ઘણી જ આ'લા છે. ભાઈ તો ભાઈ આપને બાપ કહેવું પણ ગુસ્તાખી છે.

**૧૭.** સરકારે દો આલમ ﷺનો આ અદબ કે આપના પર્દો ફર્માવ્યા પછી અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)ને મુસલમાનો પર હરામ કરી આપ્યાં[૭૦] અને ફર્માવ્યું કે એમની સાથે કોઈના નિકાહ કરવા અલ્લાહની નજીક ઘણી જ મોટી હિંમત છે[૭૧] તે ઝિંદા છે તે પાઈન્દા છે.

**૧૮.** અલ્લાહની હુઝૂર ગુનાહોની માફી માગવા અને તૌબા કરવાનો એ સલીક઼ો બતાવ્યો કે જ્યારે ગુનાહ થઈ જાય તો સીધા અમારી પાસે ન આવો, અમારા મહબૂબે કરીમ (ﷺ)ની પાસે જાવ પછી અલ્લાહથી માફી માગો, તૌબા કરો, અને આપ પણ તેની સિફારિશ ફર્માવે તો જરૂર અલ્લાહ તઆલાને તૌબા કબૂલ કરનારો તથા મહેરબાન પામશો.[૭૨]

**૧૯.** અલ્લાહે આપના વસીલાથી આપની ઉમ્મતના આગલા પાછલા ગુનાહોની બખ્શિશનો વાયદો કર્યો[૭૩] અને દુનિયામાં જ જન્નતની બશારત આપી દીધી. બેશક ! આપ રહમતે આલમ છે.[૭૪] ﷺ. આપના હોવા છતાં ઉમ્મત પર અઝાબ થઈ જ નથી શકતો.[૭૫]

**૨૦.** અલ્લાહ તઆલાને હુઝૂરે અન્વર ﷺની જનાબમાં જરા સરખી પણ તકલીફ પહોંચાડવું માન્ય નથી. મુસલમાનોને હિદાયત કરવામાં આવી કે એ રીતે ન સતાવશો જે રીતે હઝરત મૂસા عليه السلامને તેમના માનનારાઓએ સતાવ્યા હતા.[૭૬] પછી ફર્માવ્યું કે જે નબી કરીમ ﷺને પોતાના ક઼ૌલ તથા (અમલ વાણી તથા વર્તન)થી ઈજા આપે છે તેમના પર અલ્લાહની લઅ્નત છે અને આખેરતમાં અપમાનજનક અઝાબ[૭૭] અને દર્દનાક અઝાબ.[૭૮] જ્યારે રજ માત્ર ઈજા પહોંચાડવા પર આ વોર્નિંગો છે, તો આપની શાનમાં ઝબાનદરાઝીઓ તથા ગુસ્તાખીઓનો કેટલો મોટો અઝાબ હશે ?!

એક મુનાફિક ઈમામ બદનિયતીથી હુઝૂર ﷺની શાન ઘટાડવાના માટે નમાઝમાં હમેશાં સૂરએ અબસ પઢયા કરતો હતો, તો હઝરત ઉમર رضی اللہ عنہએ સહાબીને મોકલીને તે મુનાફિક઼ ઈમામનું સર કલમ કરાવી દીધું.[૭૯] જ્યારે કે તે કુર્આન જ પઢયા કરતો હતો પણ નિય્યતમાં ખોટ હતી ! તેની ગરદન ઉડાડવુ ઠરાવવામાં આવ્યું. ખુલફાએ રાશિદીન અને સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن હુઝૂરે અકરમ ﷺની શાનમાં અદના સરખી ગુસ્તાખી તથા બદનિયતી સહન કરી શકતા ન હતા. આ તે સાચી મહોબ્બતનો તકાઝો હતો જેનાથી તેમના સીનાઓ રોશન હતા.

સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن સરકારે દો આલમ ﷺથી જેવી મહોબ્બત કરતા હતા અને આપ ﷺનો જેવો અદબ તથા તાઝીમ કરતા હતા તેનું દૃષ્ટાંત ક્યાંય નથી મળતુ. હઝરત ઉરવા બિન મસઊદ رضی اللہ عنہએ દરબારે રિસાલત મઆબ ﷺમાં અદબ તથા તાઝીમના જે ઈમાન અફરોઝ દશ્યો જોયાં તેમને વર્ણન કરતાં તે ફર્માવે છે :

''ક઼સમ ખુદાની ! બાદશાહોના દરબારોમાં પ્રતિનિધિમંડળ લઈને ગયો છું. હું કૈ઼સર તથા કિસ્રા અને નજ્જાશીના દરબારમાં હાજર થયો છું, પરંતુ ખુદાની ક઼સમ ! મેં કોઈ બાદશાહ એવો નથી જોયો કે એના સાથી આવી રીતે તાઝીમ કરતા હોય જેવી રીતે મુહમ્મદ (ﷺ) સાથી તેમની તાઝીમ કરે છે.[૮૦]

હઝરત ઉરવા બિન મસઊદ رضی اللہ عنہએ એ દશ્યો ત્યારે જોયાં જ્યારે તે ઈસ્લામથી મુશર્રફ થયા ન હતા. તે ફર્માવે છે : ★ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن સરકારે દો આલમ ﷺના વુઝૂના પાણીને પામવા માટે આપસમાં ઝપાઝપી કરતા હતા. ★ આપની બારગાહમાં ઊંચા અવાજે બોલતા ન હતા. ★ ચહેરો મુબારક આંખો જમાવીને ન જોતા, માથુ નમાવીને બેસેલા રહેતા હતા.[૮૧]

સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ ની અદબ તથા તાઝીમના બનાવો શું વર્ણવવામાં આવે, તેઓ સરાપા મહોબ્બત હતા, તેઓ સરાપા અદબ હતા. અમુક બનાવો રજૂ કરીએ છીએ.

૧. એકવાર હઝરત બિલાલ હબ્શી رضی اللہ عنہ હુઝૂરે અન્વર ﷺના વુઝૂનું પાણી એક વાસણમાં લઈને બહાર આવ્યા તો સહાબા ઝપટી પડયા, જેને પાણીનું એક ટીપુ ન મળ્યું તેણે બીજા સહાબીના હાથની તરીને સ્પર્શીને પોતાના મોં પર ઘસી લીધી.[૮૨]

૨. એક સહાબી સરકારે દો આલમ ﷺના સર મુબારકના બાલ ઉતારી રહ્યા હતા. તો આસપાસ ઘેરાવ કરીને સહાબાએ કિરામ (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ) ઉભા હતા. જમીન પર પડતાં પહેલાં બાલોને પોતાના હાથ પર લઈ લેતા[૮૩] અને તબર્રુક રૂપે મેહફૂઝ કરી લેતા. આજે બાલ મુબારકના આ તબર્રુકાત પૂરી દુનિયામાં મેહફૂઝ છે.

૩. હઝરત ઔબેદા رضی اللہ عنہ ફર્માવતા હતા કે, મારી પાસે હુઝૂરે અન્વર ﷺના એક બાલનું હોવું મારી નજીક દુનિયા તથા દુનિયામાં જે કાંઈ છે તેના કરતાં વધુ પ્રિય છે.[૮૪]

૪. હઝરત અનસ رضی اللہ عنہએ હુઝૂરે અન્વર ﷺના લાકડીના પ્યાલાને જાન સાથે લગાડીને રાખેલ હતો,[૮૫] જેને એક જાંનિષારે આઠ લાખ દિરહમમાં ખરીદયો.

૫. હઝરત મુઆવિયહ رضی اللہ عنہને તેમની વસિયતના મુજબ કફનમાં હુઝૂર અકરમ ﷺનો કુર્તો પહેરાવવામાં આવ્યો, આપની ચાદરમાં લપેટવામાં આવ્યો, આપનું તેહબંદ બાંધવામાં આવ્યું. ગળા, મોં તથા તે અંગો પર જે સજદા વખતે જમીન પર લાગે છે હુઝૂરે અન્વર ﷺના બાલ મુબારક તથા કટ કરેલ નખ મુબારકોને રાખવામાં આવ્યા.[૮૬]

હુઝૂરે અન્વર ﷺ સામે હોય કે ન હોય સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ આપની તાઝીમ તથા તૌકીરમાં કોઈ કસર બાકી રાખતા ન હતા. હુઝૂરે અકરમ ﷺ તેમના દિલોમાં વસેલા હતા, અને આ અદબ તેમને આપે તાલીમ ફર્માવ્યો.

સરકારે દો આલમ ﷺએ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ નમાઝ પઢવા ઉભો થાય તો સામે ન થૂંકે[૮૭] કેમ ન થૂંકે ? કે એ બાજુ બયતુલ્લાહ છે. બયતુલ્લાહ સામે હોય કે ન હોય તેની તાઝીમ તથા તકરીમ (અદબ) દરેક સમયે મુસલમાન પર લાઝિમ છે.

એક સહાબીએ નમાઝ પઢાવતી વખતે કિબ્લા તરફ થૂકી દીધું. સરકારે દો ાલમ ﷺએ થૂંકતાં જોઈ લીધા. ફર્માવ્યું, હવે પછી આ શખ્સ લોકોને નમાઝ ન પઢાવે[૮૮] અને પછી તેણે કદી નમાઝ ન પઢાવી. હઝરત સાઈલ બિન ખલ્લાદ رضی اللہ عنہ ફર્માવે છે કે, લગભગ સરકારે દો આલમ ﷺએ એ પણ ફર્માવ્યું, તેં અલ્લાહ તથા રસૂલને ઈજા પહોંચાડી અને તેમને સતાવ્યા.[૮૯] પોતાની કોઈ વાણી તથા વર્તનથી હુઝૂરે અન્વર ﷺને તકલીફ ન આપો. આપની તાઝીમ તથા તૌકીર જિંદગીનો હેતુ છે, પરવરદિગારની ડિમાન્ડ છે. જેનું દિલ આપની મહોબ્બત અને અદબ તથા તાઝીમથી ખાલી છે તે ઈમાનથી વંચિત છે, એ જ કુર્આનનો ફેંસલો છે.

પોતાના ઈમાનની હિફાઝત કરો, આ એક અણમોલ મોતી છે. એકલા ન રહો, સાચાઓની સાથે રહો.[૯૦] સાચા તેઓ છે જેની સોહબતમાં હુઝૂરે અન્વર ﷺની મહોબ્બત તથા ઉલ્ફત તથા અદબ તથા તાઝીમ પેદા થાય. જેમની સોહબતમાં આપના સીનાઓ મહોબ્બત રસૂલ ﷺથી ખાલી થવા લાગે અને આપ બે અદબ તથા ગુસ્તાખ થવા લાગો એમનાથી એવી રીતે બચો કે જેવી રીતે માણસ ફાડી ખાનાર જાનવરોથી બચે છે, બલ્કે એનાથી પણ અધિક હોશિયાર રહો. જંગલી જાનવરોથી તો કેવળ જાનનો ખતરો હોય છે પણ એવા માણસોથી

ઈમાનનો ખતરો રહે છે. ઈમાન જ સૌથી કિંમતી મૂડી છે, એ લૂટાઈ ગઈ તો સર્વ કાંઈ લૂટાઈ ગયું

મૌલા તઆલા આપણા દિલોમાં નબી કરીમ ﷺની મહોબ્બત તથા અઝમતનો નક્શ જમાવી દે. આપની હુઝૂર બાઅદબ રાખે, દિમાગી વસવસાઓ અને જીભના બકવાસોથી મેહફૂઝ રાખે. આમીન ! વિના શંકાએ બામુરાદ (કામયાબ) થયો તે જેણે આ દર પર માથુ ઝુકાવ્યું, કામયાબ થયો જેણે અદબનો દામન હાથથી ન છોડયો. સરફરાઝ થયો તે જે આપના નક્શે કદમ પર ચાલતો રહ્યો.

**હવાલાઓ** : *(૧) સૂરએ નહ્લ–૮૯, (૨) સૂ. યૂસુફ–૧૧૧ (૩) સૂ. તૌબા–૨૪ (૪) સૂરએ અઅરાફ–૧૧, સૂ. બક્ર–૩૪ (૫) સૂ. યુસુફ–૧૦૦ (૬) સૂ. અઅરાફ, ૧૧–૧૩ (૭) સૂ. ઈબ્રાહીમ–૧૦, અંબિયા–૩, મુઅ્મિનૂન, ૨૪–૩૩, શોઅરા–૧૮૬, યાસીન–૧૫, હૂદ–૨૭ (૮) સૂ. માઈદા–૧૨ (૯) સૂ. ફતહ–૯ (૧૦) સૂ. અઅરાફ–૧૫૭ (૧૧) સૂ. અઅ્રાફ–૧૫૭ (૧૨) સૂ. આલે ઈમરાન–૧૩૨, સૂ. નિસાઅ–૧૪ (૧૩) સૂ. નિસાઅ–૮૦, આલે ઈમરાન, ૩૨,૧૩૨ (૧૪) સૂ. આલે ઈમરાન–૩૧ (૧૫) સૂ. હજ્જ–૩૦,૩૨ (૧૬) સૂ. આલે ઈમરાન–૮૧ (૧૭) સૂ. બક્રહ–૧૨૯ (૧૮) સૂ. સફ્ફ–૬ (૧૯) સૂ. ક્દર–૩ (૨૦) સૂ. માઈદા–૧૫ (૨૧) મુસ્લિમ શરીફ, બાબ : ફઝાઈલુન્નબી ﷺ તિર્મિઝી શરીફ કિતાબુત્તફસીર (૨૨) સૂ. બલદ–૩ (૨૩) સૂ. હજર–૭૨ (૨૪) સૂ. બલદ ૧ થી ૩ (૨૫) સૂ. ક્લમ–૪, (૨૬) સૂ. તૌબા–૧૩૮ (૨૭) સૂ. તકવીર–૨૪, સૂ. નિસાઅ–૧૧૩ (૨૮) સૂ. અંબિયા–૧૦૭ (૨૯) સૂ. સબા–૨૮ (૩૦) સૂ. અહઝાબ–૪૦ (૩૧) સૂ. ઈબ્રાહીમ–૪૦ (૩૨) સૂ. કાફ–૧૬ (૩૩) સૂ. અહઝાબ–૬ (૩૪) બુખારી શરીફ–કિતાબુલ ઈસ્તક્રાઝ, મુસ્લિમ–કિતાબુલ જુમ્આ (૩૫) સૂ. અહઝાબ–૪૫, સૂ. ફતહ–૮, મુઝઝ્મ્મિલ–૧૫ (૩૬) સૂ. નહ્લ–૮૯, સૂ. યૂસુફ–૧૧૧ (૩૭) સૂ. ક્દર–૩ (૩૮) સૂ. બની ઈસ્રાઈલ–૯૭ (૩૯) સૂ. બકરહ–૨૪૮ (૪૦) સૂ. બકરહ–૨૪૮ (૪૧) સૂ. બકરહ–૧૨૫, સૂ. આલે ઈમરાન–૫૭ (૪૨) સૂ. બક્રહ–૧૫૮ (૪૩) જામિઉર્રઝવી, ૨/૩૧૨ બહવાલા બુખારી શરીફ (૪૪) સૂ. બકરહ–૧૨૭, જામિઉર્રઝવી, ૨/૩૧૦ (૪૫) સૂ. સબા–૧૨, ૧૩, ઈસ્રા–૧, જામિઉર્રઝવી, ૨/૩૧૦ (૪૬) જામિઉર્રઝવી ૨/૩૧૦, બહવાલા બુખારી શરીફ, સૂ. તૌબા–૧૦૮, ૧૦૯ (૪૭) સૂ. હજ્જ–૩૨, બક્રહ–૧૫૮ (૪૮) સૂ. અહઝાબ–૨૧ (૪૯) સૂ. નૂર–૧૭૬ (૫૦) સૂ. માઈદા–૪૧,૬૭, અન્ફાલ–૬૪, હૂદ–૪૮, બક્રહ–૩૫, ક્સસ–૩૦, સાફ્ફાત–૧૦૪, ૧૦૫ (૫૧) સૂ. હુજુરાત–૧ (૫૨) સૂ. હુજુરાત, ૪–૫ (૫૩) સૂ. અહઝાબ–૫૩ (૫૪) સૂ. અહઝાબ–૫૩ (૫૫) સૂ. અહઝાબ–૫૩ (૫૬) સૂ. મુજાદિલા–૧૧૨, ૧૧૩, ૫૮ (૫૭) સૂ. બક્રહ–૧૦૪ (૫૮) સૂ. બકરહ–૧૦૪ (૫૯) સૂ. હુજુરાત–૨,૩ (૬૦) સૂ. નૂર–૬૨ (૬૧) સૂ. નૂર–૬૨ (૬૨) સૂ. નૂર–૬૩ (૬૩) સૂ. હુજુરાત–૨ (૬૪) સૂ. નિસાઅ–૧૬૫ (૬૫) સૂ. અહઝાબ–૩૬ (૬૬) સૂ. અન્ફાલ–૨૪ (૬૭) સૂ. તૌબા, ૧૧૭ (૬૮) સૂ. અહઝાબ–૩૬ (૬૯) અહઝાબ–૪૦ (૭૦) અહઝાબ–૫૩ (૭૧) સૂ. અહઝાબ–૫૩ (૭૨) સૂ. નિસાઅ–૬૪ (૭૩) ફતહ–૨ (૭૪) સૂ. અંબિયા–૧૦૭ (૭૫) અન્ફાલ–૩૩ (૭૬) અહઝાબ–૬૯,૫૩ (૭૭) અહઝાબ–૫૭ (૭૮) તૌબા–૬૧ (૭૯) તફસીરે રૂહુલ બયાન ૧૦/૩૩૧ (૮૦) બુખારી શરીફ, ૧/૩૭૯ (૮૧) બુખારી શરીફ, ૧/૩૭૯ (૮૨) બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, મિશ્કાત શરીફ–પેજ ૭૪ (૮૩) મુસ્લિમ શરીફ ૨/૨૫૬ (૮૪) બુખારી શરીફ, ૧/૨૯, (૮૫) બુખારી શરીફ, ૨/૮૪૨ (૮૬) મિર્કાત શરહે મિશ્કાત, ૫/૬૩૮ (૮૭) મિશ્કાત શરીફ, પેજ–૬૯ (૮૮) મિશ્કાત શરીફ, પેજ–૬૯ (૮૯) મિશ્કાત શરીફ, પેજ–૬૯ (૯૦) સૂ. તૌબા–૧૧૯. (તહફ્ફુઝે અકાઈદ નંબર, ઈસ્તિકામત ડાયજેસ્ટ, ઈ.સ. ૧૯૯૬)*

# વો ઘટાએં ઉસે મંઝૂર હૈ બળહાના તેરા ﷺ

કાર્યાલય

**તેરે ખુલ્ક઼ કો હક઼્ક઼ને અ઼ઝીમ કહા–તેરી ખલ્ક઼ કો હક઼્ક઼ને જમીલ કિયા**
**કોઈ તુઝસા હુવા હૈ ન હોગા શહા–તેરે ખાલિક઼ે હુસ્નો અદાકી ક઼સમ**

હદીષે પાકમાં છે, અલ્લાહના રસૂલ ﷺ ફર્માવે છે કે : તમારામાંથી કોઈ ઈમાનવાળો થશે નહીં જ્યાં સુધી હું તેને તેના મા બાપ, ઔલાદ તથા **"તમામ લોકો કરતાં વધારે પ્રિય"** ન થઈ જાઉં. *(બુખારી, વ મુસ્લિમ, રાવી : અનસ બિન માલિક رضی اللہ عنہ)*

એક હદીષમાં છે : તમારામાંથી કદીય કોઈ મો'મિન થશે નહીં જ્યાં સુધી હું તેને તેના **"પ્રાણ કરતાં વધારે પ્યારો"** ન થઈ જાઉં. *(બુખારી, રાવી: હઝરત અબૂહુરૈરહ رضی اللہ عنہ, નુઝહતુલ ક઼ારી, ભાગ–૧)*

વિચારો ! મુસલમાનો ! જ્યાં સુધી અલ્લાહના પ્યારા મહબૂબ ﷺની મહોબ્બત આપણા દિલમાં જગતભરના સર્વ લોકો બલ્કે મા બાપ કરતાં પણ, બલ્કે આપણી જાન કરતાં પણ વધારે નથી તો આપણે મો'મિન નથી. સારાંશ કે રસૂલે પાક ﷺની મહોબ્બતને ખાતર સર્વ લોકો તથા મા બાપ છોડવાં પડે તો છોડી દેવાં પણ રસૂલે પાક ﷺની મહોબ્બત ન છૂટે. બલ્કે મહબ્બતે રસૂલમાં જાન પણ કુર્બાન કરવાનો વારો આવે તો તે પણ કુર્બાન કરે તે સાચો મો'મિન ગણાશે, નહીં તો ફક્ત દલીલ વિનાનો દાવેદાર જ રહેશે !

**★ જેની સાથે જાન કરતાં અધિક મહોબ્બત હોય તેના પ્રત્યે કેવું વર્તન થશે ?! ★**

જેના પ્રત્યે ઈન્સાનને મહોબ્બત હોય છે તો તેના ચહીતા પાત્રમાં તેને ખૂબીઓ અને ખૂબીઓ જ નજર આવે છે, તેના અયબ સંબંધે તો વાત સાંભળવા પણ તૈયાર નથી હોતો, આ મહોબ્બતનો તકાઝો છે. અને જેને જાનથીય પ્રિય ગણે તેના કોઈ અયબ કાઢે, તેની પ્રતિભા કે શાનને ઘટાડવા કોઈ ઉતરતા શબ્દો બોલે તો તેને તે સહન કરી શકતો નથી, બલ્કે પોતાના પ્રિય પાત્ર માટે સહેજ ઘસાતુ બોલનારને તે દુશ્મન સમજે છે. આ તો સામાન્ય માણસની અન્ય માણસ પ્રત્યેની મહોબ્બતમાં આ વર્તન તથા લગાવ તેના ચાહનારને હોય છે કે તેના ખરેખર અયબને પણ અયબ માનવા તે તૈયાર થશે નહીં. જ્યારે કે **અલ્લાહના પ્યારા મહબૂબ ﷺ કે જેમને અલ્લાહ તઆલાએ બેઅયબ પેદા કર્યા છે, તેમનામાં કોઈ અયબ બતાવે અથવા તેમની શાનને ઉતારી પાડતા શબ્દો બોલે કે લખે કે એવો અક઼ીદો ધરાવે તો તે કયા મોઢે પોતાને રસૂલુલ્લાહ ﷺને ચાહનારો કહી શકે છે ?!** યક઼ીનન ! તે નબી પાક ﷺનો ગુસ્તાખ પુરવાર થશે અને ઈસ્લામના વર્તુળથી બહાર નીકળી જનારો સાબિત થશે.

તમે વિચારશો કે અરે ! અલ્લાહ عزوجل એ જેમને પોતાના રસૂલ બનાવ્યા, બલ્કે

અંબિયાઓના સરદાર બનાવ્યા તેમના વિશે ઉતરતી કક્ષાના શબ્દો બોલવાની હિંમત કોણ કરી શકે છે ?! પણ હા ! આ પૃથ્વીના પટ પર એવા પણ બદબખ્ત લોકો છે અને કેટલાય પૃથ્વીના પટ નીચે દટાઈ ગયા કે જેમણે અલ્લાહના બેમિષાલ શાનવાળા નબી માટે હલકા શબ્દો ઉચ્ચાર્યા તથા લખ્યા અને પોતે જહન્નમને વહાલા થઈ ગયા ! (અલ્લાહની પનાહ !)

**★ તે કોણ લોકો છે અને શાને મુસ્તફામાં કેવાક નીચ શબ્દો કહ્યા ?! ★**

અખંડ ભારતમાં એક સાથે બે ગુમરાહ ફિર્કાઓ (૧) ગૈર મુકલ્લિદ કહેવાતા **અહલે હદીષ** (૨) **દેવબંદી-જમાતી**ના સ્થાપક જન્મદાતા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ પોતાની કિતાબ **''તકવિયતુલ ઈમાન''**માં નબી પાક ﷺની શાન ઘટાડતાં તૌહીદને આડ બનાવીને લખ્યું છે કે :–

**૧.** જેનું નામ મુહમ્મદ (સલ.)★ કે **અલી (રદી.)** છે તે **કોઈ ચીજના માલિક અને મુખ્તાર નથી.** *(પેજ–૧૨૩)*

**૨.** લખે છે : આવું બોલવું ન જોઈએ કે, ''અલ્લાહ અને રસૂલ (સલ.) ચાહશે તો ફલાણુ કામ થઈ જશે !'' કારણ કે આખા જગતનો વહિવટ અલ્લાહ તઆલાની ઈચ્છાથી જ પાર પડે છે. **''રસૂલ (સલ.)ના ઈચ્છવાથી કશું થતું નથી.''** *(પેજ–૧૬૬)*

**૩.** અવલિયા, અંબિયા, ઈમામ, ઈમામ પુત્રો, પીરો, શહીદો વગેરે જેટલાય અલ્લાહના મુકર્રબ બંદાઓ છે તે સઘળા ઈન્સાનો જ છે અને **અલ્લાહના વિવશ (લાચાર) બંદાઓ** તથા **આપણા ભાઈઓ** છે, પરંતુ અલ્લાહ તઆલાએ એમને મોટાઈ અર્પણ કરેલી છે, એટલે તેઓ **''આપણા મોટાભાઈ'' ઠર્યા** એ કારણે આપણ સૌને એમની પેરવી કરવાનો હુકમ થયેલો છે. **આપણે એમના નાના (ભાઈઓ) છીએ,** એટલે આપણે એમનું સન્માન કરવું જોઈએ, પણ આ સન્માન (તાઝીમ) ઈન્સાનો જેવું હોવું જોઈએ, ખુદા જેવું નહિ. *(પેજ–૧૬૬)*

**૪.** દરેક મખ્લૂક **ચાહે તે નાનો હોય કે મોટો** (નબી, વલી) અલ્લાહની શાનની સામે **''ઢેડ ચમાર''થી પણ અપમાનિત (નીચ)** છે. *(પેજ–૪૯ તથા ૫૧)*

**૫.** (મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી એક હદીષનો ભાવાર્થ સમજાવતાં લખે છે :) એટલે કે કોઈ બુઝુર્ગની શાનમાં જોઈ વિચારીને અને જીભ સંભાળીને બોલતા રહો અને જે તારીફ **માનવીને છાજતી હોય તેવી જ તારીફ કરો અને એમાં પણ યથાશક્તિ વાતને ટૂંકાણમાં જ પતાવતા રહો...**(પેજ–૧૯૪) એટલે **માનવીને છાજે એવી તારીફમાં પણ કમી કરો !**

**૬.** અલ્લાહ તઆલાએ આપને જ આ હુકમ ફર્માવ્યો કે **લોકોની સામે પોતાની વિસાત (હૈસિયત) વર્ણવી દો** કે મને કાંઈ જ કુદરત પ્રાપ્ત નથી, અને હું ગૈબ પણ જાણતો નથી. મારી કુદરતનો અંદાજો આટલેથી જ લગાડી લો કે **હું સ્વજાત માટે ય નફા-નુકસાનનો માલિક નથી તો બીજાઓને તો શું લાભ-નુકસાન પહોંચાડી શકવાનો હતો ?...** *(પેજ–૭૪)*

★ હુઝૂર ﷺના નામ સાથે (સલ.) વગેરે ટૂંકાણમાં લખવું હરામ છે પણ આ ગુસ્તાખી કરવાનો અંદાજ છે કે જાણીબુઝીને દેવબંદી વહાબીઓ એવું જ લખે છે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

૭. **(એક જગાએ લખ્યું છે)** : અલ્લાહ તઆલા પોતાના બંદાઓની સાથે દુનિયામાં યા કબરમાં કે આખેરતમાં જે વર્તાવ કરશે એની હકીકત અલ્લાહ તઆલા સિવાય કોઈ જાણતું નથી, **ન કોઈ નબી અને ન તો કોઈ વલી-બુઝુર્ગ આ હકીકત જાણે છે. તેઓ જ્યારે પોતાની હાલત જાણતા નથી તો બીજાઓની હાલત કેવી રીતે જાણી શકવાના હતા ?....** *(પેજ-૮૦)*

*(ઉપરોક્ત સાત અકીદાની વાતો ઉર્દૂમાં દેવબંદી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની લખેલી કિતાબ "તકવિયતુલ ઈમાન"માં લખેલી છે. ગુજરાતી અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશન નં. ૯૬, આવૃત્તિ-પાંચમી, પ્રકાશક : દારૂલ ઉલૂમ ભરૂચ-કંથારીયા)*

## ★ શું કુર્આન હદીષની રૂએ ઉપર દર્શાવ્યા એ જ અકીદા મુસલમાનના હોવા જોઈએ ?! ★

**હે મુસલમાન ભાઈઓ ! બહેનો !** નબી પાક ﷺની શાનમાં ઉપરોક્ત લખાણને ફરી વાંચો અને દિલ પર હાથ રાખીને કહો કે શું આવા અકીદાવાળો પણ મુસલમાન કહેવાય ?! શું અલ્લાહ તઆલાએ જેમને નબીઓના રસૂલોના સરદાર સૈયદુલ અંબિયા બનાવીને મોકલ્યા તેમને કોઈ જ અધિકાર કોઈ જ કમાલો નથી આપ્યા ?! એ પણ યાદ રાખશો કે એ જ કિતાબમાં **હુઝૂર ﷺના ઈલ્મને કે ઈખ્તિયારને "અલ્લાહના આપવાથી માનીએ તો પણ" શિર્ક ગણાશે, અને એ રીતે પણ નબીને ઈલ્મવાળા કે ઈખ્તિયારવાળા માનીએ તો આપણે મુશ્રિક થઈ જઈએ !** એવું સ્પષ્ટ લખેલું છે. *(જુઓ એ જ ગુજરાતી કિતાબનાં પેજ નં. ૩૮, ૩૯)*

આવો ! દોસ્તો ! હવે આપણે જોઈએ કે કુર્આન હદીષમાં નબી પાક ﷺની શું શાન દર્શાવી છે તથા સહાબાએ કિરામનો આપ ﷺની શાનના બારામાં શું અકીદો હતો.

**ઈમામ તિર્મિઝી**એ હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہથી રિવાયત કરી કે શબે અસ્રા (મેઅરાજ)માં નબી કરીમ ﷺની પાસે લગામ અને ઝીન સહિત બુરાક લાવવામાં આવ્યું જે સવારીના સમયે ઉછળવા લાગ્યું તો **જિબ્રઈલ** علیہ السلام**એ ફર્માવ્યું** કે તું સરવરે કાઈનાત ﷺની સમક્ષ આવી હરકત કરે છે ! જ્યારે કે **આનાથી પહેલાં તારા ઉપર કોઈ એવો શખ્સ સવાર નથી થયો જે "અલ્લાહ તઆલાની નજીક સૌથી વધારે ઈજ્જતવાળો" હોય.** આ સાંભળીને બુરાક પસીનો પસીનો થઈ ગયું. *(જવાહિરુલ બિહાર ફી ફઝાઈલિન્નબિય્યિલ મુખ્તાર, પેજ-૩૦, લેખક : અલ્લામા મુહમ્મદ યૂસુફ નબ્હાની* رحمۃ اللہ علیہ*, હિ.સ. ૧૨૬૫-૧૩૫૦, પેજ-૩૦)*

**વિચારો !** હઝરત જિબ્રઈલ علیہ السلام તો કહે છે કે આપણા નબી ﷺ અલ્લાહ તઆલાની નજીક સૌથી વધારે ઈજ્જતવાળા છે, જ્યારે દેવબંદી વહાબી કહે છે કે, **એમની "મોટાભાઈ" જેટલી જ ઈજ્જત કરવી, અલ્લાહની શાન સામે "ઢેડ ચમાર"થી પણ અપમાનિત (નીચ) છે, (સામાન્ય) માણસ જેટલી એમની તારીફ કરો બલ્કે એમાં પણ કટિંગ કરો !** તો હવે તમે કોની વાત માનશો ?! આ ગુસ્તાખે નબી દેવબંદી વહાબીની કે માસૂમ ફરિશ્તાઓના સરદાર હઝરત જિબ્રઈલ علیہ السلامની ?!

વળી કુર્આને પાકમાં અલ્લાહ તઆલા ખુદ ફર્માવે છે : وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ "અને અમે તમને નથી મોકલ્યા પણ રહમત સર્વ જહાનો માટે." *(સૂ. અંબિયા-૧૦૭)*

ઈમામ સમરકંદી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે,

**"આપ જિન્નો તથા ઈન્સાનોના માટે રહમત છે."** કેટલાય બુઝુર્ગાને દીન ફર્માવે છે કે, **"આપ સમગ્ર મખ્લૂક઼ના માટે રહમત છે."** હવે દેવબંદી અક઼ીદા પર વિચાર કરો કે **જે સર્વ મખ્લૂક઼ માટે રહમત હોય તેની તાઝીમ કેવળ "મોટાભાઈ" જેટલી જ કરવામાં આવે ?! શું આ જ જાનથી વધારે પ્યારા નબી ﷺની મહોબ્બતનો તકાઝો છે ?!**

એ જ આયત હેઠળ છે કે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે નબી અકરમ ﷺએ ફર્માવ્યું, જિબ્રઈલ علیہ السلامએ મારી પાસે હાજર થઈને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ મારો તથા તમારો રબ ફર્માવે છે કે શું તમે જાણો છો કે આપના ઝિક્રને કેવી રીતે બુલંદ કરવમાં આવ્યું છે ? આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલા જ બેહતર જાણે છે. જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, **"ખુદાનો ઈર્શાદ છે કે જ્યાં મારું ઝિક્ર થશે ત્યાં તમારું પણ ઝિક્ર થશે."** એટલે કે પરવરદિગારે આલમે પોતાના ઝિક્રની સાથે આપના ઝિક્રને, પોતાની ઈતાઅત (આજ્ઞાપાલન)ની સાથે આપના આજ્ઞાપાલનને, અને પોતાના નામની સાથે આપના નામ મુબારકને મિલાવ્યું છે. જેમ કે ઈર્શાદે ખુદાવંદી છે : **يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اَطِيْعُوا اللّٰهَ وَ اَطِيْعُوا الرَّسُوْلَ** "અલ્લાહનો હુકમ માનો અને તેના રસૂલનો હુકમ માનો." *(મુહમ્મદ-૩૩)* તથા ફર્માવ્યું : **يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اٰمِنُوْا بِاللّٰهِ وَ رَسُوْلِهٖ** "અને ઈમાન રાખો અલ્લાહ અને અલ્લાહના રસૂલ પર." *(સૂ.નિસાઅ-૧૩૬) વગેરે. (હવાલો : જવાહિરુલ બિહાર, ભાગ-૧, પેજ-૩૦ થી ૩૫)*

એક આયતમાં છે : **وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ** "અને અમે તમારા માટે તમારા ઝિક્રને બુલંદ કર્યું." *(સૂ. નશ્રહ-૪)* એટલે નબી કરીમ ﷺના ઝિક્રને સવાલ કર્યા વિના બુલંદ કર્યું.

અલ્લાહ આપ ﷺના ઝિક્રને બુલંદ કરે છે છતાં તમે "મોટાભાઈ" જેટલી જ તાઝીમ કરશો ?! હજી પણ કહેશો કે "મોટાભાઈ" જેટલી જ તાઝીમ કરવામાં આવે ?! **કુર્આન હદીષમાં ક્યાંક "મોટાભાઈ" જેટલી તાઝીમનો હુકમ આવ્યો છે ?!** અને કોઈ પણ સહાબીને ભલે તેમનો મર્તબો જાહેર કરવા સન્માનતાં રસૂલે પાક ﷺએ ભાઈ કહ્યા હોય તો શું તે **સહાબીએ રસૂલુલ્લાહ ﷺને ભાઈ કે મોટાભાઈ કહ્યા છે કે હમેશાં "યા રસૂલુલ્લાહ"થી જ સંબોધ્યા છે ?** જો કોઈ સહાબીએ "હે ભાઈ !" કહીને રસૂલુલ્લાહ ﷺને નથી સંબોધ્યા, તો તમે **"મોટાભાઈ"ની બિદઅત** કાઢી બિદઅતી શા માટે બનો છો ?! અને શા માટે મુસલમાનોને ગુમરાહ કરો છો ?!

વળી "તક઼વિયતુલ ઈમાન"માં છે કે, **અલ્લાહ ને જ માન ! એ સિવાય કોઈને ન માન !"** જ્યારે કુર્આનમાં તો ઉપર જણાવ્યું તેમ રસૂલ પર ઈમાન લાવવા રબ ફર્માવે છે ! તો કોનું માનશો ?!

## ★ આવો ! જુઓ રસૂલુલ્લાહ ﷺએ પોતાની શું શાન વર્ણવી છે ?! ★

હઝરત અનસ رضی اللہ عنہની રિવાયત છે કે, **"હું આદમ علیہ السلامની સર્વ ઔલાદમાં મુકર્રમ (ઈજ્જતવાળો)** છું અને આ કેવળ ફખ્ર (ગર્વ)ના રૂપે નથી કહેતો . હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની રિવાયતમાં છે કે **હું સર્વ અવ્વલીન તથા આખરીન કરતાં વધુ બુઝુર્ગ (મહાન) છું**, અને આ ગર્વરૂપે નથી કહેતો. અને હઝરત આઈશા رضی اللہ عنہا રિવાયત કરે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ કે, એકવાર **જિબ્રઈલ علیہ السلامએ મારી બારગાહમાં હાજર થઈને કહ્યું**, હુઝૂર ! મેં જમીનના પૂર્વ તથા પશ્ચિમ અને

ઉત્તર તથા દક્ષિણ સુધી દરેક ખૂણાઓમાં છાનબીન કરી પરંતુ **આપનાથી અફઝલ કોઈને ન પામ્યો** અને બની હાશિમથી બેહતર કોઈ ઔલાદને ન પામી. *(હવાલો : જવાહિરુલ બિહાર, ભાગ–૧, પેજ–૧૦૫)*

આવો ! વધુ એક હદીષે પાક વાંચો જેમાં છે કે હઝરત આદમ عليه السلام એ પોતાની લગઝિશના વખતે બારગાહે ખુદાવંદીમાં દુઆ કરી, હે બારી તઆલા ! મુહમ્મદ ﷺ ના વસીલાથી મારી ગલતીને માફ ફર્માવી દે ! ઈર્શાદે બારી તઆલા થયો, હે આદમ ! તમે મુહમ્મદ ﷺ ને કેવી રીતે ઓળખ્યા ?! અર્ઝ કરી, જન્નતમાં દરેક જગાએ આ જ લખેલું જોયું કે **લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** ﷺ એને જોવાથી મને યકીન થઈ ગયું કે તે **અલ્લાહના સૌથી મોઅઝ્ઝઝ્ અને મુકર્રમ (ચહીતા, ઈજ્જતવાળા) બંદા છે.** અલ્લાહ તઆલાએ આદમ عليه السلام ની તૌબા કબૂલ ફર્માવી અને તેમને બખ્શી આપ્યા. *(હવાલો : જવાહિરુલ બિહાર, ભાગ–૧, પેજ–૧/૧૧૧)*

જે જેટલો મહાન હોય એટલી એની તાઝીમ કરવામાં આવે છે, હવે જ્યારે નબી ﷺ ખુદ શું ફર્માવે છે તે ફરી વાંચો અને કહો કે શું **આપણે રસૂલુલ્લાહ ﷺ નું માનીએ કે દેવબંદી વહાબીનું માનીએ ?!** દેવબંદી વહાબી અકીદા પ્રમાણે તેમની "મોટાભાઈ" જેટલી કે ગામના "ચૌધરી" જેટલી ઈજ્જત કરીએ કે મખ્લૂકમાં સૌથી મહાન નબી ﷺ રૂપે ઈજ્જત કરીએ ?!

બુખારી કિતાબુશ્શરૂતમાં રિવાયત છે કે ઉરવા બિન મસ્ઊદ બારગાહે રિસાલતમાં હાજર થયો અને તેણે સહાબીઓ નબી કરીમ ﷺ ની કેવી મહોબ્બત તથા તાઝીમ કરે છે તેનો ચિતાર પોતાની કૌમમાં રજૂ કર્યો કે :–

"હે કૌમ ! અલ્લાહની કસમ ! હું બાદશાહોના દરબારોમાં પ્રતિનિધિમંડળ લઈને ગયો છું. મેં કૈસર તથા કિસ્રા અને નજાશીના દરબારમાં હાજરી આપી છે, પણ ખુદાની કસમ ! મેં કોઈ બાદશાહ એવો નથી જોયો કે તેના સાથી તેની એવી તાઝીમ કરતા હોય જેવી રીતે મુહમ્મદ ﷺ ના સાથી તેમની તાઝીમ કરે છે. ખુદાની કસમ ! જ્યારે તે થૂકે છે તો તેમનું થૂક મુબારક કોઈ ન કોઈ સહાબીની હથેળી પર જ પડે છે જેને તે પોતાના ચહેરા તથા શરીર પર ઘસી લે છે. જ્યારે તે હુકમ આપે છે તો તુરંત પાલન થાય છે. જ્યારે વુઝૂ કરે છે તો એવું મેહસૂસ થાય છે કે લોકો વુઝૂનુ ધોવાણ હાંસલ કરવા એકબીજા સાથે લડવા મરવા તૈયાર થઈ જશે. તે લોકો પોતાના અવાજોને તેમની બારગાહમાં પસ્ત રાખે છે અને તાઝીમના કારણે પોતાની આંખો નીચી રાખે છે." *(બુખારી શરીફ, કિતાબુશ્શરૂત)*

જ્યારે સહાબાએ કિરામ નબી ﷺ ની આટલી હદે તાઝીમ કરતા હતા તો પછી આ વહાબી દેવબંદીઓ "મોટાભાઈ" જેટલી કે ગામના "ચૌધરી" જેટલી કે (સામાન્ય) માનવી જેટલી તાઝીમ કરવાનો કાયદો લાવ્યા ક્યાંથી ?! શું સહાબીઓનો અમલ આપણા માટે હિદાયતનો તથા અનુસરણનો સબબ નથી ? બતાવો ! મુસલમાનો ! તમે હવે સહાબીઓની વાત પર ચાલશો કે વહાબી દેવબંદીઓની ?!

### ★ વળી આ હદીષે તો દેવબંદી વહાબીના ગુસ્તાખે નબી હોવા પર મોહર જ મારી દીધી ! સાંભળો ! ★

હઝરત ઉકબા બિન આમિર رضي الله عنه થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું : **"હું**

**તમારા માટે હૌઝે કૌષર પર આગળ જનારો છું** અને **તમારા ઉપર ગવાહ** છું. **ખુદાની ક઼સમ ! મારા હૌઝને અત્યારે પણ જોઈ રહ્યો છું.** જમીનના ખજાનાઓની કૂંચીઓ મને અતા કરી દેવામાં આવી છે...''

*(હવાલો : જવાહિરુલ બિહાર, ૧/૧૦૭)*

**હે હુઝૂર ﷺને ''મોટાભાઈ'' કહેનારા ''નાનાભાઈઓ !'' દેવબંદી વહાબીઓ ! શું આ ઈલ્મે ગયબ નથી ? આ ઈખ્તિયાર નથી ?!** નબી ﷺ દાવો કરી રહ્યા છે કે **હું હૌઝે કૌષર પર તમને સૈરાબ કરવા તમારા પહેલાં જનારો છું !** અને તમારા પર ગવાહ છું. એટલું જ નહીં દુનિયામાં રહીને હૌઝે કૌષર જોઈ રહયાનો દાવો કરી રહ્યા છે ! અને જમીનના ખજાનાઓ આપને સોંપી દેવામાં આવ્યા છે. **અલ્લાહ તેના મહબૂબ ﷺને અતા કરે છે અને તમે શા માટે સળગી મરો છો ?!** મતલબ એ છે કે તમારા દિલોમાં રસૂલે ખુદા ﷺથી મહોબ્બત નહીં અદાવત ભરેલી છે એટલે ! બતાવો ! હુઝૂર ﷺ સાચા કે તમે હુઝૂરને **''મોટાભાઈ''** તથા **''ચૌધરી''** કહેનારા સાચા ?!

### ★ શું આ ઈલ્મે ગયબનો દાવો હુઝૂર ﷺએ જૂઠો કર્યો છે ?! ★

હુઝૂર ﷺને ''મોટાભાઈ'' કહેનારા ''નાનાભાઈઓ !'' શું આવી હદીષો તમે નથી જોતા ?! સાંભળો ! હુઝૈફા رضی اللہ عنہ રિવાયત કરે છે કે ફખ્રે દો આલમ ﷺએ ફર્માવ્યું કે બારી તઆલા શાનહૂએ મને ખુશખબરી સંભળાવી છે કે સૌ પ્રથમ મારી ઉમ્મતના **જે શખ્સો મારી સાથે જન્નતમાં દાખલ થશે તેમની સંખ્યા સિત્તેર હજાર હશે. તેમનામાંથી દરેક હજારની સાથે સિત્તેર હજાર અધિક હશે,** એમનામાંથી **કોઈનો હિસાબ નહીં લેવામાં આવે..**

*(હવાલો : જવાહિરુલ બિહાર, ૧/૧૦૮)*

ઈમાનની નજરે આ હદીષ પાકને વારંવાર વાંચો અને ''નાનાભાઈઓ ! વહાબી દેવબંદીઓ''ને પૂછો કે **''અલ્લાહના આપવાથી આ ઈલ્મે ગયબ રસૂલે પાક ﷺને છે કે નહીં ?**

### ★ રસૂલના ચાહવાથી કાંઈ નથી થતું ! શું આ ઈસ્લામી માન્યતા છે ?! ★

ઉપરના લખાણમાં દેવબંદીઓનો અક઼ીદો તમે વાંચી ગયા કે, ''રસૂલ ﷺના ચાહવાથી કશું થતુ નથી.'' આવો ! કુર્આન હદીષમાં એવું કાંઈ છે તે જોઈએ. રબ તઆલા ફર્માવે છે :–

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَ اسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا

''અને જો તેઓ પોતાની જાનો પર જુલ્મ (ગુનાહો) કરે **તો હે મહબૂબ ! તમારી પાસે હાજર થાય,** પછી **અલ્લાહથી માફી ચાહે** અને **રસૂલ તેમની શફાઅત ફર્માવે તો** જરૂર અલ્લાહને ઘણો જ તૌબા ક઼બૂલ કરનારો મહેરબાન પામશે.''

*(સૂરએ નિસાઅ, આ. ૬૪)*

મુફતી અહમદ યારખાં رحمۃ اللہ علیہ એની તફસીરમાં ફર્માવે છે કે એનાથી જાણવા મળ્યું કે **અલ્લાહ તઆલા તૌબા ક઼બૂલ કરનાર તથા રહીમ તેના માટે છે જે હુઝૂર ﷺની બારગાહમાં હાજર થાય અને હુઝૂર તેના માટે દુઆ ફર્માવે,** નહીં તો કહ્હાર તથા જબ્બાર છે. *(નૂરુલ ઈર્ફાન, પેજ : ૧૩૯)*

ક્યાં ગયા તે ''નાના ભાઈ !'' જે એવું કહે છે કે રસૂલના ચાહવાથી કાંઈ નથી થતું ?! અલ્લાહ ફર્માવે છે કે હુઝૂર ﷺની બારગાહમાં આવે અને હુઝૂર તેમના માટે ભલામણ તથા દુઆ કરી આપે

તો જ તેની માફી થશે. જોયું ?! હુઝૂર ﷺના ચાહવાથી એક ગુનેહગારને જન્નત મળી શકે છે અથવા જહન્નમ ! આથી વધુ શું ઈખ્તિયાર જોઈએ ? આવી તો અનેક આયતો હુઝૂરે પાક ﷺના અધિકારને પ્રદર્શિત કરતી છે પણ દિલના આંધળાઓને નથી દેખાઈ શકતી.

રસૂલ ﷺના ઈખ્તિયાર સંબંધે હદીષે પાક જુઓ. ફર્માવ્યું : **મને અધિકાર આપવામાં આવ્યો** કે, "શફાઅત" લઈ લઉં અથવા અડધી ઉમ્મત જન્નતમાં લઈ જાઉં. તો મેં શફાઅત અપનાવી અને તે અધિક કામ આવનારી છે. શું તમે એવું સમજો છો કે હું પાકીઝા લોકોના માટે શફાઅત કરીશ ? નહીં ! બલ્કે ગુનેહગારો અને ખતાકારોના માટે શફાઅત કરીશ." *(મુસ્નદે ઈમામ અહમદ, ઈબ્ને માજહ શરીફ)*

## ★ શું "હુઝૂર ﷺને દિવાલ પાછળની ખબર નથી" એ ઈસ્લામી અક઼ીદો છે ?! ★

બીજી એક હદીષે પાકમાં છે. હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہથી રિવાયત છે કે ગઝવએ ખૈબરમાં હુઝૂર ﷺએ ફર્માવ્યું : (કેટલા દિવસથી કિલ્લો ફતહ થતો ન હતો) "કાલે આ ઝંડો હું એવા શખ્સને આપીશ કે **અલ્લાહ તઆલા તેના હાથ પર ફતહ અતા કરશે.** તે અલ્લાહ વ રસૂલથી મહોબ્બત કરે છે અને અલ્લાહ વ રસૂલ તેનાથી મહોબ્બત કરે છે." તમામ સહાબાએ બેચેનીમાં રાત પસાર કરી કે જોઈએ આ સદ્‌ભાગ્ય કાલે કોને મળે છે ?! સવારે આપ ﷺએ હઝરત અલી رضی اللہ عنہને બોલાવ્યા. તે વખતે તેમની આંખો દુઃખતી હતી. (તે જંગ કરવાને પાત્ર જ ન હતા પણ) આપ ﷺએ થૂક મુબારક લગાડીને આંખો ઠીક કરી આપી અને ઈસ્લામનો પરચમ તેમના હાથમાં આપી દીધો. *(બુખારી શરીફ)*

એક અન્ય હદીષમાં છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂરે અક઼દસ ﷺએ હઝરત ઝયદ, જઅફર તથા ઈબ્ને રવાહા رضوان اللہ تعالیٰ علیہم اجمعینના સંબંધે એઓની શહાદતની ખબર આવતાં પહેલાં જ લોકોને બતાવી આપ્યું હતું. ફર્માવ્યું : (જાણે લાઈવ જંગ જોઈ રહ્યા છે) હવે ઝંડો ઝયદે સંભાળ્યો, અને તે શહીદ થઈ ગયા. હવે જઅફરે ઉઠાવી લીધો અને એ પણ શહીદ થઈ ગયા. હવે ઈબ્ને રવાહાએ પકડયો અને તે પણ શહીદ થઈ ગયા. એ વખતે આપની આંખો અશ્રુમય હતી, ત્યાં સુધી કે ઝંડો અલ્લાહની તલ્વારોમાંથી એક તલ્વાર ખાલિદ ઈબ્ને વલીદ رضی اللہ عنہએ પકડયો અને અલ્લાહે કામયાબી અતા કરી.

*(બુખારી શરીફ, કિતાબુલ મનાક઼િબ)*

બીજી એક હદીષમાં છે કે હુઝૂર ﷺ બે ક઼બ્રો પાસેથી પસાર થયા તો આપે ફર્માવ્યું, **"આ બંનેવ પર અઝાબ થઈ રહ્યો છે,** કોઈ મોટા ગુનાહના કારણે નહીં, બલ્કે એમાંનો એક પેશાબના (છાંટાઓ)થી બચતો ન હતો અને બીજો ચુગલખોર હતો. પછી આપે લીલી ડાળી લીધી અને બે ટુકડા કરીને એક એક ક઼બ્ર પર રાખી દીધી. પૂછવા પર ફર્માવ્યું, જ્યાં સુધી આ લીલી (તર) રહેશે અઝાબમાં કમી થશે."

*(બુખારી શરીફ, કિતાબુલ જનાઈઝ)*

## ★ સાવધાન ! મુસલમાનો સાવધાન ! બદ્‌અક઼ીદાઓથી દૂર થઈ જાવ ! ★

હે નબી પાક ﷺનો કલ્મો પઢનારા ભાઈઓ ! બહેનો ! આ હદીષો તો દર્શાવી રહી છે કે હુઝૂરે અક઼દસ ﷺને અલ્લાહ તઆલાએ અદ્‌ભૂત ઈખ્તિયારો પણ આપેલા છે અને અજબનો ગયબનો ઈલ્મ પણ, કે મદીનામાં રહીને માઈલો દૂર લડતા મુસલમાનોના હાલાત લાઈવ

જોઈ રહ્યા છે ! ન તો કોઈ ટેલીવિઝન પર કે ન મોબાઈલ પર ! બલ્કે પોતાની મુબારક આંખો ડાયરેક્ટ એ નજારો જોઈ રહી છે ! વળી કબ્રો પાસેથી પસાર થાય તો તેની અંદરવાળાની દુનિયવી હાલત શું હતી તથા અંદર શું હાલત છે તે જણાવી દે ! શું આ અધિકાર નથી ?! ક્યાં છે તેઓ જે કહે છે કે રસૂલ ﷺને પોતાના આખેરતમાં થનારા અંજામની પણ ખબર નથી ?! તો **હજીય એવા અકીદાવાળાઓ તૌબા નહીં કરે કે, "હુઝૂર ﷺને દીવાલ પાછળનો ઈલ્મ ન હતો !" વળી "રસૂલના ચાહવાથી કાંઈ થતુ નથી !"** તથા એ અકીદાથી તૌબા નહીં કરે કે, **તેઓ (નબી વલી) જ્યારે પોતાની હાલત જાણતા નથી તો બીજાઓની કેવી રીતે જાણી શકવાના હતા ?!** શું આ બદ્અકીદાઓથી એઓ તૌબા નહીં કરે ?! ભાઈઓ ! બહેનો ! જો એઓ તૌબા ન કરે તો સમજી લો કે એમના મુકદ્દરમાં જહન્નમ નિશ્ચિત થઈ ચૂકી છે, એમને એમના હાલ પર છોડી દો, પણ તમે એવા ગંદા અકીદાવાળાઓથી અલગ થઈ જાવ અને નબી પાક ﷺના માટે ઉપરોક્ત લખાણમાં કુર્આન હદીષની રૂએ જે અધિકાર દર્શાવતા, ઈલ્મે ગયબ હોવાનું દર્શાવતા, આપના ચાહવાથી શું શું થઈ શકે છે એ દર્શાવતા, દુનિયામાં, કબ્ર, કયામતમાં પોતાના તસર્રુફના અધિકારો જે અલ્લાહે આપને અર્પણ કર્યા છે તેને દર્શાવતાં ફર્માનો વાંચી સાવધાન થઈ જાવ અને તેવાઓ સાથે દોસ્તી, શાદી સગાઈ વગેરે ઉઠક બેઠકના સંબંધો ખત્મ કરી લો અને તમારી આખેરતને તમારી ઔલાદની આખેરતને મહેફૂઝ કરી લો. રોજ ઉઠીને સાંભળીએ છીએ કે ફલાણાએ છોકરી કે છોકરો દેવબંદી વહાબીમાં પરણાવ્યો ! હવે તો એને બંધ કરો !

આજકાલ કેટલાક નાદાન સુન્નીઓ પણ એક ચર્બ ઝબાન ગુસ્તાખે નબી, **મોલ્વી તારીક જમીલનાં** બયાનો સાંભળે છે તેઓ જાણી લે કે તે પણ આ જ દેવબંદી, વહાબી, જમાતી અકીદાવાળો છે, તો પોતાની આખેરત બચાવવી હોય તો એવાઓનાં બયાનોથી દૂર રહો. આ બદ્બખ્ત એવા અંદાજમાં અલ્લાહ વ રસૂલની ગુસ્તાખી કરી જાય છે કે જાહિલ અવામને ખબર પણ નથી પડતી ! એની રદમાં અગાઉ તંત્રી લેખ (જાન્યુઆરી–૨૦૧૫)માં લખેલો છે તેને વાંચો.

હે પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! સ્થળ સંકોચને કારણે અમુક જ આયતો હદીષો રજૂ કરી છે, નહીં તો અનેક આયતો હદીષો શાને મુસ્તફામાં આવેલી છે. તમો પણ તથા તમારી ઔલાદને આ કિતાબો વંચાવો જેમાં અનેક આયતો, હદીષો, બુઝુર્ગોનાં કથનો તથા વાકિઆ ભરપુર ભરેલા છે જે તમારા તથા તમારી ઔલાદના સીનામાં ઈશ્કે રસૂલ, મહબ્બતે રસૂલ, તા'ઝીમે રસૂલ (ﷺ) જગાડશે અને બદ્અકીદાઓના કુફ્રી અકીદા ફેલાવતા ગંદા સાહિત્યથી પાક રાખશે, સલામત રાખશે. જેમ કે, **"અલ્લાહના હબીબ ﷺની શાન, બુઝુર્ગોના અકીદાઓ, સહાબાનો ઈશ્કે રસૂલ, જાઅલ હક્ક, રહનુમાએ હક્ક, હક્ક તથા નાહક્કની પેહચાન વગેરે."** એના માટે અમારા કાર્યાલયનો સંપર્ક કરશો.

*–(બરકાતે ખ્વાજા માસિક, ડિસેમ્બર–૨૦૨૫)*


## નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ઈસ્લામની તબ્લીગમાં રસૂલ ﷺ તથા સહાબાએ વેઠેલી તકલીફો અને આપણે

કાર્યાલય

રૂહમેં સોઝ નહીં, કલ્બમેં એહસાસ નહીં – કુછ ભી પયગામે મુહમ્મદ ﷺકા તુમ્હેં પાસ નહીં
વઝઅમેં તુમ હો નસારા તો તમદ્દુનમેં હુનૂદ – યહ મુસલમાં હૈ ! જિસે દેખ કે શરમાએ યહૂદ !
યૂં તો સૈયદ ભી હો મિર્ઝા ભી હો અફઘાન ભી હો – તુમ સભી કુછ હો બતાઓ તો મુસલમાન ભી હો ?!

–*(ડૉ. ઈકબાલ)*

આજે મુસલમાનોની ગૈર મુસ્લિમો જેવી હરકતો તથા હાલતો જોઈને દિલ કકડી ઉઠે છે. આજે મોટાભાગે પોતે આશિકે હુસૈન, આશિકે રસૂલ, આશિકે અહલે બયત હોવાના દાવેદારોના કિરદાર જોઈને કોઈ પણ દીન તથા સુન્નિયતનો હમદર્દ વ્યથિત થઈ જાય છે. એક તરફ મુહર્રમ શરીફનો મુબારક મહિનો ચાલી રહ્યો છે, ઈમામે હુસૈન તથા શોહદાએ કર્બલાની યાદમાં પ્રોગ્રામો થઈ રહ્યા છે તો બીજી બાજુ કહેવાતા આશિકે હુસૈન ભાઈ બહેનો શાદીઓની ધામધૂમમાં બેભાન થઈને પૈસાદાર હોવાના નશામાં ચૂર બનીને બેન્ડ બાજાના, ડાન્સ પાર્ટીના તથા દાંડીયા સાથે નાચગાનના બેહયાઈભર્યા પ્રોગ્રામો રાત રાતભર કરીને, બેહિસાબ ફુઝૂલખર્ચી કરીને યઝીદી કિરદારને અપનાવી અલ્લાહ પાકને નારાજ કરી રહ્યા છે તથા રસૂલે પાક ﷺ તથા ઈમામે હુસૈન رضی اللہ عنہની રૂહને નારાજ કરી રહ્યા છે. અલ્લાહ વ રસૂલના ઝિક્રની મેહફિલો, મીલાદ શરીફ કે અવલિયાની યાદની મેહફિલોમાં કદી ન આવનારા તથા આવી જાય તો સહેજ સમય થતાં અકળામણ અનુભવનારા ભાઈઓ રાત રાતભર આ શૈતાની પ્રોગ્રામોમાં, શાદીના બેહયાઈભર્યા જશ્નોમાં નાચી કૂદીને પૈસા લૂટાવીને પણ અતૃપ્ત રહી જાય છે ! બહેનો યહૂદ તથા ક્રિશ્ચનો જેવા ચુસ્ત, પારદર્શક તથા નગ્નતાભર્યા પોશાકોમાં **ડાન્સરો** તથા **મોડેલો** જેમ સજીધજીને પરાયા પુરૂષો વચ્ચે દોડીને પોતાની સુંદરતાનું પ્રદર્શન કરવાની મજા માણી રહી છે ! સ્ટેજો પર ડાન્સરો નાચી રહી છે તો ક્યાંક દુલ્હા દુલ્હનના સગાંમાંથી જ યુવાન, યુવતી બલ્કે આધેડો નાચી રહ્યા છે ! તો ક્યાંક ફટાકડા ફોડીને **શયતાનના ભાઈ** બની રહ્યા છે, અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના આદેશો, **કુર્આન હદીષના હુકમો તથા ઈસ્લામી શરીઅતના નિયમોથી જાહેરમાં અલલ એલાન જાણે બગાવત થઈ રહી છે !** માણસ ભૂખે મરે તો રબને કરગરે છે કે મારી રોજીનો ઝરીયો કરી આપ ! અને માલદાર થાય છે તો શૈતાનને રાજી કરવાનાં અને રબને નારાજ કરવાનાં કામો કરે છે. અલ્લાહની આપેલી દૌલતને લાખોમાં અલ્લાહના જ હુકમો વિરુદ્ધ હરામ કામોમાં છૂટથી ઉડાવાઈ રહી છે ! કાશ ! કે નબી પાક ﷺની યાદમાં તક્રીરો કરાવતા, નઅતે પાકની મેહફિલો કરતા, પણ એવું નથી થતું, બલ્કે મોટાભાગે ઠેર ઠેર શૈતાનને રાજી કરવાનાં જ કામો થાય છે, અને સમાજમાં એક વ્યક્તિ જોવા નથી મળતી જે એવાઓને દીની એહસાસ થાય તેવી વાત પણ કહે ! ખતીબોની જીભો પણ ગુંગી જણાય છે.

### ★ આ છે કહેવાતા સુન્ની મર્કઝની તથા ખાદિમે કૌમની હાલત ! ★

વળી આ હરામ કામો તો એક તરફ ! ઉપરથી કેટલીક જગાએ તો કહેવાતા સુન્નીઓ બલ્કે **સુન્ની**

**આગેવાનો** વહાબી દેવબંદીઓને ત્યાં કશાય ખચકાટ વિના શાદી વહેવાર કરી રહ્યા છે, **સુન્ની રહબર** તથા **ખાદિમે કૌમ** કહેવાતા લોકો એવી શાદીઓમાં ઠાઠપૂર્વક મહાલી રહ્યા છે ! ગુસ્તાખે રસૂલ ફિર્કાવાળા કે શરીઅતમાં **જેમની સોહબતને હજાર કાફિરોની સોહબતથી બુરી** કહેવામાં આવી, કુર્આન હદીષમાં તેમનાથી દોસ્તી વહેવાર કરનારાઓને, સગાઈ કરનારાઓને જહન્નમી ઠરાવ્યા એવા બદ્‌બખ્ત, નબી પાક ﷺના ગુસ્તાખોને ત્યાં આનંદ ઉલ્લાસ સાથે નિકાહ થઈ રહ્યા છે ! (કે હકીકતમાં નિકાહ થતા નથી, જે થશે તે વ્યભિચાર થશે, ઔલાદ હરામની થશે) એવાને ત્યાં શાદી થતી હોવા છતાં ૧૦૧% સુન્ની અવામ (ઈલ્લા માશાઅલ્લાહ !) કશાય ખચકાટ કે ક્ષોભ વિના હાજરી આપી રહી છે, અવામ તો અવામ પણ સુન્ની ઈદારાના જિમ્મેદારો તથા તલબા પણ એવી શાદીમાં મૌજૂદ છે અને **દીન તથા સુન્નિયતનો પયગામ ફેલાવવાનો દાવો કરનાર અહલે સુન્નતના મર્કઝ** ગણાતા ઈદારાના કર્મચારી એવા બીચારા ઉલમા હુફ્ફાઝને માનસિક દબાણ આપી એવી શાદીઓ, નાચગાનવાળી તથા બદ્‌અકીદા સાથે થતા સંબંધવાળી શાદીઓમાં જવા મજબૂર કરવામાં આવે છે. વળી ક્યાંક શાદીમાં વહાબીને ત્યાંથી મંગાવેલ ગોશ્ત જે મુરદાર છે તે જમાડાય રહ્યો છે તથા **ઈદારાના તલબા મુરદાર ગોશ્ત વહેંચી રહ્યા છે !** જબરદસ્તી એ મેહમાનાને રસૂલ તલબા પાસે આવા માલદારોની શાદીમાં કામ કરાવવામાં આવે છે, અને શરીઅતની સરહદોના રક્ષક એ ઉલમા પણ લાચાર જણાય છે ! એવો સમય આવી ગયો કે ઠેરઠેર મોટાભાગે ખતીબોની જીભો ગુંગી જણાય છે, કોઈ એક શરીઅતનો હુકમ ડંકાની ચોટ પર કહેવા હિંમત નથી કરતો કે ક્યાંક પોતાની નોકરી ન જતી રહે ! કહેવાતા "ગુલામે રસૂલ" શરીઅતના સિપાહીઓ, "નાદાન ટ્રસ્ટીઓના ગુલામ" જણાય રહ્યા છે ! અસ્તગફિરુલ્લાહ ! કોઈની ઈમાની રગ કેમ ફડકતી નથી ! આશ્ચર્ય છે ! પબ્લિકમાં પણ કોઈ નથી જે એવા આપખૂદ ટ્રસ્ટીઓને સવાલ પણ કરે !

**હે સુન્ની મુસલમાનો !** આ દીન તથા સુન્નિયત માટે આપણા પ્યારા નબી ﷺ તથા આપના જાંનિષાર સહાબા, સહાબિયાત તથા પૂર્વજ બુઝુર્ગોએ શું કુર્બાનીઓ આપી તેને પણ ભૂલી ગયા ?! શું આ દિવસો માટે તેમણે કુર્બાનીઓ આપી કે તમો નાચગાનમાં ડૂબી શૈતાનના દોસ્ત બની જાવ તથા વહાબીઓના વહાલા થઈ જાવ ?! નહીં ! નહીં ! આવો દોસ્તો આજે એક નજર એ કુર્બાનીઓના મન્ઝર તરફ કરી લઈએ તો શક્ય છે કે કોઈનું દિલ ભરાઈ આવે અને તૌબાની તૌફીક નસીબ થાય તથા ઈમાની જોશ જાગી ઉઠે અને દીન તથા સુન્નિયતની રક્ષા માટે કોઈ મર્દે મુજાહિદ ખડો થઈ જાય.

## ★ નમાઝની હાલતમાં ગળે ફાંસો આપવામાં આવ્યો ★

ખૂદ નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, **"મને અલ્લાહની રાહમાં એટલી તકલીફો આપવામાં આવી કે અન્ય કોઈને નથી આપવામાં આવી અને અલ્લાહના માર્ગમાં મને એટલો ડરાવવામાં આવ્યો જેટલો અન્ય કોઈને નથી ડરાવવામાં આવ્યો.** અને ત્રણ દિવસો તથા રાતો એવી પણ ગુજરી કે મારા માટે તથા બિલાલના માટે ખાવાની કોઈ એવી ચીજ મૌજૂદ ન હતી જેને કોઈ જાનદાર ખાય શકે છે પણ થોડી માત્રામાં."

*(સીરતે ઈબ્ને કષીર, ૧/૪૭૧)*

વિચાર કરો ! હે આશિકે રસૂલ ભાઈઓ બહેનો ! કેટલી તકલીફો નબી પાક ﷺને ઈસ્લામને ફેલાવવામાં પડી હશે ?! એકવારનો પ્રસંગ છે કે સરકારે દો આલમ ﷺ હરમ શરીફમાં નમાઝ અદા ફર્માવી રહ્યા હતા એવામાં ઉકબા બિન અબી મુઈત આવ્યો. તેણે પોતાની ચાદર હુઝૂરની ગરદનમાં નાખી દીધી અને તેને વળ આપવાનું શરૂ કર્યું અને એટલા જોરથી ફાંસો આપ્યો કે આપનો શ્વાસ રૂંધાવા લાગ્યો. અચાનક અબૂબક સિદીક આવી ગયા તો આ મન્ઝર જોઈને બેચૈન થઈ ગયા અને ઉકબાને તેના ખભેથી

પકડયો અને તેને જોરથી ધક્કો માર્યો જેથી તે દૂર જઈને પડયો અને કહ્યું, બેશરમો ! તમે એવી હસ્તીને મારી નાખવા ફરો છો જે એવું કહે છે કે મારો પરવરદિગાર અલ્લાહ તઆલા છે, અને તે તમારી સમક્ષ એના પર દલીલો પણ પેશ કરે છે. *(બુખારી–સીરતે ઈબ્ને કષીર, ૧/૪૭૦, ઝિયાઉન્નબી ﷺ, ૨/૩૧૨)*

### ★ સજદાની હાલતમાં સર મુબારક પર ઊંટની હોજરી નાખી ! ★

આપ ﷺ દીને હક્ક઼ ઈસ્લામને ખાતર કાફિરોની તકલીફોને સબ્રથી સહન કરતા રહ્યા. તે બદ્‌બખ્તો હુઝૂરના સબ્રને કમજોરી ગણતા રહ્યા અને તકલીફોમાં ઉમેરો કરતા રહ્યા, તેમ છતાં હુઝૂરે કદી તેમના બારામાં બદ્દુઆ ન કરી. એક દિવસે કાફિરોનો મજમો હરમમાં લાગેલો હતો. બે ત્રણ દિવસ પહેલાં અહીંથી થોડે દૂર લોકોએ ઊંટ ઝબહ કર્યા હતાં તેની હોજરીઓ વગેરે ત્યાં પડેલી હતી. તેમનામાંથી એક બદ્‌બખ્ત કહેવા લાગ્યો, તમારામાંથી કોણ એવો બહાદૂર છે જે એ દુર્ગંધમય હોજરીઓને ઉઠાવી લાવે અને જ્યારે એ (હુઝૂર) સજદામાં જાય ત્યારે તેમની ગરદન પર તથા પીઠ પર એ ગંદી હોજરીઓ રાખી દે જેથી મજા આવી જાય !

ઉક્બા બિન અબી મુઈત બોલ્યો, આ કારનામુ અંજામ આપવાના માટે હું તૈયાર છું ! તે ગયો અને ગંદી તથા દુર્ગંધમય હોજરીઓ ઉઠાવી લાવ્યો અને જ્યારે નબી કરીમ ﷺ સજદામાં ગયા તો તે બદ્‌બખ્ત ઉઠયા અને તે ગંદી હોજરીઓને હુઝૂરની ગરદન પર રાખી દીધી. કાફિરો એ મન્ઝર જોઈને અટ્ટહાસ્ય કરવા માંડયા અને હસી હસીને લોથપોથ થઈ ગયા અને એકબીજા પર પડવા લાગ્યા, પણ હુઝૂર ﷺ સજદાની લિજ્જતમાં ચૂર રહ્યા અને એ હરકતની પરવા ન કરી. છેવટે હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا એ આવીને તે હોજરીઓ દૂર હટાવી. હુઝૂરે તે બદ્‌બખ્તો પર બદ્દુઆ કરી જે તીર બની ગઈ. હઝરત અબ્દુલ્લાહ કહે છે કે જે લોકોનાં નામ લઈને હુઝૂરે બદ્દુઆ ફર્માવી તે તમામને બદરના મેદાનમાં મૌતને ઘાટ ઉતારવામાં આવ્યા. *(સીરતે ઈબ્ને કષીર, ૧/૪૬૮)*

### ★ ઈસ્લામના એલાનના લીધે બે સાહબઝાદીઓની તલાક઼ થઈ ગઈ ! ★

આજે કહેવાતા કટ્ટર સુન્નીઓ બદ્‌મઝહબો સાથે બેધડક સગાઈ સંબંધ કરે છે અને પછી તે સંબંધ જાળ વી રાખવા દીન તથા સુન્નિયતને પણ નેવે મૂકી દે છે ! તેમના માટે આ પ્રસંગ પણ બોધદાયક છે કે દીનની રાહમાં કેવા કેવા કારમા ઘા નબી પાક ﷺએ સહન કર્યા. શરૂમાં મુશ્રિકો સાથે મો'મિન ઔરતોના નિકાહની મનાઈનો હુકમ નાઝિલ થયો ન હતો. હુઝૂર ﷺની બે સાહબઝાદીઓ હઝરત રુકૈયા તથા ઉમ્મે કુલ્ષૂમ અબૂ લહબના બંને પુત્રો ઉત્બા તથા ઉતૈબાના નિકાહમાં હતી. જ્યારે સૂરએ તબ્બતયદા અબી લહબ નાઝિલ થઈ તો અબૂ લહબે પોતાના બંનેવ પુત્રોને બોલાવીને હુકમ આપ્યો કે તમે તાત્કાલિક તેમની પુત્રીઓને તલાક઼ આપી દો ! અને જો તમે એવું ન કર્યું તો મારો તમારો કોઈ સંબંધ બાકી રહેશે નહીં. હજી તે બે સાહબઝાદીઓની વિદાયગીરી થઈ ન હતી. જેથી જાલિમ બાપના બેરહમ પુત્રોએ હુઝૂર ﷺના દિલને દુઃખ પહોંચાડવા તથા રંજ પહોંચાડવાના માટે એમને તલાક઼ આપી દીધી. હુઝૂરે આ ઘા સહન કર્યો પણ દીનની તબ્લીગમાં જરાય મચક ન આવવા દીધી.

### ★ કાફિરો થકી વિવિધ રીતે રંજાડવામાં આવતા ! ★

તકલીફ પહોંચાડવાનો કોઈ તરીક઼ો એવો ન છોડયો જેના વડે તેમણે નબી પાક ﷺને દુઃખ ન પહોંચાડયું હોય. પોતાનાં ઘરોનો કચરો ગંદવાડ હુઝૂર ﷺના મુબારક ઘરમાં ફેંકતા રહેતા હતા. જેમ કે અબૂ લહબ, ઉક્બા બિન અબી મુઈત, હકમ બિન અબી આસ હુઝૂરના પડોશી હતા અને તેમનો રોજનો એ નિયમ હતો. હુઝૂર ﷺ સબ્ર તથા ધીરજપૂર્વક તેમની એ નીચ હરકતને પણ સહન કરતા અને તે કચરાને ઉઠાવીને બહાર ફેંકતા અને કેવળ એટલુ ફર્માવતા કે, "હે અબ્દે મુનાફના પુત્રો ! તમે પડોશીનો હક્ક઼ બરાબર અદા કરી રહ્યા છો !"

એકવાર ઉક્બા બિન અબી મુઈત દુશ્મનીમાં હુઝૂર ﷺની સામે ગયો અને તેણે નબી કરીમ ﷺ ના ચહેરા મુબારક પર થૂંકવાની હિંમત કરી તો અલ્લાહ તઆલાએ તેને આગનો અંગારો બનાવી દીધો અને પરત એના મોઢા પર માર્યો, જ્યાં તે લાગ્યો તે જગા બળી ગઈ અને કોઢની જેમ સફેદ ડાઘ પડી ગયો જે તેના મૃત્યુ સુધી બાકી રહ્યો.

હુઝૂર ﷺ કા'બા શરીફમાં તવાફ કરતા તો કાફિરો ભેગા મળીને આપની ઠેકડી ઉડાવતા છતાં નબી પાક ﷺ સબ્રથી કામ લેતા. આપ લોકોમાં ઈસ્લામની દા'વત આપતા તો આપના પર અબૂ લહબ ધૂળ ફેંકતો તથા તેની પત્ની આપના માર્ગમાં કાંટાઓ વેરતી હતી. જેથી એમની તબાહી દર્શાવતી સૂરએ તબ્બતયદા નાઝિલ થઈ.

## ★ તાઈફવાળાઓએ જુલ્મની સર્વ હદો વટાવી દીધી ! ★

નબી કરીમ ﷺએ **ઈસ્લામની રોશની** તથા **અલ્લાહના ક઼ાનૂનનું નૂર** ફેલાવવા તાઈફનો માર્ગ લીધો અને ત્યાં પહોંચી "અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય નથી" એવો પયગામ પહોંચાડવા ખૂબ કોશિશો કરી પણ છેવટે તાઈફવાળાઓએ શહેરના બદ્‌માશ ગુંડાઓને તથા નવયુવાન છોકરાઓને નબી કરીમ ﷺની પાછળ લગાડી દીધા. તેઓ ટોળારૂપે ભેગા થઈ ગયા અને હુઝૂરનો પીછો કરવાનું શરૂ કરી આપ્યું. ચીચીયારીઓ પાડતા, ધમકીઓ આપતા, અપશબ્દો બોલતા, પોતાની મૂર્તિઓના નારા લગાડતા લગાડતા હુઝૂરની પાછળ પડી ગયા. જે રસ્તે થઈને સરકારે દો આલમ ﷺને પસાર થવાનું હતું ત્યાં બંને બાજુ લાઈનબંધ ગોઠવાઈ ગયા અને જ્યારે હુઝૂર તેમના પાસે થઈને પસાર થયા તો તેમણે પથ્થરો વરસાવવાનું શરૂ કર્યું. હુઝૂર ﷺના બાબરકત ક઼દમોને પોતાના પથ્થરોનું નિશાન બતાવતા. જે પગ જમીન પર રાખતા ફટાક દઈને તેના પર પથ્થર પડતો. હુઝૂર તે પગ ઉઠાવતા અને બીજો પગ જમીન પર મૂકતા તો તેના પર પથ્થર પડતો, ત્યાં સુધી કે જાલિમોની પથ્થર વર્ષાથી મુબારક ક઼દમ ઝખ્મી થઈ ગયા અને લોહી વહેવાનું શરૂ થઈ ગયું. તેમની પથ્થર વર્ષા જ્યારે સખ્તી અપનાવી લેતી તો હુઝૂર દર્દની સખત તકલીફોને કારણે બેસી જતા. તે જાલિમો આગળ વધતા અને હુઝૂરને બાવડામાંથી પકડતા અને ઉભા કરી દેતા પછી પથ્થર વરસાવવાનુ શરૂ કરી દેતા અને અટ્ટહાસ્યો કરતા. ઝયદ બિન હારિષા બેચેનીના આલમમાં પોતાના આક઼ાને બચાવવા આડ બનીને ઉભા થઈ જતા તો કેટલાય પથ્થરો એમના માથા પર વાગ્યા અને ઝખ્મોથી લોહી વહેવા લાગ્યું..... *(ઝિયાઉન્નબી ﷺ, ૨/૪૪૩)*

હે આશિક઼ે રસૂલ ભાઈઓ તથા બહેનો ! હજી તમારાં દિલો નથી પીગળ્યાં ?! હજી તમને હુઝૂર ﷺની તકલીફો જોઈને દુઃખ નથી થયું ?! હજી તમને તમારાં ઈસ્લામ વિરુદ્ધ કામોથી દુઃખ નથી ઉપજતું કે **જે દીને ઈસ્લામના પ્રચાર માટે, જે શરીઅતની રોશની ફેલાવવા માટે, જે રબના ક઼ાનૂનને જગતમાં આમ કરવા માટે ખૂદ નબી પાક ﷺની જાતે આટલી આટલી તકલીફો વેઠી તેમની એ કુર્બાનીઓની આપણે શું લાજ રાખી ?! આપણે તે જ કાફિરોની જીવન પદ્ધતિ અપનાવી અને રંગે ચંગે નાચી કૂદીને બેહયાઈવાળી જિંદગી જીવવા લાગ્યા જેઓ આપણા પ્યારા નબી પાક ﷺના પર આ જ ઈસ્લામ તથા તેના ક઼ાનૂનોના પ્રચાર કરવાના કારણે જુલ્મોના પહાડ તોડયા હતા ! શરમ કરો ! તૌબા કરો !**

અહીં તે કહેવાતા મુસ્લિમ લીડરો–રહબરો ગૈરોના ધાર્મિક પ્રોગ્રામોમાં, ધાર્મિક સરઘસોના સ્વાગતમાં, રથયાત્રાઓમાં મૂર્તિઓ તથા સાધુઓ, મહંતોને ફૂલહાર કરી રહ્યા છે, તથા એકતાના નામે સભાઓમાં "અલ્લાહ તથા ભગવાન એક છે" એવી કુફ્રીવાણી બોલી રહ્યા છે તેઓ પણ સબક઼ લે અને એ વાતોથી તૌબા કરે.

### ★ એલાને નબુવ્વતથી વિસાલ સુધી તકલીફોની હારમાળા ! ★

એલાને નબુવ્વતથી કાફિરોના જુલ્મોની પરંપરા ચાલી. આપ ﷺની પૂરી મક્કી જિંદગી યાતનાઓથી ભરપૂર રહી જેના અમુક દષ્ટાંતો તમે ઉપર જોયાં. અને જુલ્મોની પરાકાષ્ટા થતાં રબ તરફથી હિજરતનો હુકમ થતાં મદીના પાક હિજરત કરી ગયા. ત્યાં પણ કાફિરોએ ચૈનથી જીવવા ન દેતાં જંગોનો ક્રમ શરૂ થયો, જંગે બદર, જંગે ઓહદ, જંગે ખૈબર, જંગે મૌતા, જંગે હુનૈન, ગઝવાએ તબૂક વગેરે જંગોમાં **નબી પાક ﷺ તથા સહાબાએ કિરામે પારાવાર મુસીબતો આ જ ઈસ્લામને ફેલાવવા તથા અલ્લાહના ક઼ાનૂનને આમ કરવા તથા ઝિંદા રાખવા વેઠી.** જંગે ઓહદમાં હુઝૂર ﷺ પર ઘાતક હુમ્લો કરી કાફિરોએ ચહેરાએ અન્વર પર તલ્વારનો જોરદાર ઘા કર્યો જેનાથી બે કડીઓ આપના ચહેરામાં ખુપી ગઈ, એક કાફિરે ચહેરા મુબારક પર પથ્થર માર્યો જેનાથી આપના બે દાંત મુબારક શહીદ થઈ ગયા અને નીચલો પવિત્ર હોઠ ઝખ્મી થઈ ગયો. તે ઉપરાંત હુઝૂર ﷺના ચહીતા કાકા હઝરત અમીરે હમ્ઝા શહીદ થઈ ગયા અને હિન્દાએ હઝરત હમ્ઝા رضی اللہ عنہનું પેટ ચીરી આપનુ કલેજુ કાઢીને તેને ચાવી લીધું, શહીદોનાં નાક, કાન વગેરે અંગોનો હાર બનાવીને પહેર્યો. ગસીલુલ મલાઈકા હઝરત હન્ઝલા શહીદ થયા, હઝરત મુસ્અબ બિન ઉમૈર શહીદ થયા, હઝરત ઝિયાદ બિન સકન, હઝરત અમ્ર બિન જમૂહ અન્સારી, હઝરત સઅદ બિન રબીઅ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ વગેરે કેટલાય સહાબીઓ શહીદ થયા, કેટલાય ઝખ્મી થયા. આ સિવાય અન્ય ગઝવાત તથા જંગોનો અભ્યાસ કરો તો તમને એહસાસ થશે કે ઈસ્લામની હિફાઝત તથા પ્રચાર માટે સહાબાએ તથા સહાબિયાતે કેવી કેવી કુર્બાનીઓ આપી છે. એ કુર્બાનીઓનો હેતુ, **"એક અલ્લાહની ઈબાદત થાય અને અલ્લાહનો ક઼ાનૂન જગત પર લાગુ થઈ જાય"** એ જ હતો. **ભૂતકાળના કાફિરો એવું થાય તે ઈચ્છતા ન હતા તથા હાલના કાફિરો પણ એ જ ચાહે છે,** જેથી તમે અલ્લાહ વ રસૂલને ચાહનારા છો તો તમે રસૂલે પાક ﷺ તથા સહાબા رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَની કુર્બાનીઓની લાજ રાખો અને ઈસ્લામ તથા શરીઅત વિરુદ્ધ કામોથી તૌબા કરી લો, નહીં તો **વિચારો કે તમે મુસલમાન થઈને રસૂલ ﷺ વિરુદ્ધ જઈને કાફિરોને સાથ આપી ખુશ કરી રહ્યા છો ! તો તમારો અંજામ શું આવશે તે વિચારો ?!**

### ★ ઈસ્લામને ખાતર સહાબાએ વઠેલા જુલ્મોની ઝલક ★

આ છે આશિકે રસૂલ સહાબી જેમનું નામ **હઝરત ખબ્બાબ** બિન અલ્ અરુત رضی اللہ عنہ છે, જેમને ઈસ્લામ સ્વીકારવાના કારણે કુરૈશે ખૂબ જ સતાવ્યા એટલે સુધી કે કોલસાના અંગારા ઉપર તેમને સૂવડાવવામાં આવ્યા અને એક માણસ તેમની છાતી પર પગ મૂકીને ઉભો રહ્યો એટલે સુધી કે એમની પીઠની ચરબી અને શરીરમાંથી થયેલા સ્ત્રાવથી કોલસા ઓલવાઈ ગયા ! વર્ષો પછી જ્યારે હઝરત ખબ્બાબ رضی اللہ عنہએ આ ઘટનાનું અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ સમક્ષ વર્ણન કર્યું અને પોતાની પીઠ ખોલીને દેખાડી. એ પીઠ પર સફેદ ડાઘા પડેલા હતા. આ ઈબ્રતનાક દશ્ય જોઈને હઝરત ઉમર رضی اللہ عنہનું હૈયું ભરાઈ આવ્યું અને આપ રડી પડયા.

**હઝરત બિલાલ** رضی اللہ عنہ કે જેઓ ઉમૈયા બિન ખલફના ગુલામ હતા. તેમની ગરદનમાં દોરડુ બાંધીને તેમને શેરીએ શેરીએ અને બજારમાં ઘસેડવામાં આવતા હતા, તેમની પીઠ પર લાઠીઓનો માર મારવામાં આવતો, બરાબર મધ્યાહન સમયે તેમને ભારે તડકામાં ગરમ રેતી ઉપર સૂવડાવીને તેમની છાતી પર એટલો ભારે પથ્થર મૂકવામાં આવતો કે જેથી તેમની જીભ બહાર નીકળી જતી હતી. ઉમૈયા કાફિર કહેતો હતો કે ઈસ્લામ છોડી દો નહીંતર આ રીતે જ રુંધાઈને મરી જશો. પરંતુ

એ સ્થિતિમાં પણ હઝરત બિલાલ رضی اللہ عنہ ઈસ્લામથી સહેજ પણ વિચલિત થતા નહોતા. બલ્કે જોશથી અહદ ! અહદ ! નો સુત્રોચ્ચાર કરતા હતા અને ઊંચા અવાજે કહેતા હતા કે ખુદા એક છે, ખુદા એક છે. *(સીરતે ઈબ્ને હુશ્શામ, ભાગ–૧, પેજ–૩૧૭ થી ૩૧૮)*

**હઝરત અમ્માર બિન યાસર** رضی اللہ عنہ ને પણ ગરમ ગરમ રેતી પર ચત્તા સૂવડાવીને કુરૈશના કાફિરો તેમને એટલું બધું મારતા હતા કે તેઓ બેભાન થઈ જતા હતા. તેમની માતા (વાલેદા) **હઝરત બીબી સુમૈયા** رضی اللہ عنہا ને ઈસ્લામ સ્વીકારવાને કારણે અબૂ જહલે તેમની નાભિ (ડૂંટી) નીચે નેજાનો એવો ઘા કર્યો કે તેણી શહીદ થઈ ગયાં. એ જ રીતે અમ્માર رضی اللہ عنہ ના પિતા **હઝરત યાસર** رضی اللہ عنہ પણ કાફિરોનો માર ખાતા ખાતા શહીદ થઈ ગયા. **હઝરત સુહૈબ રૂમી** رضی اللہ عنہ ને મક્કાના કાફિરો એટલી બધી ઈજાઓ આપતા હતા અને તેમને એવો ઢોરમાર મારતા હતા કે તેઓ કલાકો સુધી બેભાન રહેતા. જ્યારે તેઓ હિજરત કરવા લાગ્યા તો મક્કાના કાફિરોએ કહ્યું કે તમે પોતાનો બધો જ માલસામાન અહીં છોડીને મદીના જઈ શકો છો. આમ છતાં આપ રાજીખુશીથી દુનિયાની દોલતને લાત મારીને પોતાના ઈમાનની મૂડી સાથે લઈને મદીના ભણી ચાલી નીકળ્યા હતા.

**હઝરત અબૂ ફકીહ** رضی اللہ عنہ સફવાન બિન ઉમૈયા કાફિરના ગુલામ હતા. હઝરત બિલાલ رضی اللہ عنہ ની સાથે જ મુસલમાન થયા હતા. જ્યારે સફવાનને તેમના ઈસ્લામની ખબર પડી ત્યારે એણે એમના ગળામાં રસ્સીનો ફાંસો નાંખીને તેમને ખેંચ્યા અને ઘસેડતા ઘસેડતા ગરમ અને તપતી ભૂમિ પર તેમને ચત્તા સૂવડાવીને છાતી પર ભારે પથ્થર મૂકી દીધો. જ્યારે કાફિરો તેમને ઘસડીને લઈ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં સંજોગોવશાત એક ગુબ્રૈલા (ગોબરમાં ઉછરતો એક જીવ કે જંતુ) દેખાયો ત્યારે ઉમૈયા કાફિરે તેમને મ્હેણું મારતાં કહ્યું કે "જોઈ લે ! તારો ખુદા આ તો નથી ને ?!" અબૂ ફકીહે ફર્માવ્યું, "હે કાફિરની ઓલાદ ! ખામોશ ! મારો અને તારો ખુદા અલ્લાહ છે." આ સાંભળી ઉમૈયા કાફિર વધુ ગજબનાક બની ગયો અને એટલા જોશથી એમના ગળે ટૂંપો દીધો કે તેઓ બેભાન થઈ ગયા અને લોકો એમ સમજ્યા કે તેમના પ્રાણ ઉડી ગયા ! *(સીરતે મુસ્તફા ﷺ, અઝ : અબ્દુલ મુસ્તફા આ'ઝમી, પેજ : ૧૦૦, ૧૦૧)*

## ★ દિલમાં ઈમાનની હુંફ બાકી હોય તો હજીય સમજો ! ★

આવા અસંખ્ય સહાબી તથા સહાબિયાત હતાં જેમણે દીને ઈસ્લામને જીવંત રાખવા પારાવાર મુસીબતો વેઠી, એટલું જ નહીં નબી પાક ﷺના અતિ ચહીતા તથા હઝરત ફાતમા ઝહરા رضی اللہ عنہا ના લાડલા ઈમામે હુસૈન رضی اللہ عنہ એ ખાનદાને અહલે બયતના યુવાનો તથા કુમળા ફૂલોને કર્બલામાં પોતાની નજરો સમક્ષ શહીદ થવા દીધાં અને છેવટે પોતે પણ શહીદ થઈ ગયા, શા માટે ?! **નાનાજાનનો દીન બાકી રહે, ઈસ્લામની શરીઅત સલામત રહે.** યઝીદ શાનો શોખિન હતો ? **યઝીદ નાચગાનનો, વ્યભિચારનો, શરાબનો શોખિન તથા બેશુમાર હરામ કામોમાં સપડાયેલ હતો, ફાસિક઼ તથા ફાજિર હતો, જેથી તેની બયઅત કરવા કરતાં, તેને મુસલમાનોનો ઈમામ તથા અમીર માનવા કરતાં ઈમામ હુસૈન** رضی اللہ عنہ **એ આખુ ખાનદાન શહીદ કરવું બેહતર જાણ્યું. જ્યારે આપણે આશિકે઼ રસૂલ, આશિકે઼ સહાબા, આશિકે઼ અવલિયા, આશિકે઼ અહલે બયત હોવાના દાવેદારો એ જ રસૂલ, સહાબા તથા ઈમામ હુસૈન વિરુદ્ધ ઈસ્લામના દુશ્મનો, કાફિરો, યહૂદીઓ તથા ઈસાઈઓના તરીક઼ાને, યઝીદી તરીક઼ાને અપનાવીને તેમના જેવી રીતે જીવવાને ફખ્રથી અપનાવી રહ્યા છીએ !**

## ★ ઝાનિયા તથા દય્યૂષ કોણ ? તથા તેમનો અંજામ શું ?! ★

હે પ્યારી દીની બહેનો ! જે ફેશનપરસ્તીમાં તમે

રાચી રહી છો અને શાદીઓમાં તથા અન્ય ફંક્શનોમાં ચુસ્ત સ્લીવલેસ તથા ટૂંકાટચ સર્વ અંગ ઉપાંગો જાહેર કરતા ડ્રેસો પહેરી, રંગબેરંગી વાળોની લતો લહેરાવી સુંદરી હરીફાઈમાં નીકળી હોય તેમ અંગ પ્રદર્શન તથા સુંદરતાનું પ્રદર્શન અલલ એલાન કરીને મનમાં મલકાઈ રહી છો, પણ સાંભળી લો ! મુસલમાન ખાતૂનનું એ કામ હરગિઝ નથી. હદીષે પાકમાં આપણા પ્યારા નબી ﷺનું ફર્માન છે કે, **"જે સ્ત્રી એટલા માટે શણગાર સજે કે લોકો તેના પ્રતિ આકર્ષાય તો તે સ્ત્રી ઝાનિયા (વ્યભિચારીણી) છે."** શું તમે એવું ઈચ્છો છો કે અલ્લાહના રસૂલ ﷺની ઝબાની તમે "ઝાનિયા" ઠરો ! (અલ્લાહની પનાહ !)

તેમજ હે મર્દો ! જે પુરૂષ પોતાની સ્ત્રીઓને અંગ પ્રદર્શન તથા ફેશન કરી લોકોમાં નીકળતી, ગૈર મર્દોમાં ફરતી નથી રોકતો તેને **"દય્યૂષ"** કહેવામાં આવે છે, અને હદીષે પાકમાં છે કે, **"દય્યૂષ જન્નતની ખૂશ્બુ પણ પામશે નહીં."** અને જાણી લો કે જન્નતની ખૂશ્બુ ૫૦૦ વર્ષના અંતરેથી મેહસૂસ થતી હોય છે. હે મર્દો ! તમારા ઘરનું નિરીક્ષણ કરી લો કે ક્યાંક તમે તો "દય્યૂષ"ની વ્યાખ્યામાં નથી આવતા ?!

તો હે મુસલમાન ભાઈઓ ! બહેનો ! સમજો અને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના ફર્માનોને ગળે લગાડો અને કાફિરો, યહૂદીઓ, ક્રિશ્ચનો જેવી બેહયા કૌમોની જેમ જીવવાનું છોડી ઈસ્લામના કાનૂન પ્રમાણે જીવી ઈજ્જતદાર ઈન્સાન બનો, એમાં જ તમારી બંને દુનિયામાં ભલાઈ છે.

**હે સુન્નીઓ !** હજી સમય છે, જિંદગી બાકી છે, તૌબાના દરવાજા ખુલ્લા છે, માટે ઈસ્લામના જાંનિષારોની કુર્બાનીઓના ઈતિહાસને વાંચો અને તમારા દિલોને સવાલ કરો કે હું ક્યાં છું ? શું કરી રહ્યો છું ? ખુદાનો કેવો ગઝબ વહોરી રહ્યો છું ? અને જો દિલમાં લાગી આવે, ઈસ્લામની મહોબ્બત જાગી ઉઠે તો પોતાના કરતૂતોથી રડી રડીને સાચા દિલથી તૌબા કરી ઈસ્લામી જિંદગી અપનાવી લો, ખુદા વ રસૂલના દુશ્મનો વહાબી, દેવબંદી વગેરેથી સંબંધો સદંતર કટ કરો, ખુશી ગમીમાં તેમને ન નોંતરો, ન તેમને ત્યાં જાવ, અને સાચા પાકા સુન્ની બનીને જીવી જાવ એમાં જ તમારી બંને જહાનમાં ઈજ્જત તથા ભલાઈ છે. તથા તમારી ઔલાદને દીકરા–દીકરીઓને "સીરતે મુસ્તફા ﷺ તથા સહાબાનો ઈશ્કે રસૂલ, સહાબાએ કિરામનો કિરદાર અને આપણે (તોહફાએ નજાત, ભાગ–૬)..... વગેરે તથા ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ શીખવાડતી કિતાબો વંચાવી તેમનાં દિલોમાં ઈસ્લામની મહોબ્બત જાગૃત કરો જેથી તેઓ દીન પર રહી શકે, નહીં તો યાદ રાખશો કે ક્યાંક તમારી પ્રિય ઔલાદ જહન્નમમાં ન પડે અને તમારા માટે જહન્નમમાં જવાનો સબબ ન બને !

ઉલમા તથા ખતીબો પણ કોઈ ગેર શરઈ મસ્લેહતને ન અપનાવે બલ્કે દીને ઈસ્લામની હક્ક઼ વાતોને, **શરીઅતના હુકમોને ડંકાની ચોટ પર જાહેર કરે** જેથી પબ્લિકને સત્ય પહોંચાડવાની ફરજ તેમની પૂરી થાય, દીનથી બેપરવા **ટ્રસ્ટીઓની લગાડેલી લગામને મોઢેથી હટાવે,** નહીં તો હદીષે પાકમાં છે કે, **"ફિત્નાના સમયમાં જે આલિમ હક઼ વાત જાહેર નહીં કરે તેમના મોઢાંને ક઼યામતમાં આગની સાંકળ ોની લગામ વડે જકડવામાં આવશે."** તો તે અઝાબના પોતે મુસ્તહિક઼ ન બની જાય, તેનો ખયાલ રાખે.

રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં આપણને સૌને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની, સહાબાની, બુઝુર્ગોની, અહલે બયતની સાચી મહોબ્બત આપે, કેવળ દાવા કરનારા મોઢાના વાઘ ન રાખે, કેવળ નારા મારનારા ગાઝી ન રાખે બલ્કે ઈસ્લામની સાચી રાહ પર શરીઅતની મહોબ્બતમાં તથા પાબંદીમાં જીવાડે. (આમીન)

*–(બરકાતે ખ્વાજા માસિક, ફેબ્રુઆરી–૨૦૧૦)*

# આવો ! આશિકે રસૂલ છો..... તો સુન્નતો ને અપનાવો !

રજૂકર્તા : **મુહમ્મદ મુજીદરઝા-જંબુસર**

રસૂલે અકરમ ﷺનાં દરેક કામ ઈબાદત હતાં જેથી આપણે રસૂલુલ્લાહ ﷺના અનુસરણમાં આપની સુન્નતો પર અમલ કરીએ જેથી આપણે પણ ઈબાદતનો સવાબ પામીએ. અને આપણો આશિકે રસૂલ હોવાનો દાવો પણ યર્થાથ કરીએ. આપની અમુક સુન્નતો હદીષના શબ્દોમાં નીચે મુજબ છે. સુન્નતનો અર્થ (ઈસ્લામી શરીઅતમાં એ છે કે) તે તરીકો જેના પર અલ્લાહના રસૂલ, સહાબા તથા ખુલ્ફાએ અમલ કર્યા હોય.

**દાઢીની સુન્નત** : અલ્લાહના રસૂલ ﷺની સૌથી પ્યારી સુન્નત દાઢી છે. માટે આપના અનુસરણમાં દરેક મુસલમાન માટે દાઢી રાખવી જરૂરી છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે મૂંછોને કપાવો, દાઢીને વધારો અને મજૂસી (અગ્નિપૂજકો)ની વિરુદ્ધતા કરો.

**લિબાસની સુન્નત** : લિબાસ (વસ્ત્ર) પહેરવું સુન્નત છે. અલ્બત્ત રસૂલુલ્લાહ ﷺની આદત મુબારક હતી કે જે કાંઈ સીધુ સાદુ વસ્ત્ર પ્રાપ્ત થતું તેને પહેરી લેતા. અમુક સમયે આપે કિંમતી તથા સારુ વસ્ત્ર પણ પહેરતા પરંતુ તરત જ ઉતારીને કોઈને આપી દેતા, જેથી ઉમ્મત માટે ઉમદા વસ્ત્ર પહેરવાની પરવાનગી રહે. આપ સામાન્ય રીતે ચાદર, કમીસ અને તેહબંદ (લુંગી શરીફ) પહેરતા.

**ચાદરની સુન્નત** : અલ્લાહના રસૂલ ﷺ એક ચાદર લિબાસ પર ઓઢતા હતા. નમાઝ પણ તેમાં જ પઢી લેતા હતા. ગરમીના દિવસોમાં ગરમીથી બચવા માટે ઉપયોગ કરતા હતા. ચાદર આપને ખૂબ જ પસંદ હતી. હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે અલ્લાહના રસૂલ ﷺનો પ્રિય લિબાસ ધારીદાર યમની ચાદર હતી.

**કુર્તાની સુન્નત** : અલ્લાહના ﷺએ કુર્તો પહેરવાને પસંદ ફર્માવ્યું. હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ફર્માવે છે કે અલ્લાહના રસૂલ ﷺનો સૌથી અધિક પસંદીદા વસ્ત્ર કુર્તા હતો.

**તેહબંદની સુન્નત** : અલ્લાહના રસૂલ ﷺ પોતાના નીચલા હિસ્સામાં એક તેહબંદ (ચાદર) બાંધતા હતા જેને તેહબંદ અથવા લુંગી કહેવામાં આવે છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاએ થીંગડાવાળી કમ્બલ અને મોટા કાપડની તેહબંદ કાઢી અને ફર્માવ્યું કે અલ્લાહના રસૂલ ﷺની વફાત આ જ વસ્ત્રમાં થઈ હતી.

**કમ્બલની સુન્નત** : કમ્બલ ઓઢવી પણ સુન્નત છે, કેમ કે અલ્લાહના રસૂલ ﷺ કદી કદી ઋતુના લેહાઝથી કમ્બલ ઓઢતા હતા. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺ એક સમયે મસ્જિદમાં તશરીફ લઈ ગયા અને આપે ઊનથી બનેલો કમ્બલ ઓઢયો હતો.

**ઝબ્બાની સુન્નત** : અલ્લાહના રસૂલ ﷺ ઝબ્બો પણ પહેરતા હતા. હઝરત મુગીરા બિન શયબા رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ રૂમી ઝબ્બો પહેર્યો જેની આસ્તીન નાની હતી.

**શલ્વારની સુન્નત** : અલ્લાહના રસૂલ ﷺએ જાતે શલ્વાર (ટ્રાઉઝર-લેંગો) પહેરી છે કે નહીં ? એના વિશે મોહદ્દિષીને કિરામમાં

ઈખ્તિલાફ છે. અમુક લોકોએ કહ્યું કે પહેરી હતી અને અમુક લોકો કહે છે કે નથી પહેરી. અલ્લામા શમ્નીએ શરહે શિફામાં લખ્યું છે કે શલ્વાર પહેરી છે. રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ શલ્વાર પહેરી અને આપની ઈજાઝતથી સહાબાએ કિરામે પણ પહેરી.

**અમામાની સુન્નત** : અલ્લાહના રસૂલ ﷺ અમામો પણ બાંધતા હતા જે સફેદ અથવા કાળા અને પીળા રંગનો હતો, પરંતું સફેદ અમામાનો અધિક્તર ઉપયોગ કરતા હતા. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે જ્યારે હુઝૂર ﷺ અમામા શરીફને બાંધતા હતા તો બંનેવ ખભાઓની વચ્ચે એક શિમ્લો છોડી દેતા.

**સફેદ વસ્ત્ર** : અલ્લાહના રસૂલ ﷺ સફેદ વસ્ત્રોને ઘણા પસંદ ફર્માવતા હતા અને સફેદ વસ્ત્રોનાં વખાણ પણ કરતા હતા. હઝરત સમુરહ બિન જુન્દબ رضی اللہ عنہ ફર્માવે છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે સફેદ વસ્ત્ર પહેરા કરો કેમ કે એ વધારે સાફ અને સુથરાં છે.

**રેશમ પહેરવાની મનાઈ** : પુરૂષો માટે રેશમ પહેરવું હરામ છે પરંતું સ્ત્રીઓ માટે રેશમ જાઈઝ છે. હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે રેશમ અને સોનુ મારી ઉમ્મતની સ્ત્રીઓ માટે હલાલ છે અને **પુરૂષો માટે હરામ** છે.

**લિબાસની વિશિષ્ટતાઓ** : લિબાસ કેવો હોવો જોઈએ ? એમાં કોઈ ખાસ પાબંદી નથી પરંતું એવું વસ્ત્ર ન હોય કે જેને પહેરવાથી રિયાકારી અથવા ઘમંડ પેદા થાય. સ્ત્રીઓનાં વસ્ત્રો પુરૂષો જેવાં ન હોય ન પુરૂષોનાં વસ્ત્ર સ્ત્રીઓ જેવાં. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما રાવી છે, અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, જેવું ઈચ્છો ખાવ અને જેવું ઈચ્છો પહેરો ત્યાં સુધી કે બે વાતો ન હોય, એક ફુઝૂલ ખર્ચી અને બીજુ ઘમંડ.

**તકિયાની સુન્નત** : તકિયાથી ટેક લગાડવું સુન્નત છે જેથી ઘરમાં તકિયા બનાવીને રાખવા પણ સુન્નત છે. અલ્લાહના રસૂલ ﷺએ તકિયા સિવાય બીજી વસ્તુઓથી પણ ટેક લગાડી છે જેથી બીજી વસ્તુઓથી પણ ટેક લગાડવું સુન્નત છે. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે અલ્લાહના રસૂલ ﷺનો તકિયો મુબારક જેના પર આપ ટેક લગાડતા હતા તે ચામડાનો હતો, જેમાં ખજૂરના છિલકાં ભરેલાં હતાં.

**સૂવાની સુન્નત** : સૂવાનો સુન્નત તરીકો એ છે કે સૂતા સમયે કિબ્લા રૂખ થઈને જમણી તરફ મોઢુ કરે અને જમણો હાથ ગાલના નીચે રાખી સૂએ. સૂતા પહેલાં કુર્આન શરીફની અમુક સૂરતો અને કલ્મએ તય્યબહ અને દુરૂદ શરીફ પઢી બાવુઝૂ સૂવું ઘણુ સારું છે. જો બુરૂ સ્વપ્ન જુઓ અને જાગી જાવ તો તઅવ્વુઝ (અઉઝુબિલ્લાહ) પઢી ડાબી બાજુ થૂકી (થૂ થૂ કરીને ત્રણવાર) કરવટ બદલીને સૂએ. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે અલ્લાહના રસૂલ ﷺ દરરોજ રાત્રે જ્યારે બિસ્તર પર સૂતા તો બંનેવ હાથ દુઆ માંગવા સમાન ઉઠાવતા પછી એના પર ત્રણેવ કુલ પઢી દમ કરતા અને સંપૂર્ણ શરીર મુબારક પર ફેરવી લેતા હતા. એવું ત્રણવાર કરતા હતા. શરૂઆત સર મુબારક અને ચહેરા મુબારકથી કરતા પછી બદનનો આગલો હિસ્સો અને ત્યારબાદ બાકી શરીર.

**બિસ્તરની સુન્નત** : સૂતાં પહેલાં બિસ્તરને છેડેથી પકડીને ખંખેરવુ સુન્નત છે. જેથી કોઈ નુકસાનકારક વસ્તુ બિસ્તરથી દૂર થઈ જાય. અને બીજી હિકમત આ સુન્નતમાં એ છે કે જે બિસ્તરને ખંખેર્યા વગર સૂએ છે તો તે શૈતાનની ઉપર સૂએ છે, કેમ કે બિસ્તર પર શૈતાન ઊંઘે છે, જ્યારે ખંખેરે છે તો તે પણ દૂર થઈ જાય છે. અલ્લાહના રસૂલ ﷺનો આ જ તરીકો હતો કે આપ સૂતા પહેલાં બિસ્તરને ખંખેરી લેતા હતા. આપનો બિસ્તર અતિશય સાદો હતો. હઝરત સૈયદના હફસા رضی اللہ عنہاથી પૂછવામાં આવ્યું કે આપના ઘરમાં અલ્લાહના રસૂલ ﷺનું બિસ્તર મુબારક કેવું છે ?

તો તેમણે ફર્માવ્યું કે એક ટાટ છે જેને ડબલ કરીને પાથરી દે છે. એક રાત્રે મને વિચાર આવ્યો કે એને ચાર બેવડ કરીને પાથરી દઉં તો વધારે નરમ થઈ જાય, જેથી મેં એવું જ કરી નાખ્યું. સવારે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે આજે રાત્રે મારી નીચે શું પાથર્યું હતું ? તો મેં કહ્યું, તે જ દરરોજનું બિસ્તર હતું પરંતું મેં તેને ચાર ગડી કરી નાખ્યું હતું જેથી નરમ થઈ જાય. તો અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે આ બિસ્તરને એના પહેલા હાલ પર રહેવા દો.

**જુતા પહેરવાનો તરીક઼ો** : મોજા અથવા જુતા પહેરવું સુન્નત છે. અલ્લાહના રસૂલ ﷺએ પોતે પણ જુતા પહેર્યા અને સહાબાને પણ જુતા પહેરવાની તાકીદ કરી.જુતા પહેરવાનો સુન્નત તરીક઼ો એ છે કે જમણેથી શરૂ કરે અને જ્યારે જુતા ઉતારે તો ડાબેથી પહેલાં ઉતારે. જમણો પગ જુતા પહેરવામાં પ્રથમ રાખે અને ઉતારવામાં છેવટે રાખે. આ તરીક઼ો કેવળ જુતાની જોડે ખાસ નથી બલ્કે દરેક તે વસ્તુ જે પહેરવા અને આરામ માટે હોય છે. હઝરત ક઼તાદા رضی اللہ عنہથી રિવાયત છે કે મેં હઝરત અનસ رضی اللہ عنہથી પૂછયું કે અલ્લાહના રસૂલ ﷺના નઅલૈન (જુતા મુબારક) કેવા હતા ? તો તેમણે ફર્માવ્યું કે દરેક નઅલૈનમાં બે બે દોરીઓ હતી.

**માથામાં તેલ લગાડવાની સુન્નત** : માથામાં તેલ લગાડવું પણ સુન્નત છે. પછી તેલ લગાડીને કંગી કરવી પણ સુન્નત છે કેમ કે અલ્લાહના રસૂલ ﷺ વધારે પડતુ માથામાં તેલ લગાડીને કંગી કરતા હતા. હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે, અલ્લાહના રસૂલ ﷺ પોતાના માથામાં ખૂબ તેલ લગાડતા હતા અને પોતાની દાઢી મુબારકને કંગી ફર્માવતા હતા. અલ્લાહના રસૂલ ﷺ પોતાના માથા પર (અમામાની નીચે) એક કપડું રાખતા હતા તે કપડુ વધારે તેલ લગાડવાથી તેલનું કાપડ જણાતુ હતું.

**સુરમાની સુન્નત** : સુરમો લગાડવો સ્ત્રી અને પુરૂષ બંને માટે સુન્નત છે. સુરમો રાત્રે લગાડવો જોઈએ અને બંનેવ આંખમાં ત્રણ ત્રણ સિલાઈ સુન્નત છે. કેમ કે અલ્લાહના રસૂલ ﷺ આ પ્રમાણે જ કરતા હતા. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું કે હુઝૂર ﷺની પાસે એક સુરમાદાની હતી જેમાંથી દરેક રાત્રે ત્રણ ત્રણ સિલાઈ સુરમો બંનેવ આંખોમાં કરતા.

**ખુશ્બુની સુન્નત** : અલ્લાહના રસૂલ ﷺ ખુશ્બુને ઘણી જ પસંદ ફર્માવતા અને આપ અધિક પ્રમાણમાં ઉપયોગ કરતા હતા. હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે કે હું અલ્લાહના રસૂલ ﷺને ઉમદા ખુશ્બુ લગાડી દેતી, ત્યાં સુધી કે હું એની ખુશ્બુ માથુ અને દાઢી શરીફમાં મહસૂસ કરતી.

**સલામની સુન્નતો** : સલામ કરવું અલ્લાહના રસૂલ ﷺની સુન્નત છે અને સલામનો જવાબ આપવો વાજિબ છે. સલામ કરવામાં નાના મોટા, કાળા ગોરામાં કોઈ તફાવત નથી, બલ્કે સલામમાં વધારે સવાબનો હક્ક઼દાર તે છે જે સલામ કરવામાં વધારે પહેલ કરે. સલામ કરવાથી મહોબ્બત વધે છે. અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે એક મુસલમાનના બીજા મુસલમાન પર નિયમ અનુસાર છ હક્કો છે :–

(૧) જ્યારે તેને મળે તો સલામ કરે. (૨) જ્યારે તે બોલાવે તો દા'વત ક઼બૂલ કરે. (૩) જ્યારે છીંકે તો જવાબ આપે. (૪) જ્યારે તે બીમાર પડે તો બીમાર પુરસી કરે. (૫) જ્યારે તે મૃત્યુ પામે તો તેના જનાઝાની પાછળ ચાલે (૬) તેના માટે એ જ પસંદ કરે જે પોતાના માટે પસંદ કરતો હોય.

**બોસો આપવું** : મુલાક઼ાતના સમયે બોસો આપવું સુન્નત છે. હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاની ખિદમતમાં એક બાળકને લાવવામાં આવ્યું. આપે તેને બોસો આપ્યો અને ફર્માવ્યું, આ બખીલ તથા અને બુઝદિલ બનાવવાવાળો છે, કેમ કે આ અલ્લાહ તઆલાની ખુશ્બુદાર ફસલથી છે.

*(હવાલો : કન્ઝુલ ઈમાન મંથલી–ઉર્દૂ, એપ્રિલ–૨૦૧૩)*

# ઈસ્લામના પયગંબર

## પશ્ચિમી બુદ્ધિશાળીઓની દષ્ટિમાં

રજૂકર્તા : **મૌલાના અલ્તાફ હુસૈન મિસ્બાહી કુરચનવી**

આ વાસ્તવિક્તા છે કે માણસ જ્યારે કોઈ વસ્તુને દુશ્મનની દષ્ટિએ જુએ છે તો તે વસ્તુની ખૂબીઓમાં પણ તેને ખામીઓ નજર આવે છે, પરંતુ જ્યારે તે વસ્તુને પ્રેમ અને મહોબ્બતની દષ્ટિથી જોવામાં આવે તો ખામીઓમાં પણ સુંદરતા અને ખૂબસૂરતી નજર આવે છે. જેવી રીતે કે માં પોતાના બાળકને ભલે તે કેટલુ પણ કદરૂપુ હોય મમતાભરી દષ્ટિથી જુએ છે તો તેને પોતાનુ બાળક દુનિયાનું સૌથી વધારે સુંદર બાળક નજર આવે છે. બિલકુલ આ જ ઉદાહરણ નબી કરીમ ﷺની જાતનુ છે કે જ્યારે શાયરે ઈસ્લામ હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہએ નબી કરીમ ﷺના મુબારક ચહેરાને જોયો તો નિઃસંકોચ બોલી ઉઠયા :–

وَاَحۡسَنُ مِنۡكَ لَمۡ تَرَ قَطُّ عَيۡنِىۡ
وَاَجۡمَلُ مِنۡكَ لَمۡ تَلِدِ النِّسَاءُ
خُلِقۡتَ مُبَرَّءًا مِنۡ كُلِّ عَيۡبٍ
كَاَنَّكَ قَدۡ خُلِقۡتَ كَمَا تَشَاءُ

"તમારાથી સુંદર મારી આંખોએ કદાપિ નથી જોયો અને તમારાથી ખૂબસૂરત ન કોઈ સ્ત્રીએ જન્મ્યો, તમને સર્વ ખામીઓથી વંચિત પેદા કરવામાં આવ્યા અને તમને એવા પેદા કરવામાં આવ્યા જેવું તમે ચાહતા હતા."

પરંતુ આ જ પાક જાતને જ્યારે મક્કાના મુશ્રિકોએ દુશ્મનાવટ અને ઈર્ષાની દષ્ટિથી જોઈ તો તેમને રસૂલે કરીમ ﷺની બધી ખૂબીઓ અને સિફતોમાં ખામીઓ નજર આવી. મક્કાના મુશ્રિકોની આંધળી પેરવી પશ્ચિમી મુશ્રિકોએ પણ કરી અને ઈસ્લામના દામનને ડાઘદાર કરવાનો ઘણો પ્રયત્નો કર્યો પરંતુ નિષ્ફળતા તેમનું નસીબ અને ભાગ્ય રહ્યું એટલા માટે કે વિજય હમેશાં "હક્ક઼"નો થાય છે, તે કદાપિ પરાજિત નથી થતો. હક્ક઼ અને વાસ્તવિક્તાથી મુશ્રિકો ક્યાં સુધી નજરો બચાવતા ?! જેથી જ્યાં પક્ષપાત પસંદ મુશ્રિકોએ ઈસ્લામને બદ્નામ કરવામાં કોઈ અંશ ન છોડયો ત્યાં ન્યાયી સ્વભાવ અને હક્ક઼પસંદ મુશ્રિકોએ ઈસ્લામ અને ઈસ્લામના પયગંબરની પ્રશંસામાં એવા વખાણદાયક શબ્દો કહ્યા જે સોનાના પાણીથી લખવાના લાયક છે. જેમ કે :–

**માઈકલ હર્ટ :** પોતાના પુસ્તક "અલ્ ઉઝમાઉ મિઅતુન અઅ્ઝમુહુમ મુહમ્મદ"ની પ્રસ્તાવનામાં લખે છે કે, ઘણા લોકો અચંબામાં હશે કે મેં સો (૧૦૦) મહાન પુરૂષોની અનુક્રમણિકામાં સૌથી પ્રથમ મુહમ્મદ ﷺની શખ્સિયતની પસંદગી કેમ કરી ? કારણ કે મુહમ્મદ ﷺ વિશ્વના ઈતિહાસમાં તે માત્ર વ્યક્તિ હતા જેમને ધાર્મિક અને દુનિયવી બંનેવ ક્ષેત્રે સંપૂર્ણ સફળતા મળી છે. તેમણે લોકોને ઈસ્લામની દા'વત આપી અને તેનો પ્રચાર એવી રીતે કર્યો કે આજે ઈસ્લામ વિશ્વના મોટા ધર્મોમાં એક ધર્મ ગણાય છે. મુહમ્મદ ﷺ તે માત્ર વ્યક્તિ હતા જેમણે ઈસ્લામની સ્થાપ્ના કરી. કુર્આન શરીફ તેમના પર ક્રમશઃ નાઝિલ થયું અને તેમની જિંદગીમાં કુર્આન શરીફની બધી આયતો અક્ષરોના ફેરફાર વિના સુરક્ષિત કરી લેવામાં આવી. એટલા માટે દુનિયામાં કુર્આન જેવું મક્કમ કોઈપણ પુસ્તક મળવું અશક્ય છે. પયગંબરે ઈસ્લામ મુહમ્મદ ﷺ અને ઈસા علیہ السلامમાં આ રીતે કોઈ સમાનતા ન હતી કે મુહમ્મદ ﷺની શખ્સિયત ધાર્મિક અને દુનિયવી ક્ષેત્રે વ્યાપક હતી એટલા માટે કે તે અલ્લાહના પયગંબર હોવાના સાથે સાથે પતિ પણ હતા અને પિતા પણ, તેમણે વેપાર પણ કર્યો અને બકરીઓ પણ ચરાવી.

**મોન્ટેગ મેરીવોટ :** ઈસ્લામની દા'વતના ઈતિહાસ વિશે તેનાં બે ઘણા અગત્યનાં પુસ્તકો, પ્રથમ "મુહમ્મદ–ફી–મક્કા" અને બીજું "મુહમ્મદ ફીલ મદીના" છે. તેમાં તે લખે છે કે મુહમ્મદ ﷺને પોતાની રિસાલત પર સંપૂર્ણ ઈમાન હતુ. તેમના પર વહીનું ઉતરાણ થતુ હતું, તે પોતે કાંઈ ઘડતા ન હતા. મુહમ્મદ ﷺ એવા લીડર કદાપિ ન હતા કે જે પોતાની આજુબાજુ એકત્રિત કરવા માટે ઈસ્લામને સહારો બનાવે જેવી રીતે કે ઘણા પશ્ચિમી તત્વચિંતકોએ લખ્યું છે.

**જ્યોર્જ બર્નાડ શો :** આ આયરલેન્ડનો ઘણો પ્રખ્યાત સાહિત્યકાર હતો, તે લખે છે : મને વિશ્વાસ

છે કે જો દુનિયાની લગામ (હુકૂમત, સત્તા) મુહમ્મદ ﷺ જેવા કોઈ વ્યક્તિના હાથમાં હોતી તો અત્યંત સફળ શાસન હોતુ.

**ટોલ્સ ટોય :** આ વ્યક્તિ રશિયાનો મહાન ચિંતક અને સાહિત્યકાર થઈ ગયો છે, લખે છે કે મુહમ્મદ ﷺએ કયારે પણ એવું નથી કહ્યું કે માત્ર હું અલ્લાહનો નબી છું બલ્કે તેમણે મૂસા علیہ السلام અને ઈસા علیہ السلامના નબી હોવાનો પણ સ્વીકાર કર્યો હતો. તેમનું એવું કહેવું હતું કે "યહૂદીઓ" અને "નસરાનીઓ"ને તેમનો ધર્મ છોડવા પર મજબૂર ન કરવામાં આવે. તેમણે ઈસ્લામની પ્રારંભિક દા'વત વખતે ઘણા અત્યાચાર અને જુલ્મો સહન કર્યા પરંતુ હક્કની દા'વત આપવાથી પાછા ન હટયા. આમાં કોઈ શંકા નથી કે મુહમ્મદ ﷺ તે મહાન સુધારકોમાંથી હતા જેમણે માનવની કામયાબી માટે મહાન ખિદમતો અંજામ આપી છે. તેમને ફખ્ર માટે એ જ કાફી છે કે તેમણે માનવોની એક મોટી સંખ્યાને ગુમરાહી અને અંધકારથી બહાર કાઢી હિદાયતનો માર્ગ દેખાડયો.

**લામાર્ટિન :** આ ફ્રાન્સનો મશહૂર કવિ છે. કહે છે કે મુહમ્મદ ﷺની જિંદગી, તેમની વિચારશક્તિ, તેમનું ખુદાના માર્ગમાં જેહાદ કરવું અને તેર વરસના લાંબા ગાળા સુધી ઈસ્લામના શત્રુઓ દરમિયાન ઈસ્લામની દા'વત પર અડગ રહેવું, મજાક કરવાવાળાઓનાં મહેણા અને ઠપકાઓને સહન કરવા અને પોતાની કામયાબી પર સંપૂર્ણ વિશ્વાસ, આ બધી વાતો એ વસ્તુની સ્પષ્ટ દલીલ છે કે તે હક્ક પર હતા.

**સ્મિથ :** એ લખે છે કે મુહમ્મદ ﷺ એક ઉમ્મતના માર્ગદર્શક, એક સલ્તનતના સ્થાપક અને એક ધર્મના બાની હતાં તે જો કે "ઉમ્મી" હતા પરતું એવું પુસ્તક લઈને આવ્યા જે અદબ (શિષ્ટાચાર) પણ છે અને કાનૂન પણ, અને અખ્લાકનો સર્વ શ્રેષ્ઠ નમૂનો પણ. જેને જોયા પછી એવું જણાય છે કે સર્વ પવિત્ર પુસ્તકોને એક પુસ્તકમાં એકત્રિત કરી દેવામાં આવ્યાં છે અને જેને આજે પણ વિશ્વની આબાદીનો છટ્ઠો ભાગ ઈજ્જત અને સન્માનની દષ્ટિથી જુએ છે.

**આર. એફ. બોર્લી :** આ અમેરિકી જનરલ હતો તેણે લખ્યું છે કે મુહમ્મદ ﷺની દા'વત બીજા બધા નબીઓની દા'વતથી અલગ હતી, એટલા માટે તેમણે માત્ર રૂહાનિયત પર સંતોષ નથી કર્યો પરંતુ દુનિયાવી જરૂરતો અને સમસ્યાઓને પણ દષ્ટિ સમક્ષ રાખી. આ રીતે તેમણે લોકોની જીવન જરૂરિયાતો અને દુનિયવી જિંદગીના દરમિયાન સુંદર તફાવત કર્યો, જેનાથી તેમના અગાઉ સુરક્ષિત ન રહી શકયા.

**વિલ્ડુરન્ટ :** પોતાના પુસ્તક "કિસ્સતુલ હજારતી"માં લખે છે કે જો મને કોઈ વ્યક્તિની મહત્તા અને મહાનતાનો સ્વીકાર કરવો પડે તો હું કહીશ કે મુહમ્મદ ﷺ ઈતિહાસની સૌથી મહાન શખ્સિયત છે જેમણે પોતાની કોમનો રૂહાની અને અખ્લાકી મર્તબો બલંદ કર્યો જે વહશિયત અને જંગલીપણાના અંધકારમાં ગુમ હતો, અને આ હેતુમાં જે સફળતા તેમને મળી છે તે દુનિયાના ઈતિહાસમાં કોઈપણ સુધારકને નસીબ નથી થઈ.

**થોમસ આર્નોલ્ડ :** પોતાના પુસ્તક "અદ્દાવતુ ઈલલ ઈસ્લામ"માં લખે છે કે ઈન્ડોનેશિયા અને મલેશિયામાં ઈસ્લામ માત્ર મુસ્લિમ વેપારીઓના સારા વ્યવહારના કારણે ફેલાયો, ઈસ્લામના પ્રચારમાં તલ્વારનો કોઈ રોલ ન રહ્યો પરંતુ તે સિવાય જ્યારે કે ઈસ્લામના રક્ષણ અને બચાવની જરૂર પડી છે.

**થોમસ કાર્લુલી :** પોતાના પુસ્તક The Heroesમાં લખે છે કે વર્તમાન યુગમાં એક સુસંસ્કૃત અને શિષ્ટચાર વ્યક્તિ માટે એ વાત શરમજનક છે તે પેલા લોકોની વાતો પર કાન ધરે જે લોકો કહેતા ફરે છે કે ઈસ્લામ જૂઠો ધર્મ છે અને ઈસ્લામના પયગંબર જૂઠા અને દગાબાજ હતા. હવે સમય આવી ગયો છે કે આપણે તે જૂઠી વાતો અને વિના પાયાની અફવાઓનો મુકાબલો કરીએ, એટલા માટે કે મુહમ્મદ ﷺ જે ધર્મ લાવ્યા તે બારસો વર્ષથી લઈને આજ સુધી માર્ગદર્શનનો દીવો બની જગમગી રહ્યો છે.

**ગોસ્ટાફ લોબોન :** કહે છે કે આ ગર્વ માત્ર અને માત્ર ઈસ્લામ ધર્મને પ્રાપ્ત છે કે જેણે સૌ પ્રથમ તૌહીદ (એક જ અલ્લાહ હોવાનું માનવા)ની દા'વત આપી અને દુનિયવી ક્ષેત્રે તેને પોતાના અનુયાયીઓના દરમિયાન પ્રચલિત કરી.

**જહોન ચાર્ડલી :** આ ફ્રાન્સનો ઘણો મશહૂર સાહિત્યકાર હતો, તેણે લખ્યું છે કે મુહમ્મદ ﷺએ જો કે રૂમ અને ફ્રાંસની દર્સગાહોથી શિક્ષણ પ્રાપ્ત નથી

કર્યું, પરંતુ તે એક સાચા નબી, શારેઅ, રાજકરણી અને મહાન લીડર હતા.

**ગાંધીજી :** કહે છે કે જ્યારે હું તે મહાન વ્યક્તિની સીરત (**Biography**)નું વાંચન કરું છું તો આંખથી આંસૂ વહેવા લાગે છે, કેમ કે એ શક્ય નથી કે મારી જેમ વાસ્તવિક્તાનો જિજ્ઞાસુ (સંશોધક) કોઈપણ શખ્સ આ શખ્સિયતના સમક્ષ મસ્તિક ન ઝુકાવે જેણે સદા માત્ર માનવતાની કામયાબી માટે કામ કર્યું.

**ડો. સિબ્રલ : The Head of Law Department at the University of Vianna-Austilla.** એ લખે છે કે મુહમ્મદ ﷺથી નિસ્બત (લગાવ) રાખવી દરેક વ્યક્તિના માટે ગર્વનો સબબ છે. એટલા માટે કે તે આજથી ચૌદસો વરસ પહેલાં "ઉમ્મી" હોવા છતાં એવા જિંદગીના નિયમો લાવ્યા કે જો આપણે યૂરોપવાસીઓ હજાર વરસ પછી પણ તેની બુલંદીએ પહોંચી જઈએ તો આપણી જિંદગીની મેઅરાજ થઈ જાય.

**ફ્રેન્ચ પોપ :** આ ફ્રાન્સનો મોટો પાદરી હતો તેણે સલીબી જંગના સમયે "સુલ્તાનુલ કામિલ" ઈજિપ્તના રાજાથી મુલાકાત કરી અને જ્યારે ફ્રાન્સ પહોંચ્યો તો કહ્યું કે ઈસ્લામ ધર્મ અલ્લાહ પાસેથી ઉતર્યો છે. આ વાત અક્કલ, બુધ્ધિ અને ધારણાથી દૂર છે કે ઈસ્લામ જેવો રૂહાની ધર્મ કોઈ વ્યક્તિનો પોતે બનાવેલ ધર્મ હોય.

**જ્યોર્જ સીલ :** આ તે પશ્ચિમી ચિંતક છે જેણે ઈ.સ. ૧૭૩૭માં સૌથી પહેલાં કુર્આન શરીફનો તર્જુમો અંગ્રેજી ભાષામાં કર્યો. તે કહે છે કે કુર્આનની જાદૂઈ બલાગત (ઉચ્ચ વર્ણન શૈલી) જોઈ અક્કલ અચંબામાં પડી જાય છે.

**બયરોન :** ઉષ્માનીકાળથી આ વ્યક્તિનો ઘણો સારો સંબંધ હતો. મુસલમાનોની સાથે વધારે વ્યવહાર કરવાના કારણે જ્યારે તેના ઉપર ઈસ્લામની થોડીક વાસ્તવિક્તા સ્પષ્ટ થઈ તો ઘણો પ્રભાવિત થયો અને કહ્યું કે જો મને તૌફીક઼ (પ્રેરણા) થઈ તો ઈસ્લામ જરૂર ક઼બૂલ કરીશ, એટલા માટે કે મુસલમાનોનું ઈબાદતનું બંધારણ મને ઘણુ સરસ લાગ્યુ. જ્યારે બાંગી "હય્ય અલસ્સલાત" અને "હય્ય અલલ ફલાહ"ની અવાજ બુલંદ કરે છે તો મુસલમાન આનંદ અને ઉલ્લાસમાં દુનિયાથી બેફિકર થઈ પોતાના રબની બારગાહમાં મસ્તકોનું નઝરાણુ રજૂ કરવા માટે ઉમટી પડે છે, અને જ્યારે પોતાના પેદા કરનાર (અલ્લાહ)ની બારગાહમાં ઊભા થાય છે તો એવી અનુભૂતિ થાય છે કે પોતાની આસપાસની દુનિયાને ભૂલી ગયા છે.

**ગુટ્ટાહ :** આ જર્મનીનો ઘણો નામવાર કવિ થઈ ગયો છે. જ્યારે તેણે પોતાના ગઝલ સંગ્રહ "મગરિબી શાઈર કા મશ્રિકી દીવાન"ના પ્રચારનું એલાન કર્યું તો આખુ વિશ્વ અંચબામાં પડી ગયું. તેણે લખ્યું, જો લોકો મને મુસલમાન કહે તો કદાપિ મને ખોટુ ન લાગશે. તેણે ૨૩ વરસની ઉંમરમાં એક ઘણો સુંદર ક઼સીદો (પ્રશંસા ગીત) કહ્યો જેમાં ઈસ્લામના પયગંબરની ઘણી પ્રશંસા કરી છે. અને જ્યારે ૭૦ વરસની ઉંમર થઈ તો એક વખત ફરી એલાન કર્યું કે અમે શબે ક઼દ્રના તહેવારને અત્યંત ઉત્સુકતા અને ઉલ્લાસથી ઉજવીશું એટલા માટે કે આ તે મુબારક રાત છે જેમાં મુહમ્મદ ﷺ પર કુર્આનનું ઉતરાણ થયું હતું. રસૂલે પાક ﷺની પ્રશંસામાં તેણે એક વધુ કસીદો "નશી દે મુહમ્મદ"ના વિષયથી કહ્યો. આ ક઼સીદામાં તેણે દિલ ખોલીને રસૂલે પાક ﷺની પ્રશંસા કરી છે. તેણે "દીવાને શર્કી"માં લખ્યુ છે કે જો ઈસ્લામનો મતલબ એક ખુદાની પેરવી (અનુસરણ) કરવી અને તેની કુદરતની સમક્ષ માથુ ઝુકાવવું છે, તો અમે મુસલમાન જીવીશું અને મુસલમાન જ મરીશું.

**થોમસ કાલુલિ :** આ વ્યક્તિ બ્રિટનનો ઘણો મહાન તત્વચિંતક અને મુફક્કિર હતો. પોતાના પુસ્તક "The Heroes"માં રસૂલે કરીમ ﷺની પત્નીઓની સંખ્યાનું નિવારણ કરતાં લખે છે કે મુહમ્મદ ﷺ કદાપિ શહવતપરસ્ત ન હતા જેવી રીતે કે કેટલાક લોકોએ તેમને દોષિત ઠરાવ્યા છે, બલ્કે તેમને શહવત અથવા નફ્સ પરસ્ત ગુમાન કરવા પણ મહાન ગુનોહ છે એટલા માટે કે તે ક઼નાઅત પસંદ, (થોડામાં રાજી રહેનાર) નમ્રતાવાળા અને પરહેઝગાર વ્યક્તિ હતા. કોઈએ સાચુ કહ્યું છે કે "હક્ક઼ વાતની દુશ્મન પણ ગવાહી આપે છે."

*–("કન્ઝુલ ઈમાન" માસિક, મે–૨૦૦૬)*



# ગૈર મુસ્લિમોમાં રસૂલુલ્લાહ ﷺની લોકપ્રિયતા

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
(દયાદરવી)

હુઝૂર રસૂલે કરીમ ﷺની મહોબ્બત મો'મિનો માટે એટલી મહત્વની છે કે જો આપણે આપણા મા બાપ, પોતાની અવલાદ અને દુનિયાની દરેક હસ્તીથી અધિક મહોબ્બત હુઝૂર પુરનૂર ﷺથી નથી રાખતા તો આપણે મો'મિન જ નથી. મુસલમાનો માટે તો આ મહોબ્બત ઈમાનની બુનિયાદ છે અને આ મહોબ્બતનો ઈઝહાર આપણે ગદ્ય અને પદ્ય રીતે આપ ﷺની પ્રશંસા દ્વારા પણ કરીએ છીએ અને આપ ﷺના આદેશો પર અમલ કરીને પણ કરીએ છીએ. પરંતુ જે લોકો ઈમાન ન લાવ્યા અને કાફિર છે, બુતપરસ્ત છે, અગ્નિ પૂજક છે, અથવા ખુદાનો ઈન્કાર કરે છે, તેમનામાંથી પણ ઘણા જ્ઞાની પુરૂષો હુઝૂર સરવરે કાએનાત ﷺની પ્રશંસા કરે છે, સીરત (જીવન ચરિત્ર)ની કિતાબો લખે છે, સીરત પર લેખો લખે છે અને નઅતો લખે છે, તો આનાથી એ હક઼ીક઼ત જાહેર થાય છે કે જે વ્યક્તિ પણ કાએનાતના આક઼ા વ મૌલા ﷺના પવિત્ર જીવનનો અભ્યાસ કરે છે, સરકાર ﷺના કારનામાંઓ પર નજર નાખે છે, દુનિયામાં હુઝૂર ﷺના પ્રભાવથી જે પરિવર્તનો આવ્યાં તેને જુએ છે, તો પ્રભાવિત થયા વિના નથી રહેતો અને જો અલ્લાહ તઆલાએ બુધ્ધિ આપી છે અને સત્યને ક઼બૂલ કરનાર દિલ આપ્યું છે તો તે સરકાર ﷺની અતિ પવિત્ર હસ્તીને ખિરાજે અક઼ીદત પેશ કરે છે.

દલ્લુરામ કૌષરી ઈસ્લામ લાવ્યા પહેલાં પોતાનો નઅત સંગ્રહ ''આબે કૌષર'' રજૂ કરી ચૂક્યા હતા, પંડિત લભૂરામ મલ્સિયાનીની ''અર્શ'' ''આહંગે હિજાઝ'', રાજાસર કિશન પ્રશાદ ''શાદ''ની ''હદિયએ શાદ'', ચરન સરન ''નાઝ'' માનેકપૂરીની નઝમમાં સીરતે રસૂલ ﷺ ''રહબરે આ'ઝમ'' અને લાહોરના પ્રખ્યાત ઈસાઈ શાયર નઝીર ''ક઼ૈસર''ની ''અય હવા મોઅઝ્ઝિન હો'' વગેરે.... મુસ્તફા ﷺની પધ્ધતિસરની પ્રશંસાના સંગ્રહો છે.

સીરતે મુસ્તફા ﷺના અભ્યાસથી કેટલાક ગૈર મુસ્લિમોને ઈસ્લામની દૌલત નસીબ થઈ ગઈ, તેમનામાં એક દલ્લૂરામ કૌષરી હતા, જેઓ ઈ.સ. ૧૯૨૯માં કૌષર અ઼લી થઈ ગયા. તેમણે મુહમ્મદ મારમાડયૂક પુખ્તાલની સીરતની કિતાબનો અનુવાદ ''અલ અમીન''ના નામથી લાહોરમાં પ્રકાશિત કર્યો.

ઘણા બધા ગૈર મુસ્લિમ ઈસ્લામમાં દાખલ તો ન થયા પરંતુ હુઝૂર રસૂલે અનામ ﷺની સીરતે તય્યબહથી એટલા પ્રભાવિત થયા કે આપ ﷺની પ્રશંસામાં પુસ્તકો લખ્યાં.–

- ❑ રશિયાના પ્રસિધ્ધ ફિલોસોફર ટોલ્સટોયની કિતાબનો અરબી અનુવાદ ''હુક્મુન્નબી ﷺ'' ના નામથી પ્રકાશિત થયો, તેણે લખ્યુ : ''હુઝૂર ﷺના મહાન કારનામાં એનો પુરાવો આપે છે કે આપ ﷺ મહાનતમ સુધારક હતા.''
- ❑ બ્રિટનના પ્રખ્યાત ઈતિહાસકાર અને ફિલોસોફર કાર્લાઈલની કિતાબમાં છે :

''ખુદાના છુપાએલા ભેદો રસૂલ ﷺની પોતાની જાત પર ઉઘાડા હતા, તેમની વાતો સત્ય હતી.''

- એસ. પી. સ્કોટે પોતાની કિતાબમાં લખ્યું : ''મુહમ્મદ ﷺ એવા દિમાગના માલિક હતા જે મુશ્કેલથી મુશ્કેલ અને અતિશય ગૂંચવાડાવાળી બાબતોનો ઉકેલ લાવી શકતુ હતું.''
- માર્ટિન લિંગ્ઝની સીરતની કિતાબ ઈ.સ. ૧૯૮૩માં લંડનથી પ્રકાશિત થઈ. તેણે કિતાબના અંતમાં હુઝૂર ﷺ વિશે લખ્યું ''રહમતની ચાવી, સત્યતાની રૂહ !''
- અન્ય એક બ્રિટનના લેખક જોન ડેવિટ પોર્ટે પોતાની કિતાબ એન રીયલોજી ફોર મુહમ્મદ એન્ડ ધ કુર્આન''માં હુઝૂર ﷺ પર દુશ્મનો તરફથી લગાડવામાં આવેલા આક્ષેપોને રદિયો આપ્યો છે. એક અન્ય અંગ્રેજ જ્યોર્જીયોએ પોતાની કિતાબ ''તે રસૂલ જેમને નવેસરથી સમજવા જોઈએ''માં આપ ﷺના જીવનના વિવિધ પાસાંઓ પર પ્રકાશ નાખ્યો છે. જર્મનના કલમકાર ડો. સ્પ્રીંગર, વેલગસ્ટિન, ડિગો બર્ટવોન, લિયોડોલ્ફ, એન્ડ્રો ટોર, હયુબર્ટ કાઈમ, ફાન્ઝને, ડોકટર ઓટો, ફોક્રિમર અને પાર્ટિવ વગેરેએ હુઝૂર ﷺની સીરત પર કિતાબો લખી. એન મેરી શુમલની કિતાબ ''મુહમ્મદુર્રસૂલુલ્લાહ'' ﷺ ઈ.સ. ૧૯૮૦માં લંડનથી પ્રકાશિત થઈ.
- ફ્રાસના વિદ્વાનોમાં સેદિયો, રીનાન, પર્સિવાલ, એલેન, ગાડનેર અને લીબાન વગેરેએ પણ હુઝૂર ﷺના જીવન ચરિત્ર પર કિતાબો લખી છે અને આપ ﷺના પવિત્ર જીવનનાં ઘણા પાસાંઓની પ્રશંસા કરી છે.
- ચીનના એક લેખક લ્યૂચીલિને અરબી અને ચીની સાહિત્યની મદદથી ચીની ભાષામાં હુઝૂર ﷺનું જીવન ચરિત્ર (સીરત) લખ્યું છે. G.W. લાઈટનરે ઈ.સ. ૧૯૦૮માં પ્રકાશિત થએલ પોતાની કિતાબમાં સ્વીકાર્યું કે :''મુહમ્મદ ﷺના વ્યક્તિત્વ અને ઝાતમાં એવું આકર્ષણ તથા ખેંચાણ છે જે કોઈ યુગમાં ઓછું નહીં થાય.''
- જર્યોજ બર્નાશોએ કહ્યું :''તે ઈસ્લામ જે મુહમ્મદ ﷺના યુગમાં દિલો, દિમાગો અને રૂહોમાં વસેલો હતો.''
- ઈ. ડર્મિન્ગહમે લખ્યું :''સ્ત્રીઓને કદી તે સન્માન ન મળ્યુ હતું જે મુહમ્મદ ﷺની તાલીમાતના પરિણામે મળ્યું.''
- હિંદુઓમાં આજે કેટલાક લોકો ઈસ્લામ અને મુસલમાનનો પ્રતિ દુશ્મની પ્રદર્શિત કરતા રહે પરંતુ એમનામાં ઘણા બધાઓએ હુઝૂર ﷺની પ્રશંસામાં કલમ ઉઠાવી છે. મેં કેટલાય વિખ્યાત હિંદુ શાઈરોની ગઝલોના સંગ્રહો જોયા છે જેમની શરૂઆત હમ્દ અને નઅતથી કરવામાં આવી છે.
- સ્વામી લક્ષ્મણ પ્રસાદની કિતાબ '' અરબ કા ચાંદ'' આજે પણ બજારમાં ઉપલબ્ધ છે, કિતાબના અભ્યાસથી એવું જણાય છે કે આ કિતાબ કોઈ મુસલમાનની લખેલી છે. બી.કે. નારાયણે અંગ્રેજીમાં ''મુહમ્મદ ﷺ ધ પ્રોફેટ ઓફ ઈસ્લામ'' લખી, જે ઈ.સ. ૧૯૮૯માં દિલ્હીથી પ્રકાશિત થઈ. મારા કિતાબોના સંગ્રહમાં બ્રામહ ધર્મના પ્રચારક શૃધ્ધે પ્રકાશ દેવની કિતાબ'' મુહમ્મદ સાહબ ﷺ બાનીએ ઈસ્લામ'' છે જેમાં તેણે લખ્યું છે કે : ''તંગદિલ અને પૂર્વગ્રહવાળા લોકો જે કાંઈ પણ કહે પરંતુ જે લોકો ન્યાયપ્રિય અને ઉદાર દિલના છે

તેઓ કદી મુહમ્મદ ﷺ સાહબની તે અનમોલ સેવાઓને જે આપે માનવ વંશની ભલાઈ માટે આપી, તેને ભૂલાવી એહસાન ફરામોશ નથી થઈ શકતા."

- શીખ ધર્મના સ્થાપક ગુરૂ નાનકે ખુદ હુઝૂર ﷺની ઘણીવાર પ્રશંસા કરી. એક "શીખ પ્રોફેસર ગુરૂદત્તસિંઘ દારાની કિતાબ "રસૂલે અરબી" પર સુલૈમાન નદવી, હફિઝ જલંધરી, અને શેખ સર અબ્દુલ કાદિરની પ્રસ્તાવનાઓ છે. પ્રોફેસર પ્રિતમ સિંઘની કિતાબ "હમારે મુરબ્બી"નું સાતમુ પ્રકરણ હુઝૂર ﷺ વિશે છે.
- આર.વી.સી. બોડલેની અંગ્રેજી કિતાબ "ધ મેસેન્જર"નો ઉર્દૂ અનુવાદ આજે પણ ઉપલબ્ધ છે, તેમના સિવાય મેન્ટગમરી વોટ, મારગોલિથ મેકડોનલ્ડ, હેનરી માર્ટિન, સર જોન મેલ્કમ, જે.જે. પોલ, વોશિંગ્ટન અરવિંગ, રોબર્ટ એલ ગ્યુલિકા અને ઘણા ફિરંગી ભાષા શાસ્ત્રીઓ ઉપરાંત ગાંધીજી, સર છોટુરામ સરોજીની નાયડૂ, સરદાર દીવાન સિંઘ મફતૂં, માસ્ટર તારા સિંઘ, રવિન્દ્રનાથ ટાગોર, પંડિત સુંદરલાલ, લાલા રામલાલ વર્મા, જસ્ટિસ રાના ભગવાનદાસ ભગવાન, પ્રોફેસર હરવંશ સિંઘ અને ઘણા બધા હિંદુ અને શીખ લીડરો તથા વિદ્વાનોના લખાણો આપણા સમક્ષ છે, જેનાથી જણાય છે કે હુઝૂર હબીબે કિબ્રિયા ﷺનું પવિત્ર જીવન એ લોકોને પણ પ્રભાવિત કરે છે જે આપ ﷺ પર ઈમાન ન લાવ્યા અને અરબીની આ મશહૂર કહેવત પોતાના સંપૂર્ણ અર્થમાં સામે તરી આવે છે : اَلْفَضْلُ مَا شَهِدَتْ بِهِ الْاَعْدَاءُ સૌથી ઉત્તમ ગવાહી તે છે જે ગૈર આપે.

*(માહનામા નૂરૂલ હબીબ, જાન્યુ. ૨૦૧૬)*

પેજ નં. ૪૦ નું ચાલુ...

પણ આપની રહ્‌મતથી માલામાલ થયા. એકવાર હઝરત જિબ્રઈલ علیہ السلامને આપ ﷺએ ફર્માવ્યું કે, હે જિબ્રઈલ ! તમને મારી રહ્‌મતથી શું મળ્યું ?! હઝરત જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું સર્વ અંબિયાએ કિરામની પાસે વહી લાવતો રહ્યો અને જિંદગીની દરેક પળ અલ્લાહની ઈબાદતમાં પસાર કરતો રહ્યો, પણ હું શૈતાનનો અંજામ જોઈને પોતાના ખાત્મા સંબંધે સંતુષ્ઠ ન હતો. જયારે આપની પાસે વહી લઈને આવવા લાગ્યો તો રબ્બે કરીમે આ ખુશીનો પયગામ સંભળાવ્યો, અર્શના માલિકની તરફથી જિબ્રઈલ બારગાહે સુબ્હાનીમાં મર્તબાવાળા છે, મુકતદા તથા અમીન છે. *(પારા : ૩૦, રૂકૂઅ : ૬)* યા રસૂલલ્લાહ ! ﷺ એના પછી મને સંપૂર્ણ ઈત્મિનાન થઈ ગયું અને મારી દષ્ટિમાં આ રહ્‌મત તથા નેઅમત અન્ય રહ્‌મતો તથા નેઅમતો કરતાં અફઝલ તથા આ'લા છે.

સીરતે નબવી ﷺનું પ્રકરણ એટલું અધિક પ્રમાણમાં વિશાળ છે અને હુઝૂર ﷺની મહાન ખૂબીઓનું દરેક પાસુ એટલી વિશાળતા ધરાવે છે કે માનવ સમજ તથા દિમાગ તેના સહીહ તસવ્વુરથી લાચાર છે. જેટલા પ્રમાણમાં વિચારવામાં આવે એટલા પ્રમાણમાં અસીમ, કિનારા વિનાના સમુદ્રની વિશાળતા વધતી જાય છે. ડગલે ને પગલે રહ્‌મત તથા શફકત, મહોબ્બત તથા ઉલ્ફત અને હુસ્ન તથા એહસાનના નઝારા જોઈને માનવ રૂહ રકસ કરવા (ઝુમવા) લાગે છે, વજ્દની કૈફિયત છવાઈ જાય છે અને આંખો આપોઆપ ભીની થઈ જાય છે. ﷺ

*–(માહનામા નૂરૂલ હબીબ, જાન્યુઆરી–૨૦૧૬)*

# મોહસિને કાઈનાત
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْكَ وَسَلَّمَ

## અને જાનવરોના હક્કો

કાર્યાલય

આજે પૂરી દુનિયા ''માનવ અધિકાર''નો ઢંઢેરો પીટી રહી છે અને આ મેદાનમાં સર્વ મઝહબવાળા પોતાને સૌથી વિશેષ ''માનવ અધિકાર''ના ઝંડાધારી દર્શાવી રહ્યા છે. પરંતુ સચ્ચાઈ એ છે કે આ દુનિયામાં મોહસિને ઈન્સાનિયત બલ્કે મોહસિને કાઈનાત (સમગ્ર સૃષ્ટિ પર એહસાન કરનાર)એ હુઝૂર ﷺની મુબારક તથા પવિત્ર જાત જ છે. એટલા માટે ફુક્હાએ કિરામે (ફકીહોએ) ફર્માવ્યું કે આપની ખૂબીઓવાળી જાતને ફક્ત મોહસિને ઈન્સાનિયત દર્શાવવી એ નાઈન્સાફી છે, આપ કેવળ મોહસિને ઈન્સાનિયત જ નથી બલ્કે મોહસિને કાઈનાત છે, કેમ કે આપ જાનવરોના હક્કોના પણ ઝંડાધારી છે. એટલા માટે હઝરત અલ્લામા ઝહ્હાક رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

''દુનિયાના ખાલિકે (સર્જનહારે) આ મહાન હસ્તીને **'રહ્મતુલ્ લિલ્ આલમીન'**નો એઝાઝ (લકબ) યોગ્ય જ અતા ફર્માવ્યો છે.''

આપ ફર્માવે છે : ''રહ્મતુલ્ લિલ્ આલમીનના આ શબ્દો જો સોનાના અથવા સોનેરી અક્ષરો વડે પણ લખવામાં આવે તો પણ એનો હક્ક અદા થશે નહીં અને કયામત સુધી અદા થઈ શક્શે નહીં.''

### ★ જાનવરોના હક્કમાં પણ રહ્મત ★

રહ્મતુલ્ લિલ્ આલમીનની રહ્મત કેવળ માનવો સુધી મર્યાદિત ન હતી બલ્કે આપ બેઝબાન જાનવરો, પક્ષીઓના હક્કમાં પણ રહ્મત હતા. જો કોઈ ઝબાનવાળા માનવી પર સખ્તી કરવામાં આવે તો તે તેને પ્રદર્શિત કરી શકે છે, પરંતુ બેઝબાન (મૂંગાં) જાનવરો પક્ષીઓ તેને જાહેર નથી કરી શક્તાં એટલા માટે રહ્મતે આલમ ﷺ મોટાભાગે પોતાના સહાબીઓને એવું ફર્માવ્યા કરતા હતા કે તમો ખુદાની આ મૂંગી મખ્લૂક પર ઝુલ્મ તથા ઝિયાદતી ન કરો.

દરબારે નબવી ભરાયેલ હતો. એક સહાબી મજલિસમાં આવ્યા. તેમણે ચાદર ઓઢેલી હતી. રસૂલે અકરમ ﷺએ પૂછ્યું, એમાં શું છે ? સહાબીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું જંગલથી પસાર થઈ રહ્યો હતો તો એક ઝાડીમાંથી પક્ષીનાં બચ્ચાંનો અવાજ આવ્યો. હું તેમને ત્યાંથી ઉઠાવીને લઈ આવ્યો છું. રસૂલે મક્બૂલ રહ્મતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

''તમારે એવું ન કરવું જોઈતુ હતું, જાવ ! અત્યારે જ એ બચ્ચાં એ ઝાડીમાં છોડી આવો, બચ્ચાંની માને સખત તકલીફ થઈ રહી હશે.''

રહ્મતે આલમ ﷺ જ્યારે પણ રસ્તેથી પસાર થતા અને કોઈને પોતાના જાનવર પર નાજાઈઝ સખ્તી કરતાં જોતા તો આપ તેને મના કરતા અને કહેતા કે આ બેઝબાન જાનવરો પર સખ્તી કરવી સારુ નથી. માણસ પોતાના અઝીઝો તથા સમજાતિવાળાઓના માટે રહમ દિલ હોય શકે છે, પરંતુ ગૈર જાતિ તથા મૂગાં જાનવરોના માટે આટલી હમદર્દી તથા હેતાળ દિલ રાખવું એ રહ્મતે દો આલમ ﷺની ''શાને રહ્મતુલ્ લિલ્ આલમીની''ની જ વિશિષ્ટતા છે. આપે એક મોકા પર ફર્માવ્યું :–

''લોકો ! આ મૂગાં જાનવરો, ચોપગાંઓના બારામાં અલ્લાહથી ડરો !'' એક પ્રસંગે એક અન્સારી સહાબીને તતડાવતાં ફર્માવ્યું :–

"શું તું આ ચોપગાના બારામાં ખુદાથી નથી ડરતો જેને અલ્લાહે તારી માલિકીમાં આપી દીધું છે ?! કેમ કે એણે મને ફરિયાદ કરી છે કે તેં એને ભૂખ્યું રાખ્યું છે." ઊંટે આપ ﷺને રડતાં રડતાં આ ફરિયાદ કરી હતી !

એક અન્ય પ્રસંગે ફર્માવ્યું કે, **"દરેક જાનદારને ખવડાવવા પીવડાવવામાં સવાબ છે."** એકવાર રસ્તેથી પસાર થઈ રહ્યા હતા એવામાં આપની નિગાહે રહ્મત એક ગધેડા પર પડી જેના મોઢા પર મારવાનાં નિશાન સ્પષ્ટ હતાં, એટલે કે મોં સુજી ગયું હતું. આપ સખત નારાજ થયા અને ઈર્શાદ ફર્માવ્યો :–

**"મલઊન** છે તે શખ્સ જે આ જાનવરોના મોઢા પર મારે છે."

આ ઐતિહાસિક શબ્દો તથા ઈર્શાદોની રોશનીમાં આપને કેવળ "મોહસિને ઈન્સાનિયત" કહેવા યોગ્ય નથી, હકીકતમાં આપ "મોહસિને કાઈનાત, રહ્મતુલ્ લિલ્ આલમીન" છે. જેથી મુહમ્મદે અરબી ﷺના નીચે પ્રમાણેના શબ્દોને લક્ષમાં રાખીને ફુકહાએ કિરામે આ મુદ્દાને ચર્ચાનો વિષય બનાવ્યો છે કે જાનવરો જેની માલિકીમાં હોય એની દેખરેખ એના પર વાજિબ છે.

જેમ કે હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہનો ઈર્શાદ છે :–

"માલિક પર પોતાનાં જાનવરો એટલે જાનવરોનું ભરણપોષણ વાજિબ છે."

માલિકી ફિક્હના મશહૂર આલિમ ઈબ્ને રશીદ رحمۃ اللہ علیہએ ઈમામે આ'ઝમ رضی اللہ عنہનું સમર્થન કર્યું. અને ઈમામ શાફઈ, ઈમામ માલિક, ઈમામ અહમદ ઈબ્ને હંબલ رحمۃ اللہ علیہم اجمعینનો કૌલ છે : "તેમનું ભરણપોષણ વાજિબ છે, કેમ કે જાનવર પણ રૂહ ધરાવે છે. તેમની હિફાઝત પણ માનવીની જેમ વાજિબ છે. હઝરત ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہથી પણ એ જ મરવી છે અને હઝરત ઈમામ તહાવી તથા કમાલ ઈબ્ને હુમામ رحمۃ اللہ علیہماએ એને જ અગ્રતા આપી છે.

**(૧)** ફિક્હની કિતાબો જાનવરોના હક્કોથી ભરેલી પડી છે. જેમ કે હઝરત ઈમામ માલિક, ઈમામ શાફઈ તથા ઈમામ અબૂ યૂસુફ હદીષના હવાલાથી નક્લ કરે છે. હઝરત ઉમર رضی اللہ عنہથી નક્લ થયલ છે કે જો માલિક પોતાનાં જાનવરો, પ્રાણીઓ પર ખર્ચ કરવાથી ના પાડી દે તો તેને કહેવામાં આવશે કે ક્યાં તો આ જાનવરોને ચરવાના માટે આઝાદ છોડી આપે જેથી તેઓ જરૂરત પ્રમાણે ચરી લે અથવા જો જાનવરોને માલિક વેચી નાખે, અને જો હલાલ જાનવર હોય તો તેને ઝબહ કરી નાખે (પણ ભૂખ્યુ ન રાખે).

**(૨)** ફુકહાએ કિરામ, મુફસ્સિરીને કિરામ, ઉલમાએ કિરામનો એ ઈર્શાદ છે કે જાનવરનું સર્વ દૂધ કાઢી લેવું જ્યારે કે એ જાનવરનું નાનુ બચ્ચુ હોય, તો એ જાઈઝ નથી. હા ! બચ્ચાના ખોરાક જેટલુ દૂધ છોડીને વધારાનું દૂધ દોહી શકાય છે.

**(૩)** જે લોકો મધનો વેપાર કરે છે અને એના માટે બાકાયદા મધમાખીઓ પાળે છે, તો તેમના માટે પણ ઈસ્લામી શરીઅતે એ હુકમ આપ્યો છે કે તેમના પૂડામાં અમુક મધ રહેવા દે જે એમના ખોરાક માટે પૂરતુ હોય જેના વડે તેઓ પોતાનુ પેટ ભરી શકે.

**(૪)** રેશમનું કપડુ બનાવવાવાળા રેશમના કીડાના માટે શેતૂરનાં પાંદડાંની વ્યવસ્થા કરે જેથી તેમના ખોરાકની જરૂરત પૂર્ણ થાય અથવા એ રેશમના કીડાને શેતૂરના ઝાડ પર પાંદડાં ખાવા માટે છોડી આપે જેથી તે મૃત્યુ પામવાથી બચેલુ રહે.

**(૫)** હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہના

બારામાં કિતાબોમાં આવ્યું છે કે તેમની બખ્શિશ એક માખી અથવા એક કીડીને પોતાના કલમની શાહી (રોશનાઈ)ના પાણી વડે તૃપ્ત કરવાના કારણે અથવા તેની તરસ છીપાવવાના કારણે થઈ.

**(૬)** એક હદીષ શરીફમાં પાછલી ઉમ્મતોમાંથી એક સ્ત્રીને કેવળ એ કારણે જહન્નમ રશીદ થવાનું દર્શાવવામાં આવ્યું છે કે તેણીએ એક બિલાડીને ભૂખી તરસી રાખી જેના કારણે તે મૃત્યુ પામી. એથી ઉલ્ટુ એક તવાઈફ (નાચનારી)ને જન્નત કેવળ એ કારણે મળી કે તેણે તરસ્યા કૂતરાને પાણી પીવડાવ્યું હતું.

**(૭)** જલીલુલ કદર અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ પોતાનાં ઊંટોને જાતે પાણી પીવડાવતા હતા, અને ફર્માવતા : ''એઓ મારી માલિકીમાં છે, ખુદાએ બુઝુર્ગો બરતર મારાથી પૂછતાછ કરશે.''

આપનો જ મશહૂર ઈર્શાદે ગિરામી છે કે જો ફુરાત નદીના કિનારા પર કોઈ કૂતરુ, અને બીજી રિવાયતમાં છે કે કોઈ બકરી ભૂખથી મરી જાય તો મને ડર છે કે કિયામતના દિવસે મને એના બારામાં પૂછપરછ થશે અને મારે જવાબ આપવાનો થશે.

ઈતિહાસમાં મળે છે કે હઝરત હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા કે :–

''હું ડરું છું કે મારી હુકૂમતમાં જો કોઈ ખુજલીવાળી બકરી મરી જાય તો અલ્લાહને ત્યાં મારે જવાબ આપવો પડશે.''

## ★ જાનવરો પર રહમત ★

હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ફર્માવે છે કે એકવાર રહમતે આલમ, મોહસિને કાઈનાત ﷺ જંગલમાં થઈને જઈ રહ્યા હતા તો ''યા રસૂલલ્લાહ!''નો અવાજ સાંભળ્યો. આપે પાછા ફરીને જોયું કે એક હરણી બંધાયેલી છે અને એક ગામડાવાસી શિકારી સૂઈ રહ્યો છે. આપને હરણીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને આ ગામડાવાસીએ ધોકાથી શિકાર કરી લીધી છે. યા રસૂલલ્લાહ ! ﷺ મારાં બે નાનાં બચ્ચાં છે જેઓ પહાડ પર ભૂખથી રડી રહ્યાં છે. યા રસૂલલ્લાહ ! ﷺ થોડી મોહલત મળી જાય તો દૂધ પીવડાવી આવું. આપે તુરત જ હરણીને છોડી મૂકી. એટલામાં શિકારી જાગૃત થઈને કહેવા લાગ્યો, જો મારો શિકાર પરત ન આવ્યો તો સારું થશે નહીં ! હુઝૂર ﷺ સાથે વાતચીન ચાલી જ રહી હતી એટલામાં હરણી પોતાનાં બંને બચ્ચાં સાથે પાછી આવી ગઈ. શિકારી આશ્ચર્યમાં પડી ગયો અને આપની અપાર રહમત જોઈને તરત કલ્મએ તયબહ પઢયો અને હરણીને બચ્ચાં સમેટ આઝાદ કરી દીધી. હરણી પોતાનાં બંનેવ બચ્ચાંની સાથે કલ્માએ તયબહ પઢતી પઢતી અને ઉછળતી કૂદતી ચાલી ગઈ. *(શિફા શરીફ, ૬/૭૬, તિબરાની, બયહકી, હુજ્જતુલ્લાહ શરીફ, પેજ : ૪૬૧)*

એક ઊંટે આપને સિજદો કર્યો અને રડતાં રડતાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારો માલિક મારા પર ખૂબ જ બોજ લાદે છે અને ચારો ઓછો આપે છે. આપ ﷺએ તરત જ તેના માલિકને બોલાવ્યો અને કહ્યું કે આના પર ઓછો બોજો લાદ અને પેટ ભરીને ચારો આપ્યા કર.

*(હુજ્જતુલ્લાહ શરીફ, ૧/૪૮૫)*

આપ ﷺની રહમત તથા પ્રેમ ભાવના આસ્માન પર પણ છે :–

***વો હર આલમ કી રહમત હૈં કિસી આલમમેં રહ જાતે***
***યહ ઉનકી મહરબાની હૈ કે યહ આલમ પસંદ આયા***

## ★ હઝરત જિબ્રઈલ علیہ السلام પર રહમત તથા પ્રેમભાવ ★

હઝરત સૈયદના જિબ્રઈલે અમીન علیہ السلام વધુ પેજ ૩૭ પર.



# શું તમે આશિકે રસૂલ છો ?!

# લો ! જોઈ લો ! ખરેખર આશિક કેવા હોય છે

**કાર્યાલય**

*હશ્ર તક ડાલેંગે હમ પૈદાઈશે મૌલાકી ધૂમ*
*મિષ્લે ફારસ નજદ કે કીલએ ગિરાતે જાયેંગે*
*ખાક હો જાએં અદૂ જલકર મગર હમ તો 'રઝા'*
*દમમેં જબ તક દમ હૈ ઝિક્ર ઉન્કા સુનાતે જાયેંગે*
*–(આ'લા હઝરત મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ)*

**મુસલમાન એટલે જ આશિકે રસૂલ ! આશિકે રસૂલ એટલે જ મુસલમાન ! જેના દિલમાં નબીથી મહોબ્બત નથી તે યકીનન ! મુસલમાન નથી !** આમ તો મહબ્બતે રસૂલ હોવાના દાવા તો લોકો સહજ રીતે કરી દે છે, પણ મહબ્બતે રસૂલનો તકાઝો શું છે ? તે તેમના કિરદારમાં જણાતુ નથી ! કેવળ મીલાદુન્નબી ﷺ ના જલસા કરી લેવા, નઅતે પાકની મજલિસોમાં ઝુમી લેવું, નારાએ રિસાલત યા રસૂલલ્લાહ ! કહી લેવું અને અમલી જિંદગીમાં જાન કે માલને ન ખર્ચવું, રસૂલના હુકમાનુસાર અમલો કરવામાં તકલીફોથી દૂર ભાગી આરામતલબી બનવું એ મહબ્બતે રસૂલ નથી ! વહાબી દેવબંદી વગેરે.... દુશ્મનાને રસૂલથી દૂરી ન અપનાવવી, ગામોનાં ગામોને તથા મહોલ્લાઓને બુઝુર્ગોની ન્યાઝો પણ ખવડાવી દેવી અને વહાબીઓ સાથે મેળમેળાપ, દોસ્તી, શાદી વ્યવહાર, દા'વત ખાવી ખવડાવવી એ પણ ચાલુ ! આ રીતે દહીંમાં ને દૂધમાં પગ રાખવા એ મહબ્બતે રસૂલની દલીલ નથી ! આશિકે રસૂલ હોવાના દાવાની દલીલ એ છે કે **તન, મન, ધનથી રસૂલે પાક ﷺ પર કુર્બાન થઈ જવામાં આવે.** દુનિયાની મહોબ્બત કે કોઈ વ્યક્તિની મહોબ્બત રસૂલે પાક ﷺ ની મહોબ્બત સામે કદી પણ આડ બની શક્તી જ નથી ! કોઈનું એહસાન રસૂલે પાકની મહોબ્બત સમક્ષ આડ બની શક્તું નથી કેમ કે સૌથી મોટુ એહસાન તો ઈમાન છે જે અલ્લાહ વ રસૂલ તરફથી છે.

સાંભળો ! મહબ્બતે રસૂલ શીખવા માટે આમ તેમ ફાંફાં મારવાની જરૂરત નથી, બસ ! કેવળ સહાબીઓની જિંદગીને વાંચો, સમજો ને તે પ્રમાણેના અમલ કરવા કોશિશ કરો, દિલોમાં સાચો ઈશ્કે રસૂલ પેદા કરો.

*મુહમ્મદ ﷺ કી મહબ્બત દીને હક્ક કી શર્તે અવ્વલ હૈ*
*ઈસીમેં હૈ અગર ખામી તો સબ કુછ નામુકમ્મલ હૈ*
*–(ડૉ. ઈકબાલ)*

પ્યારા વાંચકો ! અત્રે પ્રથમ એક પ્રસંગ સહાબાએ કિરામનો નબી કરીમ ﷺ થી મહબ્બતનો ચિતાર આપતો સવિસ્તાર રજૂ કરું છું તેને ખૂબ જ દિલો દિમાગને કેન્દ્રિત કરીને વાંચો અને દિલની દુનિયામાં ઈન્કિલાબ પેદા કરો.

*ફિર કે ગલી ગલી તબાહ ઠોકરેં સબકી ખાએ ક્યૂં*
*દિલ કો જો અક્લ દે ખુદા તેરી ગલીસે જાએં ક્યૂં*
*–(આ'લા હઝરત મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ)*

## ✪ હુદૈબિયાના કરાર પહેલાંની વિગત ✪

મક્કા મુકર્રમામાં મુસલમાનો તેર વરસો સુધી રહ્યા એ અરસામાં મક્કાવાસીઓએ એમના માટે જીવવું મુશ્કેલ કરી આપ્યું. જ્યારે જુલ્મોની અતિશયતા થઈ ગઈ તો હિજરતનો હુકમ આવતાં સૌએ મક્કા શરીફથી મદીના મુનવ્વરા હિજરત કરી લીધી. પણ મક્કાવાસીઓએ ત્યાં પણ પીછો ન છોડયો. થોડા થોડા સમયે તેમના પર હુમ્લા કરતા રહ્યા જેથી પાંચ વરસના ટૂંકા ગાળામાં જંગે બદર, જંગે ઓહદ તથા જંગે ખંદકની મશ્હૂર જંગો થઈ. જો કે એ જંગોએ તેમની બહુમતી તથા જંગી મહારત તથા માત ન કરી શકાય તેવી શક્તિવાળા હોવાના ઘમંડના ટુકડે ટુકડા કરી નાખ્યા અને તેમની હિંમતની કમ્મડ તોડી નાખી હતી તેમ છતાં પણ તેમની ઘમંડની ભાવના ગઈ નહીં અને તેમના ખાનદાની ઘમંડમાં કોઈ ફરક ન આવ્યો. તેઓ જંગો હારીને પણ પોતાની જીદ પર અડેલા રહ્યા કે મુસલમાનોને મિટાવીને જ દમ લઈશું અને તેમની ઉચ્ચતા તથા તેમનું કૌમી અસ્તિત્વ કોઈ કીંમત પર સ્વીકારીશું નહીં.

૬, હિજરીમાં મુસલમાન ખૂબ જ ઉદાસ થઈ ગયા. તેમની સૌથી પહેલી ખ્વાહિશ હતી કે બૈતુલ્લાહ શરીફની ઝિયારત કરે, પરંતુ મક્કાવાસીઓએ એ મુકદ્દસ શહેરના દરવાજા એમના માટે બંધ કર્યા હતા. તેમનું એલાન તથા દાવો હતો કે કોઈપણ કીંમત પર મુસલમાનોને મક્કામાં દાખલ થવા તથા કા'બા મુકર્રમાની ઝિયારત તથા તવાફ કરવાની ઈજાઝત આપીશું નહીં, ભલે તેમણે એના માટે ગમે તેવી ભારે કીંમત ચૂકવવી પડે.

હુઝૂર નબી કરીમ ﷺ એ પોતાના સાથીઓને હુકમ આપ્યો કે તેઓ મક્કા મુકર્રમા જવાની તૈયારીઓ કરે, કુર્બાનીનાં જાનવર અને એહરામનાં કપડાં પણ સાથે લઈ લે. હિજરતના છઠ્ઠા વરસે ઝીકઅદાના મહીનામાં ૧૪૦૦ પાકીઝા નૂરાની હસ્તીઓનો આ કાફલો મદીના મુનવ્વરાથી નીકળ્યો અને આફતાબે રિસાલતની સંગાથે મક્કા મુકર્રમાની તરફ રવાના થયો.

મક્કાવાસીઓને ખબર થઈ ગઈ કે મુસલમાન રવાના થઈ ગયા છે, તો તેમણે તેમના અવરોધની તથા મુકાબલાની તૈયારીઓ શરૂ કરી દીધી અને લડાયક દળોને કાર્યવાહી માટે તૈયાર રહેવાની આજ્ઞા આપી દીધી. બસો નવયુવાનોનું એક દળ તૈયાર કરીને ખાલિદ ઈબ્ને વલીદને (જે ત્યારે હજી ઈમાન લાવ્યા ન હતા.) હુકમ આપ્યો કે તેની સરદારી સંભાળી લે. અને ગમીમ સ્થળે મુસલમાનોનો માર્ગ રોકવાની કોશિશ કરે જેથી મુસલમાનો ઉલઝનમાં પડી જાય અને મક્કા તરફ આવવાનો ઈરાદો ત્યજી દે અને પાછા વળી જાય.

હુઝૂર ﷺ ને માર્ગમાં જ મક્કાવાસીઓની જંગી તૈયારીઓ તથા ગતિવિધિઓની માહિતી મળી ગઈ. આપ લડાઈમાં ઉલઝવા ચાહતા ન હતા જેથી સાથીઓએ જણાવ્યું કે, ખાલિદ તમારો માર્ગ અવરોધીને ગમીમમાં તંબુ તાણીને પડેલ છે એટલા માટે મક્કા તરફ જતા આ જાણીતા માર્ગને છોડીને અજાણ્યો માર્ગ અપનાવી લો, જેથી ખાલિદ સાથેના ટકરાવથી બચી જઈએ અને દુશ્મનની યુક્તિ નિષ્ફળ નીવડે.

આ આશિકોનો કાફલો અજાણ્યા માર્ગો પર નીકળ્યો અને અજાણ્યા કઠીન માર્ગો પર ચાલતો રહ્યો, તેને ચઢાવ ઉતારવાળી પહાડીઓ, અણીદાર પથ્થરો તથા ખબરચડા માર્ગો અને ખતરનાક પહાડીઓના ગુચવણભર્યા માર્ગોની કોઈ પરવા ન હતી. તેમની સમક્ષ કેવળ એક જ હેતુ હતો કે પોતાના કાફલાના સરદારની સંગાથે પોતાના રબના હરમે પાકમાં પહોંચી જઈએ અને તેની ઝિયારતથી પોતાની તરસી આંખોને તૃપ્ત કરીએ.

પોતાના મહબૂબ ﷺ ના હુકમ પર સર્વેએ માર્ગમાં એહરામ બાંધી લીધા અને કુર્બાનીનાં ઊંટોના ગળામાં પટ્ટા રાખી દીધી. આ એ વાતની નિશાની હતી કે કા'બાની ઝિયારતનો સામાન કરી લેવામાં આવ્યો છે, અને લડવા ઝઘડવાનો કે ભૂમિ પર કબજો જમાવવાનો અમારો હેતુ નથી. માર્ગમાં એક સ્થળે હુઝૂર ﷺ ની ઊંટણી બેસી ગઈ અને ઉઠવા તથા ચાલવાથી ઈન્કાર કરી દીધો. હાજરજનો સમજ્યા કે કદાચ થાકી ગઈ છે અથવા તેના સ્વભાવમાં નાફર્માની આવી ગઈ છે. હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે, ન તો થાકી છે ન તેના મિજાઝમાં નાફર્માની વસી છે, આ ઊંટણી એ આદતથી પાક છે. મૂળ વાત એ છે કે તેને એ હસ્તીએ રોકેલ છે જેણે અબરહાના હાથીઓને મક્કા તરફ જવાથી રોક્યા હતા. પછી આપે ફર્માવ્યું, આપણે ખૂનરેઝી, બેહુર્મતી તથા લડાઈ ઝઘડાની નિય્યતથી મક્કાની તરફ નથી જઈ રહ્યા અને ન તો એ આપણો મકસદ છે કે મક્કાવાસીઓ સાથે કોઈ પ્રકારની છેડછાડ કરીએ, બલ્કે જો તેઓએ પણ આપણને લડવા માટે મજબૂર કરવા કોશિશ કરી તો પણ આપણે બચવાનો માર્ગ અપનાવીશું અને સલાહ શાંતિ માટે પ્રયત્નશીલ રહીશું, એટલે સુધી કે સુલહ તથા સફાઈના માટે કોઈપણ શરત માનવાથી પણ પાછા હટીશું નહીં.

આમ ફર્માવીને જ્યારે આપે ઊંટણીને ઈશારો કર્યો તો તે ઉઠીને બેઠી થઈ ગઈ. હકીકતમાં આ મો'જિઝામય શાનના પ્રદર્શન થકી તે આશિકોને એની પ્રતિતી કરાવવાનો હેતુ હતો કે અત્યારે ક્ષિતિજ પર ભલે યુદ્ધનાં વાદળો ઘેરાઈ રહ્યાં છે અને સાફ જણાઈ રહ્યું છે કે લડાઈ વિના મક્કામાં પ્રવેશ થઈ શકશે નહીં, પરંતુ અમે તમને જણાવી દઈએ છીએ કે આ ગંભીર પરિસ્થિતિમાં પણ આપણે કોઈ એવું વર્તન નહીં કરીએ જેનાથી કા'બાની હુર્મતને અસર થાય અને ન કોઈ વ્યક્તિને એ ઈજાઝત આપીશું કે તે મક્કાવાસીઓની હઠધર્મીની આડ લઈને લડાઈ ઝઘડો તથા ખૂના મરકીના જાઈઝ હોવાનો માર્ગ શોધે, બલ્કે મામલો સુલઝાવવા માટે અમલી હિકમતથી કામ લઈને મક્કાવાસીઓની ઉલ્ટી સીધી તથા અયોગ્ય શરતો તથા અવળચંડી તજવીઝો પણ સ્વીકારી લેતાં અચકાઈશું નહીં. હેતુ એ સમજાવવાનો હતો કે ગમે તે ભોગે યુદ્ધ કરવાથી બચવું છે.

## ✪ હુદૈબિયા સ્થળે બંને પક્ષની ચાલેલી ચર્ચાઓ ✪

મુસલમાનો આગળ વધતા રહ્યા અને હુદૈબિયા સ્થળે પહોંચીને તંબુ તાણ્યા. નજીકમાં જ એક કૂવો હતો, જ્યારે ૧૪૦૦ માણસોએ તેમાંથી પાણી વાપર્યું તો ખૂબ જ જલ્દી તે સૂકાઈ ગયો. દરબારે રિસાલતમાં ગુઝારિશ કરવામાં આવી કે પાણી અદશ્ય થઈ ગયું છે તો આપે એક તીર આપ્યું કે કૂવામાં જઈને ખોસી દો. આ બરકતવંત તીર કૂવામાં પહોંચતાં જ પાણી જોશ મારવા લાગ્યું અને અંતિમ સમય સુધી તે લોકોની જરૂરત પૂર્ણ કરતું રહ્યું. આ છે નબી ﷺ નો અલ્લાહે અતા કરેલ ઈખ્તિયાર !

વો ઝબાં જિસ્કો સબ કુનકી કુંજી કહે
ઉસ્કી નાફિઝ હુકૂમતપે લાખોં સલામ

એ સ્થળે મક્કાવાસીઓની સાથે ચર્ચાઓનો ક્રમ શરૂ થયો. સૌ પ્રથમ પોલિટિકલ ચર્ચા માટે બદીલ આવ્યો. તેણે કહ્યું, "મક્કાવાસીઓ તમારી સાથે લડવાના માટે તૈયાર છે, પાણીના ઝખીરાઓ પર તેમણે કબ્જો જમાવી લીધો છે, બીવી બચ્ચાં તથા માલ સંપત્તિ, પશુ પ્રાણીઓ તેમની સાથે છે. આ એ વાતની નિશાની છે કે તેઓ મરુ કે મારુની નિય્યતથી આવી ચૂક્યા છે, આ સંજોગોમાં આપ લોકોનું આગળ વધવું ખતરાથી ખાલી નથી."

હુઝૂર ﷺ એ ફર્માવ્યું, અમારા દિમાગમાં એક તજવીઝ છે એના પર તમે લોકો વિચારણા કરી લો, પસંદ આવે તો માની પણ લો. મક્કાવાસીઓ અમારી સાથે લડતાં લડતાં થાકી ગયેલા છે, તેઓને આરામની સખત જરૂરત છે, જો તેઓ ઈસ્લામ સ્વીકારવા નથી ચાહતા તો મર્યાદિત સમય માટે અમારી સાથે સમજૂતી કરી લે, એ દરમ્યાન અમે અરબના અન્ય કબીલાઓ પ્રતિ ધ્યાનિત થાશું. અને તેમને ઈસ્લામની દા'વત આપીશું. ત્યારબાદ જો મક્કાવાસીઓ ચાહશે તો નિર્ણાયક યુધ્ધ લડીશું. ગમે તેમ પણ રાહત મેળવવા યુદ્ધ નહીં કરવાની વાત માન્ય કરી લે. બદીલની સમજમાં આ વાત આવી ગઈ. ઘણી જ યોગ્ય તથા બુદ્ધિગમ્ય તજવીઝ હતી પણ મક્કાવાસીઓએ બદીલની સાથે સંમત થવાથી ઈન્કાર કરી આપ્યો.

## ✪ ઈશ્કે નબી દર્શાવતાં નૂરાની દશ્યો ✪

મક્કાવાસીઓએ ઉરવા ઈબ્ને મસઊદને કહ્યું, પોલિટિક્લ ડિસ્કશન માટે તમે જાવ ! તે પાકીઝા હસ્તીઓની વચ્ચે પહોંચ્યા તો આશ્ચર્યમાં ડૂબી ગયા. જોયું કે સૌએ એહરામ બાંધેલો છે, કુર્બાનીનાં જાનવરોના ગળામાં પટ્ટા બાંધેલા છે, તેણે પ્રથમ નજરમાં જ ભાંપી લીધું કે કા'બાના પરવાનાઓ છે ! કેમ કે લડવા માટે આવનારાઓના આવા ફરિશ્તામય અંદાઝ નથી હોતા. પણ તેણે એના સંબંધી ભાવો ચેહરા પર આવવા ન દીધા અને ખૂબ જ કુત્રિમતાપૂર્વક ચર્ચાની શરૂઆત કરી કહ્યું કે :–

''તમે માણસોની આટલી મોટી સંખ્યા લઈને આવી ગયા છે તો એનું પરિણામ મનોવૈજ્ઞાનિક દષ્ટિએ જોતાં જંગ છે. તમે જંગમાં સરસાઈ મેળવો કે હારી જાવ પણ બંને સંજોગોમાં તમારું જ નુકસાન છે. જો સરસાઈ મેળવશો તો તમારી કૌમને જ કત્લ કરશો (એટલે કુરૈશને) **અને જો હારી જશો તો આમાંથી એક પણ માણસ આપની સાથે રહેશે નહીં, કેમ કે હું એવા ચેહરા જોઈ રહ્યો છું જેમાં અડગતાની ઝલક જોવા નથી મળતી. (તેઓ તમને ત્યજીને જતા રહેશે.)**

સહાબાએ કિરામ પર આ વાત વીજળી બનીને વરસી પડી. મહબૂબને ત્યજી દેવાનો ટોણો સાંભળીને બેકાબૂ થઈ ગયા. સર્વ કાંઈ સાંભળી શક્તા હતા પરંતુ એ વાત સહન કરવાની તેમનામાં શક્તિ ન હતી.

સૌ અકળાઈ ઉઠયા અને ગુસ્સાભર્યી નજરે ઉરવાને જોવા લાગ્યા ! હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની અંદર બિલ્કુલ કન્ટ્રોલ કરવાની શક્તિ ન રહી. ઉરવા તરફ ફર્યા અને કહ્યું :–

**امصص بظر الات ! "તારી લાત મૂર્તિના ગુપ્તાંગને ચૂમતો રહે ! શું બકે છે ?! અમે અમારા નબીને છોડીને ભાગી જાશું ?!''** ઉરવાએ હાજરજનોને પૂછયું કે આ કોણ શખ્સ છે ? તેમણે જણાવ્યું, આ અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ છે. તેણે કહ્યું, તેમણે મારા પર એક એહસાન કર્યું છે જેનો મેં હજી સુધી બદલો નથી આપ્યો, નહીં તો હું પણ તેમને ઈંટનો જવાબ પથ્થરથી આપત. તેમણે ઘણી સખત ગાળ મને આપી છે !

અરબમાં રિવાજ હતો કે ચર્ચા સમયે એકબીજાની દાઢીને હાથ લગાડતા હતા. દસ્તૂર પ્રમાણે ઉરવાએ પણ જ્યારે હુઝૂર ﷺ ની મુબારક દાઢીને હાથ લગાડવાની કોશિશ કરી તો માથા પર ઉભેલા નવયુવાને જોરથી તેના હાથમાં મ્યાન મારી અને કહ્યું :–

**" اخريدك عن لحية رسول الله ﷺ તારો નાપાક હાથ મારા નબીની દાઢીથી**

**દૂર રાખ !''** ઉરવાએ માથુ ઊંચકીને જોયું પણ નવયુવાને નકાબ પહેરેલો હતો જેથી ઓળખી ન શક્યો કે, ''આ કોણ છે ?!'' લોકોએ જણાવ્યું કે, ''આ તમારો ભત્રીજો મુગીરા ઈબ્ને શઅબા છે !'' ઉરવા આશ્ચર્યમાં પડી ગયો પછી બોલ્યો, ''હે એહસાન ફરામોશ ! હું તારા તરફથી જુર્માના (દંડ) ભરતો રહું છું અને તું મારું આવું અપમાન કરી રહ્યો છે ?!'' (આ છે ઈશ્કે નબી ! કે કોણ કાકો ને કોણ ભત્રીજો ?! જે નબીનો નથી તે અમારો નથી ! અને એનું નામ ઈમાન છે !)

જયારે ઉરવાએ જાંનિષારી અને ફિદાપણાના જઝબાના આવા ઈશ્ક અફરોઝ દશ્યો જોયાં તો તે સાવધાન થઈ ગયો. જમાનો ખાધેલ અનુભવી માણસ હતો, તરત જ સમજી ગયો કે આ કોઈ રસમી કે દેખાવની મહોબ્બતનો જઝબો નથી બલ્કે સાચી તથા ખુલૂસ ભરી મહોબ્બતનો જલ્વો પ્રદર્શિત થઈ રહ્યો છે, એટલા માટે એના દિલમાં અહીંના સંજોગો તથા પ્રસંગોને ઊંડી દષ્ટિથી જોવાનો શોખ પેદા થયો, જેથી તેણે ત્યાંની ચહલ પહલનું નિરીક્ષણ કરવા માટે આશિકોની ભીડ પ્રતિ એક ભરપૂર દષ્ટિ ઘુમાવી. જે કાંઈ પણ તેણે જોયું તે તેને આશ્ચર્યના દરિયામાં ડૂબાડવા માટે પૂરતું હતું. તેણે જોયું :–

''જયારે **નબી કરીમ ﷺ થૂંક ફેંકવાનો ઈરાદો કરતા** તો ઈશ્કના મતવાલા હાજરજનો ખામોશીથી બેસી ન રહેતા બલ્કે તેમનામાં હલચલ મચી જતી, **તેઓ જમીન પર હથેળીઓનું ફર્શ બિછાવી દે છે.** જયારે **થૂંક મુબારક કોઈ એક હથેળીમાં આવીને પડે છે** તો તેઓ આ હસીન તથા નૂરાની તબર્રુક આપસમાં વહેંચી લે છે અને ખૂબ કાળજી તથા પ્રેમપૂર્વક પોતાની છાતીઓ તથા ચેહરાઓ પર મસળી લે છે.

જિસકે પાનીસે શાદાબ જાનો જના,
ઉસ દહનકી તરાવતપે લાખોં સલામ
જિસસે ખારી કૂવેં શીરાએ જાં બને,
ઉસ ઝિલાલે હલાવતપે લાખોં સલામ

પછી તેણે જોયું કે જયારે નબી કરીમ ﷺ વુઝૂ કરવા લાગે છે તો સામે આશિકોની લાઈનો ખડી થઈ જાય છે તેઓ વુઝૂના પાણીને નીચે પડવા નથી દેતા અને તેને મેળવવા માટે તૂટી પડે છે. એવું જણાય છે કે એના માટે હમણાં તલ્વારો નીકળી પડશે ! વપરાયેલ પાણી તથા ધોવણ તેમના માટે આબે હયાતથી કમ નથી. જેઓ થૂક નથી છોડતા તેઓ ભલા સ્નાનનું તથા વુઝૂનું ધોવણ કેમ કરીને છોડી શકે છે ?!''

ઉરવાની સંશોધનકારી નજરોએ જોયું કે, ''જયારે નબી કરીમ ﷺ વાતચીત કરે છે તો ચો તરફ સન્નાટો છવાઈ જાય છે જાણે કોઈ વ્યક્તિ ત્યાં છે જ નથી ! અને **આજ્ઞાના પાલન માટે આંખના એક ઈશારા પર દોડી પડવા તત્પર રહે છે અને જે ફર્માન બહાર પાડે તેનું પાલન કરે છે.** તા'ઝીમના કારણે માથુ ઝુકાવીને બેસે છે જાણે કે માથાંઓ પર પક્ષી બેઠેલાં છે જે માથુ હલાવતાં ઉડી જશે, પોતાના નબી પ્રતિ ધારીને જોતા નથી, બલ્કે ગરદન તથા માથુ નમાવીને રાખે છે.''

તે આ અજીબો ગરીબ દશ્યો જોઈને અચંબામાં ડૂબી ગયો. તેણે ક્યાંય પણ આવાં બુદ્ધિને આશ્ચર્ય પમાડે તેવાં ઈશ્ક અફરોઝ દશ્યો જોયાં ન હતાં. તે પોતાની કૌમ પાસે પાછો ગયો અને જઈને કહ્યું કે :–

''ખુદાની કસમ ! મેં કૈસર તથા કિસરા (તે સમયની સુપર પાવર તાકતો)ના દરબારો જોયા છે, તેમની શાનો શૌકત તથા દરબારની નીતિ રીતી તથા શાહી આદાબ સાચવવાની રીત જોઈ છે, પરંતુ....

الله ان رأيت ملكاقط يعظمه اصحبه ما يعظم اصحب محمد، محمدًا۔ ان تنخم نخامة الا وقعت في كف رجل منهم فذلك بها وجهه وجلده۔ واذا امرهم ابتدروا امره۔ واذا توضأ كا دوا يقتلون على وضوئه۔ واذا تكلم خفضوا اصواتهم عنده۔ وما يعدون اليه النظر تعظيماً له.

**"ખુદાની કસમ ! કોઈ બાદશાહને નથી જોયો કે તેના દરબારી તેની એટલી તા'ઝીમ કરતા હોય જેટલી આ નબીની તા'ઝીમ તેમના દરબારી કરે છે ! તેઓ (નબી) થૂકે છે તો તે કોઈની હથેળીમાં જઈને પડે છે અને તેને પોતાના ચેહરા તથા શરીર પર ચોપડી લે છે !" અને જ્યારે તે હુકમ આપે છે તો તરત જ પાલન કરે છે. અને તે વુઝૂ કરે છે તો તે વપરાયેલું પાણી (શરીરેથી વહેતુ) મેળવવા તૂટી પડે છે. અને જ્યારે વાત કરે છે તો તેઓ પોતાના અવાજો ધીમા કરી દે છે. અને તા'ઝીમના કારણે તેમના પ્રતિ ધારી ધારીને નથી જોતા.''**

મક્કાવાસીઓએ જ્યારે આ રિપોર્ટ સાંભળ્યો તો તેમના છક્કા છૂટી ગયા ! કે **જે કૌમ પોતાના નબીના થૂંકને જમીન પર પડવા નથી દેતી તે તેમના લોહીના ટીપાને કેમ કરીને જમીન પર વહેવા દેશે !** અને મુસલમાનો સાથે સુલેહ કરવામાં જ તેમને ભલાઈ જણાવા લાગી. પણ તેઓ ચાહતા હતા કે તેમની ગૈરત (ઈજ્જત) પર આંચ ન આવે એટલા માટે તેમણે પોતાની રજૂ કરેલી શરતો પર સુલેહ કરવાની તૈયારી દર્શાવી અને સુહૈલને મોકલ્યો કે જઈને શરતો નિશ્ચિત કરી લાવે.

### ✪ સુલેહનામા વખતે તા'ઝીમનાં દશ્યો ✪

જ્યારે સુહૈલ ઈબ્ને અમ્ર મુસલમાનો પાસે પહોંચ્યો તો ચર્ચા વિચારણા શરૂ થઈ અને સુલેહની શરતો નિશ્ચત થઈ ગઈ. જ્યારે તે શરતોને લેખિત સ્વરૂપ આપવાની વાત આવી તો હુઝૂર ﷺ એ હઝરત અલી رضی اللہ عنہ ને હુકમ આપ્યો કે, લખો ! **બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ.** સુહૈલે તરત જ વાંધો ઉઠાવ્યો કે અમે રહમાનને નથી જાણતા, **બિસ્મિક અલ્લાહુમ્મ** (અલ્લાહ તઆલાના નામથી) લખો, કેમ કે અમારે ત્યાં એનો જ રિવાજ છે. જેથી એ જ લખી દેવામાં આવ્યું. હુઝૂર ﷺ એ ફર્માવ્યું :– هذا ما قاضى عليه محمد رسول الله "આ કરાર છે જેના પર મુહમ્મદ રસૂલુલ્લાહે સુલહ કરી છે." સુહૈલે ફરી વાંધો ઉઠાવ્યો અને બોલ્યો કે જો અમે તમને રસૂલ માનત તો કા'બાની ઝિયારતથી ન રોકત. જેથી તમે પોતાને મુહમ્મદ તે અબ્દુલ્લાહના પુત્ર લખો, અને રસૂલ શબ્દ છેકી નાખો !" હુઝૂર ﷺ એ ફર્માવ્યું, **"અલી ! મારા નામની સાથેથી તમે જે રસૂલ લખ્યું છે તે છેકી કાઢો !"** આ સાંભળીને હઝરત અલી જઝબાતમાં આવી ગયા અને તેમના પર દીવાનગીની કૈફિયત છવાઈ ગઈ. ખૂબ જ નમ્રતાપૂર્વક અને અદબભેર બોલ્યા, **"મારો કલમ અને આપના નામ મુબારક સાથે જોડાયેલ રસૂલ શબ્દને છેકી કાઢે ! એવું થઈ શક્તું જ નથી ! હું કદી પણ એ શબ્દ પર મારો કલમ ફેરવીશ નહીં !"**

હઝરત મૌલા અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની જઝબાતી કૈફિયત અને અકીદત તથા મહોબ્બતની આ શાન જોઈને સુહૈલ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો અને એ વાત એની સમજમાં આવી ગઈ કે નબીના ઈશ્કમાં ગરકાવ લોકો પોતાના ઈશ્કની ઉચ્ચ કક્ષાએ પહોંચી ચૂકેલા છે. **જેઓ તેમના નામ સાથેથી એક શબ્દ કટ કરવાનું માન્ય નથી કરતા તેઓ તેમનો સાથ છોડવાનું કેમ કરીને માન્ય રાખશે ?!** આ

બધું જોઈને તે ચઢ ઉતર કરતી ભાવનાઓ સાથે મક્કા મુકર્રમા પોતાની કૌમમાં પાછો ગયો.

*(બુખારી શરીફ, રાવી : હઝરત મસઊદ رضی اللہ عنہ)*

## ★ શું આપણામાં આવા ઈશ્કે નબીનો છાંટો પણ છે ?! ★

જેનો દાવો આશિકે રસૂલ હોવાનો હોય, જેને સાચે જ દિલમાં ઈશ્કે મુસ્તફા જગાડવો હોય તે આ પ્રસંગોને વારંવાર વાંચે અને **પોતાના દિલને પૂછે કે શું આમાંની કોઈ વાતની ઝલક પણ તેનામાં છે ?! કે પછી દુનિયાવી લાલચ તથા દુનિયવી ઈજ્જતને સાચવવા રસૂલના દુશ્મનો સાથે હાથમાં હાથ પરોવીને પોતે ફરી રહ્યો છે ! ગુસ્તાખે નબીથી સંબંધ કટ કર્યા છે કે પછી તેમની સાથે દીકરા દીકરી વહેવાર ચાલુ છે ! રસૂલના દુશ્મનોના તરીકા પર ચાલે છે કે રસૂલે પાકના ફર્માનોના પાલન માટે દોડી પડે છે ! રસૂલે પાકની સુન્નતોને ગળે લગાડેલ છે કે યહૂદ તથા ઈસાઈની પધ્ધતિને ગળે લગાડી છે ? નબીની આંખોની ઠંડક નમાઝને અપનાવી છે કે નમાઝના સમયે નરમ ગાદલા પર સૂતો રહે છે કે પછી ટી.વી.માં પિક્ચર, સીરીયલ કે ક્રિકેટ પાછળ કે પછી ટોળામાં બેસી તોફાન મસ્તી સાથે ઐયાશીમાં ડૂબેલો રહે છે ! ક્યાં છે આશિકે નબી ?! શું આશિક આવા હોય છે કે મહબૂબના દરેક ફર્માનની વિરૂધ્ધ કરવું અને દાવો કરતી વખતે બેકાબૂ થઈ જવું ?!** તમારા જ ઝમીરને પૂછો અને સાચા આશિક થવા તૈયાર થઈ જાવ !

શિર્ક ઠહરે જિસ્મેં તા'ઝીમે રસૂલ
ઉસ બુરે મઝહબપે લા'નત કિજીએ

સાથે સાથે ગુસ્તાખે રસૂલ ફિર્કા વહાબી દેવબંદીને પ્રશ્ન કરો કે તમારા પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ લખ્યું કે, **"રસૂલે પાકની એટલી જ તા'ઝીમ કરો જેટલી મોટાભાઈની અથવા ગામના ચોધરીની કરવામાં આવે છે."** *(તકવિયતુલ ઈમાન)* તો એમને પૂછો કે સહાબીઓએ ઉપરોક્ત પ્રસંગમાં તથા અન્ય પ્રસંગોમાં રસૂલેપાકની જે તા'ઝીમ કરી તેમાં શું શિર્ક કર્યુ હતું ?! શું મોટાભાઈના કે ગામના ચૌધરીના થૂંકને કોઈ તા'ઝીમ ખાતર હથેળીમાં ઝીલે છે અને મોઢે ચોપડે છે ?! તો સહાબી સાચા કે વહાબી ?! એ પણ સમજી લો. વધુ ઈશ્કે નબીના પ્રસંગો જોતા ચાલો :–

## ★ પુરૂષના હાથમાં સોનાની વીંટી એટલે આગનો અંગારો ! ★

કેવળ સાડાચાર માશા (લગભગ 5 gms.) વજનની **ચાંદીની એક નંગની એક જ વીંટી** પુરૂષો માટે જાઈઝ બાકી સોના ચાંદીની વીંટીઓ, ચેઈનો, બંગડીઓ **હરામ** છે અન્ય ધાતુની પણ **મના** છે. આ હુકમ નબીનો છે છતાં કહેવાતા આશિકો કાફિર ફાસિક હિરો કે ક્રિકેટરોની અદાની મહોબ્બતમાં રસૂલની અદાને ભૂલી જાય છે અને સોનાની ચેઈનો વગેરે પહેરે છે તેઓ ઈમાનની નજરે વાંચે :–

## ★ ઈશ્કે નબીનો એક ઔર નઝારો ! ★

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ એક વ્યકિતના હાથમાં સોનાની અંગૂઠી (વીંટી) જોઈ તો આપે એને કાઢીને ફેંકી દીધી. અને ફર્માવ્યું કે શું તમારામાંથી કોઈ ઈચ્છે છે કે આગનો અંગારો પોતાના હાથમાં રાખે ?! રસૂલુલ્લાહ ﷺ તશરીફ લઈ ગયા પછી એ વ્યકિતને બધાએ કહ્યું કે, તું તારી અંગૂઠી ઉઠાવી લે અને વેચીને એનાથી ફાયદો મેળવ ! તે શખ્સે જવાબ આપ્યો, **નહીં ! અલ્લાહની કસમ ! એને કદી પણ હાથ નહીં લગાડુ જેને રસૂલે ખુદા ﷺ એ**

ફેંકી દીધી છે ! હું એને કદી પણ નહીં લઉં ! (મિશ્કાત બહવાલા સહીહ મુસ્લિમ)

**ચેતવણી :** આશિકે રસૂલ હોવાના દાવેદારો વિચારે ! અને સોનાની વિંટીઓ, લોકેટ, સોનાની ચેઈનો પહેરવાનું બંધ કરે ! આ પ્રસંગને વારંવાર વાંચે અને સહાબીના જવાબને વારંવાર વાંચે કે ઈશ્કે નબી તે આનું નામ !

## ✪ ઈશ્કે નબીનો એક ઔર નઝારો ! ✪

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہما કહે છે કે એક વખત સફરમાં અમે લોકો હુઝૂરે અકરમ ﷺ ની સાથે હતા. હું હુઝૂર ﷺ ની ખિદમતમાં હાજર થયો. મારી ઉપર એક ચાદર હતી જે લાલ રંગમાં હલકી રીતે રંગેલી હતી. હુઝૂર ﷺ એ જોઈને ફર્માવ્યું, આ શું ઓઢી રાખ્યું છે ?! મને આ સવાલથી હુઝૂર ﷺ ની નાપસંદીનો અણસાર જણાયો જેથી ઘરવાળાઓની પાસે હું પાછો ફર્યો તો એમણે ચૂલો સળગાવી રાખ્યો હતો. મેં એ ચાદર એમાં નાખી દીધી ! બીજા દિવસે જ્યારે હાજર થયો તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે એ ચાદરનું શું થયું ? મેં પ્રસંગ વર્ણવી દીધો તો આપે ઈર્શાદ ફર્માવ્યો, ઔરતોમાંથી કોઈને કેમ ન પહેરાવી દીધી ?! ઔરતોને તો પહેરવામાં કોઈ વાંધો ન હતો ! *(અબૂ દાઊદ)*

**ચેતવણી :** આશિકે રસૂલનો દાવો કરવાવાળા યુવાનો લાલ રંગનાં ભપકાદાર કપડાં પહેરવાથી બચે અને આ પ્રસંગ પરથી બોધ લે.

## ✪ એક ઔરતમાં ઈશ્કે નબીનો અદ્‌ભૂત જઝબો ! ✪

જંગે ઓહદમાં એક ઔરતના બાપ, ભાઈ અને પતિ શહીદ થઈ ગયા અને એ ખબર મળી તો તેણીએ કાંઈ પરવા ન કરી અને પૂછયું કે એ બતાવો કે રસૂલુલ્લાહ ﷺ કેવા છે ?! જ્યારે તેણીને કહી દેવામાં આવ્યું કે હુઝૂર બિહમ્દિલ્લાહ સહી સલામત છે. તો બોલી કે મને બતાવી દો ! હુઝૂરને જોઈને કહેવા લાગી; "આપના હોવાથી બધી મુસીબત તુચ્છ છે !" *(સીરતે ઈબ્ને હિશામ)*

આગળ વધીને ચહેરા મુબારકને જોયો તો કહ્યું, "તું સલામત છે પછી તુચ્છ છે બધા રંજ અને ગમો ! હું પણ અને બાપ પણ, પતિ પણ ભાઈ પણ કુર્બાન ! અય શહે દીં ! તારા હોવાની સાથે શું ચીજ છીએ અમે ?!"

## ✪ બાપના ગળા પર દીકરાની તલ્વાર ! ✪

અબ્દુલ્લાહ બિન ઉબય મુનાફિકે હુઝૂર ﷺ માટે એવા શબ્દો વાપર્યા કે મદીના પહોંચીને અમે ઈજ્જતવાળા બેઈજ્જત લોકોને મદીનાથી બહાર કાઢીશું. આ વાતની ખબર તેમના પુત્ર અબ્દુલ્લાહને થઈ તો શું કર્યું જુઓ ?!

અબ્દુલ્લાહ બિન ઉબયના છોકરાનું નામ પણ અબ્દુલ્લાહ હતું અને ઘણા જ પાકા મુસલમાન અને સાચા આશિકે રસૂલ હતા. લડાઈથી પાછા ફરતી વખતે મદીના મુનવ્વરાથી બહાર તલ્વાર ખેંચીને ઊભા થઈ ગયા અને ગળા પર તલ્વાર રાખીને બાપને કહેવા લાગ્યા, "ત્યાં સુધી મદીનામાં પ્રવેશવા નહીં દઉં જ્યાં સુધી તું એને કબૂલી ન લે કે, તું બેઈજ્જત છે અને મુહમ્મદ ﷺ પ્યારા છે, ઈજ્જતદાર છે." તેને ઘણી જ નવાઈ લાગી ! કેમ કે આપ હમેશાં બાપની સાથે નેકીનો વર્તાવ કરવાવાળા હતા, પણ હુઝૂરના મુકાબલામાં બાપની કોઈ ઈજ્જત તથા મુહબ્બત દિલમાં ન રહી ! છેવટે તેણે લાચાર થઈને માની લીધું કે, વલ્લાહ ! હું બેઈજ્જત છું અને મુહમ્મદ ﷺ ઈજ્જતદાર છે. એના પછી મદીનામાં પ્રવેશી શક્યો. *(તારીખે ખમીસ વગેરે)*

## ✪ ઉમરની તલ્વાર અને મામાનું માથુ ! ✪

જંગે બદરમાં હઝરત ઉમર ફારૂકે આ'ઝમ

رضی اللہ عنہ ના સગા મામા આસ બિન હેશામ બિન મુગીરહ ગુસ્સામાં આવીને જંગ માટે મેદાનમાં નીકળ્યા. ફારૂકે આઝમે આગળ વધીને સામનો કર્યો અને ભાણીયાએ તે મામાના માથા પર એવી તલ્વાર મારી કે માથાને કાપતી જડબા સુધી ઉતરી ગઈ ! અને **ફારૂકે આઝમે કયામત સુધીના લોકોને દેખાડી દીધું કે કુટુંબ અને સગાઈઓ એ બધું જ મહબ્બતે રસૂલ પર કુર્બાન છે.**

કરું તેરે નામ પે જાં ફિદા, બસ એક જાં નહીં દો જહાં ફિદા ! દો જહાં સે ભી નહીં જી ભરા, કરું ક્યા કરોરોં જહાં નહીં !

આજે ન અમલ બાબતે રસૂલે પાકની ફર્માંબરદારી જોવા મળે છે ન નબીના ગુસ્તાખોથી અલગતા જોવા મળે છે, (ઈલ્લા માશાઅલ્લાહ !) કોઈ શાદીમાં કે મૈયતમાં જાવ તો સૌ ભેળસેળ ! સુન્ની, વહાબી, દેવબંદી, મૌદૂદી અહલે હદીષ બધા જ આરામથી એકબીજાને ભેટે છે ! સુલેહકુલ્લિયત તો એવી કે ગુસ્તાખે નબી પરણે કે મરે તો સુન્ની મસ્જિદ તથા મદ્રસાઓના ટ્રસ્ટીઓ બીચારા ઈમામને નિકાહ પઢાવવા કે જનાઝાની નમાઝ પઢાવવા મજબૂર કરે ! (અને તેઓ પણ કેટલાય રોટલો ટકાવવા કે દુનિયાની લાલચમાં એવું કરે પણ છે !) **આ ક્યો ધર્મ છે ?! આ ઈસ્લામ નથી જ** ! માટે હે લોકો ! તૌબા કરો ! અને ઈમાન બચાવો !

હે પ્યારા સુન્ની ભાઈ બહેનો ! વિચારો ! સમજો ! ઈશ્કે નબી વિના ન આ દુનિયામાં ચૈન છે ન કબર કે આખેરતમાં ચૈન મળશે. માટે તમે પોતે સાચા અર્થમાં આશિકે નબી બનો અને તમારી ઔલાદને ખાસ ધ્યાનથી કાળજીથી એ જ તા'લીમ આપો. આવો ! મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم ના આ મુબારક મહીનામાં આપણે નિશ્ચય કરીએ કે આપણા અકીદા સહાબા તથા બુઝુર્ગાને દીન જેવા જ મજબૂત કરીએ અને આપણો કિરદાર પણ એઓના નક્શે કદમ પ્રમાણે જ હશે. ઈન્શાઅલ્લાહ ! *(સંપૂર્ણ)*

પેજ નં. ૫ નું ચાલુ.....

આ જ ભાવાર્થની રિવાયત મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક઼માં આ શબ્દો સાથે વર્ણવવામાં આવી છે. જેનો સાર એ જ છે કે અલ્લાહ عزوجل એ સૌથી પ્રથમ પોતાના નૂરથી પોતાના હબીબે પાક صلی اللہ علیہ وسلم ના નૂરને પેદા કર્યું અને નૂરે મુહમ્મદીને વિવિધ ભાગોમાં વહેંચીને સૃષ્ટિ અને તેની વિવિધ ચીજો પેદા કરી.

અલ્લામા અહમદ કસ્તલાની મીલાદનામાએ ઈબ્ને તગરબર્કના હવાલાથી લખે છે કે જ્યારે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે હઝરત આદમ علیہ السلام ને પેદા કર્યા તો તેમણે કહ્યું, યા રબ્બલ આલમીન ! તેં મારી કુન્નિયત ''અબૂ મુહમ્મદ'' કેમ રાખી ? તેના પર અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ફર્માવ્યું, હે આદમ ! તમારા માથાને ઉઠાવો ! જ્યારે તેમણે પોતાના માથાને ઉઠાવ્યું તો અર્શના પાયામાં તેમને નૂરે મુહમ્મદી નજર આવ્યું. તે વખતે તેમણે કહ્યું, હે મારા રબ ! આ આ કેવું નૂર છે ? રબે ફર્માવ્યું, ''આ તમારી ઔલાદમાંથી એનું નૂર છે જેમનું નામ આસ્માનમાં અહમદ અને જમીનમાં મુહમ્મદ (صلی اللہ علیہ وسلم) છે. જો એ ન હોતા તો હું ન તને પેદા કરતો અને ન જમીન તથા આસ્માનને પેદા કરતો.'' આ વાતનું સમર્થન ઈમામ હાકિમની આ રિવાયતથી પણ થાય છે જેમાં કહેવામાં આવ્યું છે કે, હઝરત આદમ علیہ السلام એ અર્શના પાયાઓમાં મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નું નામ મુબારક લખેલું જોયું. અને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે તેમને ફર્માવ્યું, ''હે આદમ ! જો મુહમ્મદ (صلی اللہ علیہ وسلم) ન હોત તો હું તને પેદા ન કરત.'' *(અશ્રફિયા મંથલી, ઓગષ્ટ–૨૫ના આધારે)*

## દયાદરામાં જશ્ને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ મનાવાયો

**દયાદરા :** ખાતે જશ્ને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ નિમિત્તે મુખ્તારુલ મસાજિદ ખાતે ૧ થી ૧૧ ચાંદ સુધી ઈશા બાદ મેહફિલે દુરૂદ બાદ ખત્મે યાસીન શરીફ રાખવામાં આવ્યો. ચાંદ ૧૦ ની રાત્રે મસ્જિદમાં નઅતો મન્કૃબતનો પ્રોગ્રામ થયો જેમાં તિલાવતે કુર્આન બાદ જનાબ કારી મકસૂદ અશરફી (પેશ ઈમામ) સાહબે પોતાના અનોખા અંદાઝમાં નઅતો મન્કૃબતના ગુલદસ્તા પેશ કર્યા. ૧૧ મી શરીફની રાતે મોટા ચકલા પર શાનદાર પ્રોગ્રામ થયો જેમાં તિલાવતે કુર્આન બાદ જનાબ કારી સાહબે નઅતો મન્કૃબત પેશ કરી બાદમાં મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ ઈમાન અફરોઝ બયાન કર્યું. બીજા દિવસે ૧૧ની સવારમાં જુલૂસે ગૌષિયા ગામમાં રાબેતા મુજબ ફર્યું બાદમાં મસ્જિદમાં નઅતો મન્કૃબત બાદ મૌલાના ઝહીર મિસ્બાહીનું બયાન થયું બાદમાં ગૌષ પાક رضی اللہ عنہના બાલ મુબારકની ઝિયારત કરાવવામાં આવી અને અકુજી હોલમાં આમ નિયાઝ જમાડવામાં આવી.

## નડિયાદ તાલુકાના નરસંડામાં જશ્ને આમદે રસૂલ અને સમૂહ લગ્નનું આયોજન

નડિયાદ તાલુકાના નરસંડા ગામમાં તા. ૨૧–૯–૨૦૨૫ના રોજ આશિકે રસૂલ યંગ કમિટી દ્વારા જશ્ને આમદે રસૂલ અને સમૂહ લગ્નનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ છેલ્લા ૨૦ વર્ષથી નરસંડાના આગેવાન અને ખલીફએ હુઝૂર શૈખુલ ઈસ્લામ વ ખલીફએ મુફતીએ ગુજરાત વહોરા અબ્દુલકૈયુમ અબ્દુલરહેમાન દ્વારા આયોજીત કરવામાં આવે છે. આ વર્ષે પણ તેમના નેતૃત્વ હેઠળ આ ધાર્મિક કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

કાર્યક્રમમાં ૧૫ લાખથી વધુની સંખ્યામાં કુર્આન શરીફ અને ૨ અબજ ઉપરની સંખ્યામાં દુરૂદ શરીફ અનેક વિર્દો વઝાઈફ મર્હૂમોને બક્ષવામાં આવ્યા હતા. આ પવિત્ર કાર્યક્રમમાં અનેક મહાનુભાવોએ હાજરી આપી અને તકદીર કરી હતી. સભારંભના અધ્યક્ષ સ્થાને સૈયદ મદનીબાવા દરિયાઈ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ખલીફા તાજુશ્શરીઆ હઝરત મુફતી અશરફ રઝા (રતનપુર), સૈયદ અમીનુલ કાદરી (ઉમરેઠ), મૌલાના ઈદરીસખાન અશરફી (બાલાસિનોર), હાફિઝો કારી હબીબુલ્લાહ (વસો), હઝરત સૈયદ કમરૂદ્દીનબાવા, મેહમૂદ અલી બાવા (દરિયાઈ).....વગેરેએ હાજર રહી બયાનો કર્યા હતાં. આ કાર્યક્રમમાં ગામના વિવિધ આગેવાનો તેમજ સમાજ સેવા આપનાર ૯૦ જેટલા લોકોનું સન્માન પત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં છ યુગલો નિકાહના બંધનમાં બંધાયા હતા.

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

❒ **પીપલીયા :** ખાતે શબ્બીરભાઈ આદમ ડેલાવાલાનો તા. ૫–૧૦–૨૦૨૫, રવિવાર, ૧૨–રબીઉલ આખર હિ.સ. ૧૪૪૭ના રોજ ઈન્તેકાલ થયો છે. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે. (આમીન)*

*–(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*